રાહનુમાએ માજદયસ્નાન.

જરથોશ્તી ધર્મનીતિ.

અંક ત્રીજો.

બનાવનાર,

એરવદ શેહરીઆરજી દાદાભાઈ ભરૂચા.

અપવ પનત્ દ્રતેમ્.

અર્થ.

(અંતે) અશો જોહાને શીકસ્ત આપશે.

રાહનુમાએ માજદયસ્નાન સભાની કારોબાર મંડળીએ મરહુમ શેઠ ફરામજી એદલજી કોલાપુરવાલાએ કીધેલી રૂપીઆ દસ હજારની સખાવતનાં વ્યાજમાંથી જરથોશ્તી બાલકોને ધર્મ તથા નીતિની કેળવણી આપવા સારૂ છપાવી પ્રગટ કીધીછે.

મુંબઈ,

દફતર આશકારા છાપખાનાંમધે
એદલજી માણેકજી વાચ્છાએ છાપ્યું છે.
કોટ:—કાવસજી પટેલ સ્ટ્રીટ, નં૰ ૮૭.

સને ૧૨૫૯ યજદજરદી.
સને ૧૮૯૦ ઈસવી.

કીમત ૪ આના.

૪૪૧૯

રાહનુમાએ માજદયસ્નાન.

જરથોશ્તી ધર્મનીતિ.

અંક ત્રીજો.

બનાવનાર,

એરવદ શેહરીઆરજી દાદાભાઈ ભરૂચા.

[illegible]

અષવ વનત્ દ્રવંતમ્.

અર્થ.

(અંતે) અશો ખોટાને શીકસ્ત આપશે.

રાહનુમાએ માજદયસ્નાન સભાની કારોબાર મંડળીએ મરહુમ શેઠ કરાંમજી એદલજી કોલાપુરવાલાએ કીધેલી રૂપીઆ દસ હજારની સખાવતનાં વ્યાજમાંથી જરથોશ્તી બાલકોને ધર્મ તથા નીતિની કેલવણી આપવા સારૂ છપાવી પ્રગટ કીધોછે.

મુંબઈ,

દફતર આશકારા છાપાખાનાં મધે
એદલજી માણેકજી વાચ્છાએ છાપ્યું છે.
કોટ:—કાવસજી પટેલ સ્ટ્રીટ, ના૦ ૮૭.

સને ૧૨૫૯ યઝદજરદી.
સને ૧૮૯૦ ઈસવી.

કીમત ૪ આના.

જરથોસ્તી ધર્મનીતિ.

અંક ત્રીજો.

સાંકળિયું.

પાઠ.		અંક.
૧	અહુરમઝદનું ભજન	૧
૨	શકમંદી ભરેલા માર્ગથી દૂર રહેવું........	૩
૩	તમામ ગુનાહથી પરહેજ રહેવું	૭
૪	નેક દોસ્ત અને બદ દોસ્ત	૧૨
૫	દોસ્તીની મુસ્કેલ કરજો	૧૭
૬	ખરી મિત્રાઇનો ભોગ................	૨૧
૭	ખોટી હુજત કરવી નહીં	૨૨
૮	સાચાપણું અને દગાબાજી..............	૨૭
૯	સંતાપ કેમ અને ક્યારે રાખવો?	૩૧
૧૦	એહસાન વીસરવું નહીં	૩૫
૧૧	અવસ્તામાંના ચાર ફઝીલતદાર પેશા	૩૭
૧૨	હરએક પેશાની આબરૂ અને એબ........	૪૨
૧૩	આપમદદ ઇનસાનને આપઅખતીઆર કરેછે..	૪૬
૧૪	આપ બળે વધેલાં ઇનસાનો	૪૯
૧૫	બુજરગ ઉમરને માન આપવું............	૫૪
૧૬	વેર રાખવું નહીં	૫૮
૧૭	કસરત તનદુરસ્તીનું એક સાધન છે........	૬૩
૧૮	અશો જરથોસ્તને લગતી ટુંક નોંધો અને તેની દીન શીખવા તથા પાળવાની અગત્ય—ભાગ ૧ લો.	૬૭
૧૯	અશો જરથોસ્તને લગતી ટુંક નોંધો અને તેની દીન શીખવા તથા પાળવાની અગત્ય—ભાગ ૨ જો.	૭૧

પાઠ. સફે.

૨૦ જરથોસ્તી દીનના મુખ્ય કલામો.......... ૭૬
૨૧ સારા સ્વભાવની ખુબીઓ ૭૯
૨૨ કરણીના બદલા ઉપરથી ચેતવણી ૮૨
૨૩ કજીઓ ભાંજી સુલેહ કરવાની ખુબી ૮૭
૨૪ દાનાઓની દોસ્તી અને સલાહ ૯૦
૨૫ શોકીન જુવાન અને તોછડાઈ.......... ૯૪
૨૬ જુગારની બદી.................... ૯૮
૨૭ લાલચને તાબે થવું નહી.............. ૧૦૧
૨૮ કેફના અવગુણો.................... ૧૦૬
૨૯ તન રૂપી મેહલમાં રવાન રૂપી પાદશાહ...... ૧૧૧
૩૦ તારી જીનદગી ફક્ત તારે માટે નથી ૧૧૪
૩૧ ખુશામદની બદી ૧૧૫
૩૨ ખુદા બુરાંનો મદદગાર નહી............ ૧૨૦
૩૩ અથોરનાન તરફ કેવી રીતે વર્તવું?........ ૧૨૪
૩૪ સંપ અને કુસંપ ૧૨૯
૩૫ પાદશાહ તરફ વફાદારી ૧૩૪
૩૬ પાપી, તું ખુદાને તાબે થા ૧૩૮
૩૭ કુવત રાખવું—પણ તેનો ભલો ઉપયોગ કરવો.. ૧૩૯
૩૮ દયા ૧૪૪
૩૯ બુરાં ઉપર દયા કરવી તે બુરાઈમાં શામેલ થવા બરાબર છે ૧૪૮
૪૦ મીજાજપર કાબુ રાખવો.............. ૧૫૨
૪૧ તાજીમ નવાજી.................... ૧૫૫
૪૨ આગલા જમાનાની જરથોસ્તી દાનાઈનાં ગોહરો. ૧૫૮
૪૩ મુનાજાત........................ ૧૬૧

રાહનુમાએ માજદયસ્નાન.

જરથોશ્તી ધર્મનીતિ.

અંક ૩ જો.

પાઠ ૧ લો.

અહુરમઝદનું ભજન.

[illegible]

[illegible]

દાતા-વઙ્હેન્ અહુર મઝ્દ !

અઝેમ્ થ્વા યસ્ન યઝાને.[1]

અર્થ.

"નેક ચીજોના બનાવનાર **અહુરમઝદ** !
હું **તુંનેજ** આરાધનાએ **આરાધિશ.**"

ગઝલ.

(મીઝાન—ફાએલાતન્ ફાએલાતન્ ફાએલાતન્ ફાએલન્).

દાદ્ગર્ દાદાર્[2] અહુરમઝદ્[3] ! સર્જનારો તું ખુદા—
દેહ બક્ષી, જીવ બક્ષી[4], પાલનારો[5] તું ખુદા.

---

૧ વીસ્તાસ્પ યુરક ક૦ ૨૦. ૨ હોરમઝદ યશત ક૦ ૧૨.
૩ હોરમઝદ યશત. ક૦ ૧૨. ૪ હોરમઝદ યશત ક૦ ૧.
૫ હોરમઝદ યશત ક૦ ૧૨.

સર્વવ્યાપી[૧], સર્વજ્ઞાની[૨], સર્વરક્ષક[૩] બાપ તૂં—
પાક[૪] મંનોતુમ્[૫] અશોતુમ્[૬] બક્ષનારો તું ખુદા.
કારણોનું મૂલ કારણ, સૃષ્ટિનો આધાર તૂં—
અંતકાલે[૭] દુઃખથી છે તારનારો તું ખુદા.
ગુપ્તને જાહેર કરે, જાહેરને પાછું ગુપ્ત તૂં—
કુલ જગત છે ખેલ તારો, ખેલનારો તું ખુદા.
મોહટાંથી મોહટો, બારીકથી બારીક તૂં—
સૃષ્ટિ નહી પણ સૃષ્ટિમાં હાજર થનારો તું ખુદા.
શક્તિ બેહદ, જ્ઞાન બેહદ, તુજ કરામત બેમિસાલ—
ગાઇએ ઉત્તમ સિફત, તેથીબી ન્યારો તું ખુદા.
રાખ કે ના રાખ તોબી તુજ શરણ નવ છોડિયે—
સર્જનારો, રાખનારો, પૂછનારો તું ખુદા.
દાઝ ખલકતની ધરીને દિલ, કરેછે તું ભલું—
કર તને સારૂં ગમે જે, જાણનારો તું[૮] ખુદા.
તુજ વિના હરગેજ પરસ્તેશ કોઇની કરશું નહી—
મઝદયસ્નાનો અમે—ગમખાર અમારો તું ખુદા.

---

૧ હોરમઝદ યશત ક૦ ૮.
૨ હોરમઝદ યશત ક૦ ૧૫.
૩ હોરમઝદ યશત ક૦ ૧૨.
૪ હોરમઝદ યશત ક૦ ૧૨.
૫ યજશને હા ૪ ક૦ ૭ (ઘણોજ ગેબી).
૬ હોરમઝદ યશત ક૦ ૧૨ (ઘણોજ અશો).
૭ દુવા નામ સેતાયશને.
૮ હોરમઝદ યશત ક૦ ૮.

પાંઠ ૨ં જો.

શકમંદી ભરેલા માર્ગથી દૂર રહેવું.

[illegible] ....

[illegible]

મા એવીદ્વાઓ અઇપી-દેબાવયત.[૧]

અર્થ.

"નહી જાણનારે ભૂલાવો ખવાડવો **નહી."**

ઉપલી ગાથાવાણીમાં અશો જરથોશત ફરમાવેછે કે જે કોઇ જે બાબત નહી જાણતું હોય તેણે તે જાણતું હોએ તેમ કહીને ભૂલાવો ખવાડવાથી પરહેજ રહેવું. હવે જો જે બોલવાનાં ખરાપણાં વિષે શક હોએ તેને બચિંતાઇથી બોલવું ખોટું છે તો જે કરવાનાં વાજબીપણાં વિષે શક હોએ તેને બેલાશક કરવું અથવા કરાવવુંબી ખોટું છે. માટે કોઇબી કામ કરવા અગાઉ જો તેનાં વાજબીપણાં અથવા ગેરવાજબીપણાં વિષે આપણાં મનમાં શક હોએ તો તે કરવાથી દૂર રહેવું. "શાયસ્ત-નાશાયસ્ત" નામની આપણી એક પેહલવી કેતાબમાં કહ્યુંછે કે "જો કોઇ કામ અથવા ચુકાદો આપવાનું આવી પડે, અને નહી જાણીએ કે (તેમાં) ગુનાહ છે કે સવાબ, અને જો કે તે (કરવાની) શક્તિ (હોએ), (તોપણ) તે રેહવા દેવું અને નહી કરવું."[૨]

ખરૂં છે કે કોઇવાર ખોટા શકને લીધે કોઇ સારાં કામમાં ઢીલ થાયછે અથવા તે થતું નથી. તોપણ ઘણું કરીને સંદેહ

---

૧ પજશને હા ૩૧ ફ૦ ૧૭.

૨ શાયસ્ત-લાશાયસ્ત બાબ ૧૦ ફ૦ ૨૫.

ભરેલો માર્ગ નહી પકડવાથી કદાચજ નુકસાન થાયછે. પણ એક કામ ખરાબ હોવાની શકમંદી છતાં તે કરવાથી અંતે માઠું ફળ તો ઘણીવાર મલેછે. માટે એક ખોટું કામ કરવાનો ગુનાહ લાગે તે કરતાં એક સારૂં કામ ઢીલમાં પડે અથવા કદાચ નહીબી થાએ તેનો વતવતો ભલો.

શકમંદી ભરેલા માર્ગથી દૂર રહેતાં એક બારગી ફાએદો હાથથી જાએ બલકે નુકસાનબી થાએ તોપણ પસ્તાવો થોડો લાગે. કેમકે આપણાં દીલને આટલો દીલાસો તો રહે કે આપણે અંતઃકરણની સૂચના પ્રમાણે અમલ કીધો હતો. અને અંતઃકરણની સૂચના વિષે યાદ રાખવું કે ઘણું કરીને તો તે ખરી અને ફાયદેમંદજ હોયછે. જોકે કોઈ વખતે તેની સૂચના પાછળથી માત્ર ખોટા વસવસો અથવા વેહમ ઠરેછે તોપણ અંતઃકરણ એક એવો ભરોસો રાખવા જોગ ખામીઓ છે કે જે બાબતમાં આપણને તે શકનો અંદેશો ઉઠાડેછે તે બાબત ઘણું કરીને તો વાંધા ભરેલીજ હોયછે. માટે અંતઃકરણની ચેતવણીને બેવજન ગણવી નહી.

કોઈના અપરાધ વિષે જ્યાં લગી શક હોય ત્યાં લગી તેને અપરાધી ગણવું નહી. એમ કરવાથી અંતે આપણને પસ્તાવો થશે નહી. જો તે સેવટ બેગુનાહ ઠરશે તો આપણે તેને ખોટી રીતે ગુનેહગાર ગણીને સામાં ગુનેહગાર થવાથી બચીશું, અને જો તે ગુનેહગાર ઠરશે તોબી આપણે તેને નિર્દોષ ગણવાથી માત્ર ઘટતી સજા ઢીલમાં રાખવાથી વધારે કાંઈ કરીશું નહી. એક જણ અપરાધી ઠરવા પછી તેને જે શિક્ષા ઘટતી હશે તે તો થશેજ. પણ એક ખરા અપરાધીને સજા થવામાં ઢીલ થાય તે જેટલું પરવડે તેટલું એક નિર્દોષને ખોટી સજા થાય તે નહી પરવડે.

કોઇની દોસ્તી અથવા સંગતથી તુરત અથવા મોડેથી કાંઇ ફાયદો થઇ શકતો હોય, પણ જો પાછલથી અંતે તેથી નુકસાન થવાનો શક હોય તો તે દોસ્તી અથવા સંગત નહી કરવામાં શોભા અને સલામતી છે. કોઇ ધંધા અથવા વેપારમાં દેખાઇતો લાભ થતો હોય પણ જો તેનાં વાજબી-પણાં વિષે શક હોય તો તે લાભ જતો મેળવાથી આંટ અને આબરૂ વધેછે.

ઇ૦ સ૦ ૧૮૬૫ માં મુંબઇ શેહરમાં શેર સટાનો પવન ફેલાયો હતો. તે વખતે ઘણાંએક અદના તેમજ આલા લોકો પરિણામે લાભ હોવાનો શક હોવા છતાં તેમાં ઝીપલાવી પડયાં હતાં. અંતે તેઓએ પોતાને ઘણાં નુકસાનમાં, અને કેટલાંએકોએ તો સઘલું ખોઇને ભીખારી હાલતમાં આવી ગયલાં જોયાં. પણ જે થોડાં લોકો શ્યાનપણ વાપરીને તે શકમંદી ભરેલા માર્ગથી પરહેજ રહયાં તેઓ તે પાયમાલીથી બચી શકયાં. એજ પ્રમાણે બીજાં દેશોમાંબી બનવાના કેટલાએક દાખલા તવારીખોમાં નોધાએલા છે.

હિતોપદેશની દ્રષ્ટાંતિક વાર્તાઓમાં કહ્યું છે કે એક વાઘ-રીએ પક્ષીઓને પકડવા માટે જંગલમાં જાલ પાંથરીને તેમાં દાણા વિખરાતા નાખ્યા હતા. એવું બન્યું કે આકાશમાં ઉડતું કબુતરોનું એક ટોળું ત્યાં આવી લાગ્યું. તે ટોળાંમાં એક કબુતર જે ડાહ્યું અને અનુભવી હતું તેણે પોતાના સાથીઓને કહ્યું કે આ બયાબાનમાં આદમીની વસ્તી નથી તો જમીનપર વીખરાયલા જે અનાજના દાણા દેખાયછે તે અહીઆં કેમ આવ્યા ? મને શક જાયછે કે જ્યાં છે ત્યાં એમાં કાંઇ દગો છે. માટે આપણે એ દાણા ખાવા ઉતરવું નહી. આ સાવધ ભાઇબંધની ચેતવણી એક હુલડ અને અવિચારી કબુતરને પસંદ પડી નહી. તે બોલ્યું

કે હરએક બાબતમાં શક પડે તેથી જો આપણે અટકયા કરીએ તો આપણથી કાંઇબી કામ થાય નહી. એમ કહીને પોતે એકદમ દાણા ખાવા ઉતર્યું તેની પુઠે બીજાં કેટલાંએક કબુતરોબી ઉતર્યાં. તેઓ સઘળાં જાળમાં સપડાઇ ગયાં. શકમંદી ભરેલા માર્ગથી દૂર નહી રહેવાનું પરિણામ આવું અફસોસકારક આવ્યું.

દોહરા.

દિલમાં શક છે જે વિષે, કદી ન કરવું કામ—
સંદેહ દૂર થવા પછી, કરવા ધરવી હામ.

અંધ ચાલતાં લાકડી, પ્રથમ ટેકવી જોય—
ખાડો કીચલ ખબોચીઉં, રખે સામણે હોય.

જાણે માર્ગ સપાટ તો, ઝટ ઉઠાવે પાગ—
નહી તો ત્યાં અટકી રહી, શોધે બીજી જાગ.

અંધતણો લઇ દાખલો, શ્યાનાં સજ્જન જે—
સંદેહ ભર્યા માર્ગથી, સાવધ રહેછે તે.

જગમાં મૂર્ખાં જે ઘણાં, શકમંદ રસ્તે જાય—
ખુલ્લી આંખે જઇ કરી, કુવે પડી પસ્તાય.

સવાલો.—શકમંદી ભરેલા માર્ગથી દૂર રહેવા વિષે અવસ્તા કલામ અર્થ સહીત કહો. એ ઊપરથી મળતો ટકો સમજાવો. એજ બાબત શાયસ્ત-લાશાયસ્ત નામની પેહલવી ચોપડીમાં શું કહયુંછે? ખોટા શકને લીધે કોઇ કામ ઢીલમાં પડે અથવા નહી થાય તેનું કેમ? શકમંદી ભરેલા માર્ગથી દૂર રહેતાં ફાયદો હાથથી જાય તેનું કેમ? અંતઃકરણની સુચના કેટલીએક વખતે પાછલથી ખોટો વસવસો અથવા વેહમ ઠરેછે તેનું કેમ? કોઇને વગર તપાસ્યે અપરાધી ગણવું

કે નહી ? નહી ગણવાથી શું થશે ? કોઇની દોસ્તી અથવા સંગતમાં કે કોઇ ધંધા અથવા વેપારમાં લાભ છતાં અંતે નુકસાનનો સંદેહ હોય તો શું કરવું ? શકમંદી ભરેલા માર્ગથી દૂર નહી રહેવાથી થએલા ગેરફાયદાના દાખલા આપો. એ વિષેની કવિતા બોલીને સમજાવો.

પાઠ ૩ જો.

તમામ ગુનાહથી પરહેજ રહેવું.

𐬞𐬀𐬌𐬙𐬌𐬭𐬌𐬗𐬌𐬌𐬁 𐬛𐬀𐬌𐬚𐬈 𐬬𐬍𐬯𐬞𐬁 𐬛𐬎𐬲𐬨𐬀𐬙𐬁𐬗𐬀 𐬛𐬎𐬲𐬎𐬑𐬙𐬁𐬗𐬀 𐬛𐬎𐬲-

𐬬𐬀𐬭𐬱𐬙𐬁𐬗𐬀.

𐬀𐬰 𐬁𐬥𐬉 𐬐𐬀𐬵𐬌𐬯𐬙 𐬬𐬀𐬥𐬁𐬵 ...... 𐬀𐬰 𐬁𐬥𐬉 𐬨𐬀𐬵𐬌𐬯𐬙

𐬬𐬀𐬥𐬁𐬵 ..... 𐬞𐬀 𐬞𐬀𐬙𐬉𐬙 𐬵𐬋𐬨

𐬔𐬎𐬥𐬁𐬵 𐬀𐬰 𐬔𐬎𐬥𐬁𐬵 ...... 𐬞𐬀 𐬞𐬀𐬙𐬉𐬙 𐬵𐬋𐬨

𐬥𐬀𐬣 𐬭𐬁 𐬔𐬎𐬥𐬁𐬵 𐬨𐬀 𐬐𐬎𐬥

પઇતિરિચ્યા દઇથે વીસ્પા દુઝ્મતાચા દુઝૂખ્તાચા દુઝ્વર્શ્તાચા.[૧]

અઝ્ આને કહિસ્ત્ વનાહ્...... અઝ્ આને મહિસ્ત્ વનાહ્...... પ પતેત્ હોમ્.[૨]

ગુનાહ્ અઝ્ ગુનાહ્...... પ પતેત્ હોમ્.[૩]

નંગ્ રા ગુનાહ્ મ કુન્.[૪]

---

૧ યજશને ૧૧ કં૦ ૧૭.   ૨ પતેત ઇરાની.

૩ પતેત પશેમાની કરદો ૩ જો.   ૪ લગનના આશીરવાદ.

અર્થ:

"**છોડી દઊં તમામ બદ** વિચારોને, **બદ** વચનોને અને **બદ** કામોને."

"**નાહનામાં નાહના ગુનાહથી** . . . . . **તે મહોટામાં મહોટા ગુનાહ** (લગી) **નો** પસ્તાવો કરી **પાછો ફરૂં છું.**"

"**એક ગુનાહથી** ઉત્પન્ન થયલા **બીજા ગુનાહનો** પસ્તાવો કરી **પાછો ફરૂં છું.**"

"શરમને લીધે **ગુનાહ મા કર.**"

માણસથી અનેક ગુનાહો થાયછે. જેઓમાં કેટલાએક થોડા નુકશાનકારક અને કેટલાએક ઘણા નુકશાનકારક હોયછે. એ ઉપરથી જરથોશતી કેતાબોમાં તેઓને બે મુખ્ય વર્ગોમાં વેંહચ્યાછે. થોડાં નુકશાનવાળાને પાઝંદમાં "ગુનાહે ખુર્દ" યાને નાહનો ગુનાહ, અને ઘણાં નુકશાનવાળાને "ગુનાહે ગેરાન" યાને ભારી ગુનાહ કહેછે. મથાલે ટાંકેલા અવસ્તા-ના તથા પતેતના કલામો શું મહોટા કે શું નહાના **તમામ ગુનાહો** છોડી દેવા શીખવેછે. અને તે તદન ખરૂં છે કેમકે ગુનાહ નહાનો હોય તેથી શું તે કરવો જોઇએ? ના. કોઇબી માણસે એક નહાનામાં નહાનો વઢીક ગુનાહ નહી કરવો જોઇએ.

કેટલીએક વખતે એક ગુનાહ ઢાંકવા જતાં બીજો કરાયછે. કેટલીએક વખતે એક ગુનાહમાં ફતેહ મળવાથી બીજો કરવાની હીમ્મત થાયછે. કેટલીએક વખતે લોકમાં શરમ લાગવાના ડરને લીવે ગુનાહ થાયછે. કેટલીએક વખતે કોઈ બાબતમાં ચકુનમ પડી જવાથી ગુનાહ કરાયછે અથવા ચાલુ રખાયછે. એ વગેરે બીજાં કેટલાંએક કારણોથી નહાના

મ્હોટા ગુનાહો ઉત્પન્ન થાયછે અને ચાલુ રખાયછે. પણ કોઇબી પ્રસંગે ગુનાહ કરવા તરફ દીલ ખેંચાય ત્યારે જરૂર ચોકિસાં થઇને એક નહાનો ગુનાહબી નહી કરવો જોઇએ. ગુનાહ નાહનો અને નજીવો છે તેથી તે કરવાની અથવા ચાલુ રાખવાની કાંઇ ચિંતા નથી એમ સમજવું નહી. એક જણ ગમે એવો નાહનો ગુનાહ એકથી વધારે વાર ફરી ફરીથી કરેછે તો તે નાહનો છતાં ન્યાયાધિશ તેને મ્હોટી સજા કરેછે. એજ પ્રમાણે આપણા વંદીદાદમાં એક ઘણો નહાનો વટીક ગુનાહ જો એક જણ છોડી નહી દીએ અને જો ફરી ફરીથી આઠ વાર કરે તો તેને એક મ્હોટા ગુનાહની બરાબરની તાજેશ ફરમાવી છે.[૧]

નાહના વટીક ગુનાહની ખરાબીથી બેદરકાર રહેવું નહી જોઇએ. કેમકે ઘણી વખતે નાહના ગુનાહપરથી મ્હોટા ગુનાહો થાયછે. ગુનાહ એ ચીજ થુવરના કાંટાની મીસાલે છે. કોઇબી રીતે તેની જરાબી જડ આપણાં મનમાં બેસવા દઇશું તો વખત જતાં તેના અનેક બીજા ફુટીને ગુનાહોનું એક ગીચ જંગલ આપણી અંદર બની જશે. એક માણસે નાહાનપણમાં કે મ્હોટપણમાં ગમે તેવોબી નાહનો ગુનાહ કીધો કે બીજીવાર જ્યારે તે કરવાની લાલચ થાયછે ત્યારે તે તેને જલદીથી તાબે થઇ શકેછે. પછી ધીમે ધીમે છાતી ધાડી થઇને તે નાહનાપરથી મ્હોટા ગુનાહો કરવા લાગેછે. પ્રથમ નાહની ચોરી નહી પકડાવાથી એક પછી એક મોહટી ચોરીઓ કરવાપર હીમ્મત ચાલેછે. પછી અંતે આબરૂની ખુઆરી અને ભારી સજા મળેછે. જેમ જુગાર, છાકટપણું, વગેરે ખરાબ વ્યસનો શરૂમાં સેહજ અને નજીવાં જણાયછે પણ આગલ જતાં વધી પડેછે, તેમજ ચોરી, ઠગાઇ, વિશ્વાસ-

---

૧ વંદીદાદ ૪ ફ૦ ૧૮—૨૦.

ઘાત વગેરે ગુનાહોની પ્રથમ નહાનાં પ્રમાણમાં કરતાં કરતાં આગલ જતાં મ્હોટા પાયા ઉપર કરવાની ટેવ પડેછે. માટે નહાનામાં નહાનો ગુનાહબી કરવો નહી અથવા તેને નજીવો ગણીને બેદરકારી રાખવી નહી. જેમ જાતજાતના રોગો એક બીજામાંથી પેદા થઇને તનને ખરાબ કરેછે તેમજ જાતજાતના ગુનાહો એકબીજાથી ઉત્પન્ન થઇને આત્માને ખરાબ કરેછે. માટે જેમ તનને જરાબી રોગ નહી થાય તેની સંભાળ રાખીએ તેમ આત્માથી જરાબી ગુનાહ નહી થાય તેની ચોંપ રાખવી.

"એક છોકરાનો બાપ તેને ઘણો નહાનો મુકીને મરી ગયો. બાળપણમાં તેને એક દહાડે એક બંધ કીધેલી દુકાનના ઓટલા ઉપરથી એક પાઈ જડી. તે ત્યાંથી લઇને ખુશી થતો તેની મા પાસે દોડયો. તેની માએ તે રાખી. પણ તેજ વખતે તેણીએ તેને શિખામણ નહી દીધી કે પારકી ચીજ નજીવીબી હોય તોપણ તે લેવામાં ગુનાહ છે. થોડા દહાડા પછી કોઇ જગાએથી તેને એક રૂપીઓ જડયો તેબી લાવીને તેની માને આપ્યો. તે જોઇને તે મૂર્ખ માતા બોલી ઉઠી કે મારો દીકરો બહુ નસીબવાન છે કે એને વારેઘડીએ લક્ષ્મી જડેછે. આ સખુનોએ તેને આડે રસ્તે જવાને ઉસ્કેર્યો. તે ધીમે ધીમે બીજાંઓનું ચોરી લાવીને પોતાને પાયલું કહીને માને આપવા લાગો. પણ તે મૂર્ખ માતાએ વિચારયું નહી કે રખેને મારો છોકરો ચોરી કરવા લાગો હોય. ટુકાંમાં પેલા છોકરાએ બહુ આગળ પગળાં ભરવા માંડયાં. અંતે જ્યારે તેની ચોરીઓ અને બીજાં ખોટાં આચરણો દીનપર દીન વધારે જણાવા લાગાં ત્યારે પેલી માતાની આંખો ઉઘડી. તેણીએ ગભરાઇને તેને સુધારવાને ઘણીબી કોશેશ કીધી પણ વ્યર્થ. તે છોકરો મોહટો થયા

પછી અતિશય વધી ગયો. તે ચોરીપરથી લુટ અને ખુનના મોહટા ગુનાહો કરવા લાગો. પછી રાહમારૂઓની ટોળીઓ સાથે મળીને એક મોહટો વાટપાડો થઈ પડયો. અંતે જ્યારે તે સરકારના હાથમાં સપડાયો ત્યારે તેને ફાંસીએ ચહડાવવાનો હુકમ થયો. ફાંસી ચહડતી વખતે તેણે સેંહકડો માણસોની ઠઠ આગળ પોતાની માને પાસે બોલાવીને તેણીનાં મોહડાંને બચકું ભર્યું અને બાપોકાર લોકોને જણાવ્યું કે બચપણમાં જ્યારે મેં પેહલવેહલો એક પાઇની ચોરીનો ગુનાહ કીધો તે વખતે જો આ મૂર્ખ માતાએ મને તે વિષે સમજ પાડીને ગમે તેવા નહાના ગુનાહથીબી પરહેજ રહેવાની ટેવ પાડી હતે તો તે પરથી વધીને ધીમે ધીમે હું જે મહોટા ગુનાહો કરવા લાગો તે નહી કરતે અને આજે મારી સાત પેહડીને એબ લાગે તેવી નામોશી ભરેલી સજા હું પામ્યોછું તે નહી પામતે."

બએતો.

ગુનાહ સાંપ છે, યા છે આતશની ઝાલ—
ગુનાહ જેહર છે, યા છે કાંટાની ડાલ.
સપોલ્યું ઘડીનું બી ઝટ ઠાર કર—
નહીતો બની નાગ ડંખે જીગર.
અગર હોયે ચીનગારી આતશની એક—
વધી રફતે રફતે થશે ભડકું છેક.
જશે જેહર રજ રજ બદનમાં કબી—
ખતમ જીંદગી કરશે જલદી બધી.
ન કાંટાની ઝાડીની કર આશનાઇ—
કે રોશન ચશમ ફુટી, જોશે સીહાઇ.
ઘણી એવી તમસીલે, સમજો ગુનાહ—
ગુનાહથી ખુદા રાખો સહુને પનાહ!

જીઆંગાર બદકાર દુશ્મન સમાન—
ગુનાહને ગણો બેશકો બેગુમાન.
ગુનાહથી સદા દૂર રહેવું ભલું—
ગુનાહમાં ફસે દેખતું આંધલું.

સવાલો.—ગુનાહથી પરહેજ રહેવા વિષે, અવસ્તા, પેતેત અને આશીરવાદના કલામો અર્થ સાથે કહો. જરથોશતી કિતાબોમાં ગુનાહોને બે મુખ્ય વર્ગોમાં કેમ વેંહચ્યા છે? એક નાહનો ગુનાહ કરવાની શી ચિંતા છે? કયાં કારણોથી એક ગુનાહથી બીજો ગુનાહ ઊત્પન્ન થાયછે અથવા ચાલુ રખાયછે? એકજ નહાનો ગુનાહ ફરી ફરીથી કરાય તો તે વિષે વંદીદાદમાં શું કહયું છે? ગુનાહને કઇ મીસાલોથી સમજો છો? એ વિષેનો એક દાખલો આપો. એ વિષેની કવિતા બોલીને સમજાવો.

પાઠ ૪ થો.

નેક દોસ્ત અને બદ દોસ્ત.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ઝરથુસ્ત્રા કસ્તે અષવા ઉર્વથો? ....
અત્ વ્હો કવા વીશ્તાસ્પો.[1]
પઇતિષ્તાતેએ હષિદવહે દ્રવંતો[2] ....

---

૧ યજશને ૪૬. ક૦ ૧૪. ૨ ફરવરદીન યશ્ત, ક૦ ૧૩૭.

અર્થ.

"એ જરથોશત! તારો **નેક દોસ્ત** કોણ? . . . . . તે કએ ગુસ્તાસ્પ (છે)."

"**દોસ્ત રૂપે ઠગનાર બુરાની** સામણે થવા માટે (હું મદદ માગું છું.)"

મથાલે ટાંકેલું પેહલું વચન ગાથા વાણીનું છે. તે પરથી અનુમાન નીકલેછે કે દોસ્તો નેક તેમજ બદબી હોયછે. અને અશો જરથોશતને તે વિષે અનુભવ મલવા પછી તે સાહેબે કએ ગુશતાસ્પને એક નેક દોસ્ત કરી ગણ્યો હતો. બીજું વાક્ય અવસ્તાનું છે. તેમાંનો ઈશારો મિત્રને ઠગનાર વિષે છે. આ મોતેબર કલામો ઉપરથી આપણે ચેતવણી લેવી જોઇએ કે દુનીઆમાં દોસ્ત કહેવાતાં ઈનિસાનો કાંઈ બધાંજ એ ઈલિકાબને જેબ આપનારાં હોતાં નથી. કેટલાએક દોસ્તો વફાદાર રેહેછે તેમ કેટલાએક દગાબાજબી નીકલેછે. કેટલાંએકો સ્વાર્થ વગર ખાલેસ મોહબતને લીધે, તો કેટલાંએકો ગરજ અથવા મતલબને લીધે દોસ્ત થઈ રેહેછે. કેટલાંએકોની દોસ્તી દીલને તલીએની અને કેટલાંએકોની માત્ર હોઠ ઉપરની હોયછે. જુબાની દોસ્ત અને નાની દોસ્ત ઘણાં મળી આવેછે—પણ જાની દોસ્તો તો થોડાંજ હોયછે. જાહેરમાં દોસ્ત ગણાતાંઓમાં જ્યારે ઘણાંએક મતલબી, ખુશામદીઆં, કપટી, અને બેવફા નીવડેછે ત્યારે કોઈ એકજ દોસ્તીનાં પવિત્ર નામને જેબ આપનારૂં સાબેત થાયછે. વળી કેટલાંએકોની દોસ્તીથી ગુણ અને કેટલાંએકોની દોસ્તીથી અવગુણ થાયછે. કોઈ દોસ્ત નીતિની રાહે ચલાવનાર તો કોઈ અનીતિનાં કીચલમાં ફસાવનાર હોયછે. ભલાં

પ્રમાણિકની દોસ્તીથી રૂડી અસર થાયછે, પણ કુકર્મીની સંગતથી કડવાં ફળ મલેછે. માટે અશો જરથોશતની મીસાલે વફાદાર, સદગુણી, અક્કલવંત, નીતિવાન, અને ખાલેસ દીલના દોસ્તો ચુંટી કહાડવા અને વેશધારી, દુર્ગુણી, મૂર્ખ, અનીતિવાન અથવા મેલાં દીલનાં માણસોની દોસ્તીથી પરહેજ રહેવું.

ખરો અને નેક દોસ્ત પોતાના દોસ્તને દલગીરીથી, દુશ્મનની ધાસ્તીથી, અને સંકટોથી છોડવવાની કોશેશ કરેછે. નેક દોસ્ત સગાંવાહલાંની ગરજ સારેછે. જેથી તેજ ખરો "ભાઇબંધ" એટલે ભાઈ જેવા સંબંધથી જોડાયલો કેહવાય. સ્નેહ શબ્દનો અર્થ જેમ દોસ્તી તેમજ ચોંટી રહેવાનો ગુણખી થાયછે. નેક દોસ્ત સાથે સ્નેહ રાખીને ચોંટી રહેવાથી તેના જેવાં નેક થવાની અસર મેલવવાનો ફાયદો મલેછે. નેક દોસ્ત નેક સલાહ આપેછે, નેક રાહે ચલાવેછે, અને નેકનામી હાસેલ કરાવેછે. તે પોતાના દોસ્તનાં સુખમાં તેમજ તેનાં દુ:ખમાંખી ભાગ લીએછે. તે સુખનોજ સાથી રહીને દુ:ખને દહાડે છોડી જતો નથી. તે તેનાં સુખે સુખી અને દુખે દુ:ખી થાયછે. વફાદાર દોસ્તની મદદ દુશ્મનની સામણે એક મજબુત કીલ્લા કરતાં વધારે પનાહ આપેછે. વફાદાર દોસ્ત દુ:ખી જીવની દવા છે. જેને સદગુણી નિષ્કપટી, અને ભરોસાદાર દોસ્ત મળે તેણે પોતાને ઘણું ભાગ્યવાન જાણવું.

એક જણની આબાદી અને ચહડતીમાં તેની સાથે દોસ્તીની ડીંગ મારે પણ તેની પરેશાની અને પડતી હાલતમાં તેથી વેગલો રહે તે બુરો દોસ્ત જાણવો. મતલબીયા, ફસાવનારા, નાદાન, પાપી રસ્તે લઇ જનારા, બદીના ગારમાં

ઉતારનારા, જુઠા, ખુશામદીઆ, અને ઢોંગી દોસ્તોને બુરા દોસ્તો જાણવા. તેવાઓના સંબંધથી મોડે કે વેહેલે સંતાપ, નુકસાન, બેહોરમતી, નામોસી અને એવાંજ બીજાં માઠાં ફલ મલેછે. બદ દોસ્ત ઝેરી સાંપ કરતાં બેહતર નથી. બદ દોસ્તથી તન, મન, ધન, અને આત્માની ખરાબી સિવાય બીજું કાંઇ થતું નથી. માટે તેવાંઓની દોસ્તી નહી થાય તેની ખુબ ચોકસી રાખવી. ઘડીભર આપણને દોસ્ત નહી હશે તો ચાલશે, પણ જો કોઇ નાલાયકની દોસ્તી કીધી તો તેથી અંતે દુઃખજ મલવાનું. સાચો દોસ્ત આપણી ખામી આપણથી છુપાવશે નહી પણ તેથી આપણને વાકેફ કરશે અને તંગી વખતે મદદ કરવાને ખુશીથી તઇઆર થશે. એથી ઉલટું જુઠો દોસ્ત જ્યાં સુધી ગરજ હશે ત્યાં સુધી ખુશામદ કરશે પણ ગરજ સરી અથવા આપણી ઉપર કાંઈ આવી પડ્યું એટલે જલદીથી વેગલો થશે.

નેક દોસ્તોને લીધે ઉત્તમ ફાયદા મેલવવાના, તથા બદ દોસ્તોને લીધે દુનીઆથી પાયમાલ થવાના, સેંહકડો દાખલા તવારીખોમાં, વાર્તાઓમાં અને આલમનાં લોકોમાં જોવામાં આવેછે. ફરેદુન કાવેઆહંગર જેવા દેશહિતકારી નેક મરદની દોસ્તી પકડવાથી ઇરાનનું તખ્તોતાજ પામ્યો અને કોબાદ મઝદક જેવા અનીતિવાન ઠગારાની સંગતથી તેજ તખ્તોતાજ ખોઇ બેઠો. નોશીરવાને બુઝરચે મેહર વગેરે દાનાવો-ની દોસ્તીથી પાદશાહી ચલાવવામાં એટલીબધી મદદ મેલવી કે અદલ ઇનસાફમાં તેનું નામ અમર રહયું. અકબરશાહ તોડરમલ, અબુલ ફઝલ, વગેરે સદગુણી અને દાનાઈ ભરેલા દોસ્તોની ભલી સલાહથી પાદશાહી કરવાને લીધે નામદારી મુકી ગયો. પણ અફરાસીઆબ કસરેવજ જેવા જુઠા અને લડાવી મારનારાની સંગત રાખવાથી પાકજાત શીઆવક્ષને

જમેહ કરાવીને હમેશની ત્યાનત પામ્યો. જેમ દોલતમંદ અને ખાનદાનીઓ તેમજ ગરીબ અને સાધારણ આદમીઓ નેકની દોસ્તીથી સુખી થવાના અને બદની દોસ્તીથી ખતા ખાવાના સેંહકડો દાખલા તમારી આસપાસ અવલોકન કરશો તો મળી આવશે.

બએતો.

ભલો દોસ્ત જગમાં અમૂલું રતન—
સદા રાખ સંઘરી કરી બહુ જતન.
બુરો દોસ્ત ખોટા રૂપૈયા સમાન—
કસી જો કે ઠરશેજ ત્રાંબું નિશાન.

સવાલો—નેક દોસ્ત અને બદ દોસ્ત વિષેનાં અવસ્તાનાં વાકયો અર્થ સહિત કહો. તેઓની સમજણ આપો. એ ઊપરથી આપણે શું નીતિસાર લેવો? નેક દોસ્તનાં લક્ષણો કહો. બદ દોસ્તનાં લક્ષણો કહો. નેક દોસ્ત તથા બદ દોસ્તના તવારીખી દાખલા આપો. એ વિષેની કવિતા સમજણ સાથે કહો.

પાઠ ૫ મોં.

દોસ્તીની મુશ્કેલ ફરજો.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

......યત્ અસ્તિ હુખ્ધનાંમ્ વહિશ્તેમ્ અંતરે માઓઙ્‌હેમ્ચ હ્વરેચ.[૧]

અત્ ના ક્યાઇ વએદમ્નો ઇસ્વા દઇદીત્
મઇભ્યો મઝ્દા તવા રફેનો......[૨]
મા હષિત્બિષે.[૩]

અર્થ.

“.......જે છે **દોસ્તીઓમાં ઊતમ** (દોસ્તી) માહતાબ અને ખુરશેદ વચે.”

“દાના શકિતવાન મઝદ **દોસ્તને જે આપે** તે,
તારો **દીલાસો** મને (તું આપ), એ મઝદ!..”

“**દોસ્ત આજારને** અમારાં (પાણી) મા (અપાતાં)!”

૧ ખુરશેદ ન્યાયશ ક૦ ૧૫. ૨ યજશને ૪૩ ક૦ ૧૪. ૩ યજશને ૬૫ ક૦ ૭.

ઉપલુ પેહલું વાક્ય અવસ્તાનું છે. તેમાં શાયરી ઢબથી સૂરજ અને ચંદ્રનાં ફરવાના દેખાવનું વર્ણન કીધુંછે. તેમાં એવી કવિતાઈ કલ્પના કીધીછે કે તેઓ જાણે બે એક બીજાના જાની દોસ્તો છે. તેઓ કદી તદન જુદા પડતા નથી. પણ ચોકસ એકસરખી રીતે નિયમિતપણે એક બીજાના સંબંધમાં રહેછે. અને તેથી ગોયા તેઓ વચ્ચે સહુથી ઉત્તમ અને દાખલો લેવા જોગ દોસ્તી છે. હવે જોકે આ માત્ર કવિતાઇ ઢબનું બોલવું છે તોપણ એ ઉપરથી આપણે શીખીએ છઇએ કે ખરી દોસ્તીની ફરજ એ છે કે જો તે કરવી તો કીધા પછી એવી મજબુત રાખવી જોઇએ કે કદી છુટી પડે નહી. ઉપલું બીજું વાક્ય ગાથાનું છે. તેમાંના અશો જરથોસ્તના કલામો ઉપરથી અનુમાન નીકલેછે કે દોસ્તીની એક મુખ્ય ફરજ એ છે કે એક બીજાંને ઘટતે વખતે મદદ અને દીલાસો આપવો. ત્રીજું વાક્ય અવસ્તાનું છે. તેમાંથી દોસ્ત આજારીની બદી જણાયછે. યજશ્નેનનાં આ વાકયમાં દોસ્ત આજારને બીજાં નીચ, બદકારોની સાથે જણાવીને તેઓ-નીજ મીસાલે કદુવા દીધીછે. એ વગેરે અવસ્તામાં દોસ્તીની ફરજો કેવી બુલંદ છે તેમજ કેવી મુશ્કેલ છે તેના બીજાબી કેટલાએક ઇશારા મલેછે.

દોસ્તીનું નાતું બાંધવાની ખાહેશ કુદરતી છે ખરી પણ કોઈ સાથે ઓલખાણ અથવા થોડો કે ઘણો વાતચીતનો વેહેવાર રાખવામાં દોસ્તી થઈ ચુકી એમ સમજવું નહી. દોસ્તીનાં નામ સાથે ઘણા ઉમદા ખવાસો, ઉંચી નેકીઓ, અને પવિત્ર ફરજોના વિચારો જોડાયલાછે તે અમલમાં આવે તોજ ખરી દોસ્તી કેહવાય. માટે જે માણસની દોસ્તી કરવી હોય તેની ખાસીઅત અને ચાલચલકતથી પૂરતાં વાકેફ થવા વગર જેમ દોસ્તી કરી દેવાને ઉતાવલ કરવી નહી તેમજ

પ્રથમ સારીપેઠે અજમાવીને જેની સાથે દોસ્તીનો ગાંઠ બાંધીએ તેની દોસ્તી વફાદારીથી જીંદગીના છેડા લગી નિભાવવીજ જોઇયે. કેટલાંએક આજે એકની તો કાલે તેને છોડીને બીજાંની દોસ્તી પકડેછે. પણ એમ પતંગીઆંની મીસાલે દોસ્તીમાં અસ્થિર રહેવામાં શોભા કે સુખ નથી. જેઓ દોસ્તીની ફરજો સમજીને બજાવે તેઓનેજ તેનાં સુખો અને ફાયદા હાસેલ થાયછે. જેઓ દોસ્તીની શરતો બરાબર બજાવતાં નથી તેઓએ નિશ્ચય જાણવું કે અંતે તેઓને ઘણી આપદા અને દુઃખો ખમવાં પડશે.

દોસ્તોએ પરસ્પર પ્રમાણિકપણું, ભરોસો, અને પ્રીતિથી ચાલવું જોઇએ. કોઇવાર એકની કાંઇ ખામી જણાય તો આદમી ખતાથી ખાલી નથી એમ વિચારીને દરગુજર કરવી જોઇએ. કોઇ કસરેવજી ફરેબ દઇને દોસ્તીમાં ખલલ નાખવાનું ચોકઠું ગોઠવે તો કાચા કાનથી તે એકદમ માનવું નહી જોઇએ પણ સંભાળ અને ચોકસીથી જે ખરૂં હોય તે શોધી કહાડવું જોઇએ. દરએક આદમીને પોતાનું સ્વતંત્ર મત બાંધવાનો અને જાહેર કરવાનો હક છે. તેથી જો એક દોસ્ત આપણાં મતથી જુદો પડે તો તેથી આપણે મનમાં એવો શક નહી લાવવો કે મારો દોસ્ત મારીથી દીલ જુદું રાખેછે. ખરો દોસ્ત પોતાનું મત ખુલ્લું જણાવેછે પણ કપટી મિત્ર ખુશામદ કરેછે અને ખરી પણ અણગમતી વાત બોલતો નથી એમ સમજીને તેજ સબબથી તેને વધારે ચહાવો જોઇએ. દોસ્તનું ઘરબાર, બાયડી છોકરાં, અને આબરૂ પોતાનાંજ સમજીને તેઓનું હિત કરતાં રહેવું જોઇએ. દલગીરી, બીમારી, આસમાની કે સુલતાની આફતો, ધંધા રોજગારમાં નુકસાન, તંગી અને મુશ્કેલી, વગેરે પ્રસંગોપર દોસ્તે દોસ્તની આગળ રહીને બની તરેહની મદદ કરવી જોઇએ.

દોસ્તીની ફરજો કેટલી બધી મુશ્કેલ બલકે જાનફેશાનીની હદ લગીની છે તે વિષે એક કવિ ચુલાપર ઉકળતાં દુધનો ઉભરો તથા તેમાં પાણી રેડવાથી તેનું શમી જવું જોઇને કલ્પના કરેછે કે "પ્રથમ દુધ અને પાણી વચ્ચે ગોયા દોસ્તી બંધાઇ. તેથી દુધે પોતાના સઘળા ગુણો પાણીને આપીને તેનેબી દુધ બનાવી પોતાની સાથે જોડી દીધું. યાને દોસ્તીનું નાતું બંધાતાં દોસ્તે પોતાનું સઘળું દોસ્તને આપી દેવામાં હાથ ખેંચ્યો નહી. પછી દુધ ચુલાપર મુકાયું. તેને ગોયા તાપ આવેલો જોઇને તેનાં દુઃખે દુઃખી થયલું તેનું સાથી પાણી ગોયા પોતાનો ભોગ આપવા સારૂં આતશમાં હોમાયું. યાને દોસ્તે દોસ્તને દુઃખી જોવાથી પોતાની હઇઆતીનો અંત આણ્યો. પછી દુધે પોતાના મિત્રની ગોયા આખેરી આવેલી જોઇ તેથી તેજ આતશમાં પડી બલી મરવા જવા સારૂં તે ઉભાવા લાગ્યું. યાને દોસ્તે દોસ્તપર જીવ આપવાની તઇઆરી કીધી. એ વખતે પકાવનારે દુધમાં ઉપરથી ઠંડું પાણી રેડયું અને દુધનો ઉભરો બેસી ગયો. ગોયા તેનો દોસ્ત પાછો આવીને મળ્યો તેથી તે દુધ જાણે કે શાંત થયું. એ ઉપરથી કવિ કહેછે કે ભલાંઓની મિત્રાઇ એવી યાને એક બીજાંને માટે જીવ આપવા તઇઆર થવાની હોયછે." આ માત્ર એક કવિતાઇ ખ્યાલની દ્રષ્ટાંતિક વાર્તા છે. દુધ અને પાણી કાંઇ સમજતાં નથી અને દુધમાં ઉભરો આવેછે તથા તેપર પાણી રેડવાથી તે શમી જાયછે તેનું કારણ તો જુદુંજ છે. તોપણ આ સુંદર ખ્યાલથી કવિએ જે નીતિ દોસ્તીની ફરજ વિષે શીખવીછે તે બેશક દરએક જણે યાદ રાખવા જોગ છે.

બએત.

દોસ્તી નામે રહે, આવે ન કામ—
દોસ્તીનું નામ તેને છે હરામ.

સવાલો—દોસ્તીની ફરજો વિષે ગાથાના તથા અવસ્તાના કલામો અર્થ સહિત કહો. તેઓની સમજણ આપો. ખરી દોસ્તી શાને કહેવાય? દોસ્તી કેમ કરવી? ક્યાં સુધી રાખવી? જેઓ દોસ્તીની શરતો બરાબર બજાવે તેઓને તથા નહી બજાવે તેઓને શું મલેછે? દોસ્તોએ કેવી રીતે વર્તવું જોઇએ? દોસ્તી વિષે એક કવિએ આપેલું દુધ અને પાણીનું દૃષ્ટાંત કહો. તે સમજાવો. દોસ્તી વિષેની બએત બોલો.

પાઠ ૬ ઠો.

ખરી મિત્રાઈનો ભોગ.

દોહરા.

"લંડનના કિલ્લા વિષે—હતો એક વનરાજ,
બંધ કીધેલો પાંજરે—લોક પ્રદર્શન કાજ.
એક સમયે ત્યાં જઇ ચઢયો—નિર્દય માણસ એક,
અલ્પ શરિરનું કુતરૂં—નાખ્યું તેમાં છેક.
થરથર કાંપે બાપડું—બીકતણો નહી પાર,
ઉભું જાણે માંગતું—'દયા કરી ઉગાર.'
પ્રૌઢપણે વનરાજ ત્યાં—લંબાવી કર આપ,
સ્વાન ધરીને નિરખ્યો—જયમ બચ્ચાં ને બાપ.
જાણે વચન અભય દિધું—માર્યો નહી તે સ્વાન—
શક્તે પાલવું અશક્તને—એજ શક્તનું માન.
ભોજન આવે સિંહનું—તેમાંથી દે ભાગ,
સાથે રાખે મિત્ર સમ—વાધ્યો દિન દિન રાગ.

વર્ષ એક સંગે રહ્યા, સિંહ શ્વાન જેમ ભ્રાત.
આવ્યો કાળ વિયોગનો—સુણજો તેની વાત.
શ્વાન થયો માંદો પછી, છોડ્યો અંતે પ્રાણ,
સિંહે જાણ્યો ઉંઘતો, કીધું સ્પર્શ પ્રમાણ.
શોકાતુર થઇ ગર્જીયો, જાણે મુકી પોક,
'હાય હાય આ શું થયું ?, મિત્ર ગયો પરલોક !'
દુઃખ નિસાસા મુકતો, શ્વાન કને તે જાય,
પાછો આવી કરગરી, રૂદન કરે વનરાય.
પ્રેમેથી પછી મિત્રનું, ઝાલી શબ વનરાજ,
દાબે છાતી સંગ કરી, કારૂણિક આવાજ.
અન્ન તજ્યું, પાણી તજ્યું, પાંચ દિવસને રાત,
છેક દેહ નિર્બલ કરી—પ્રાણ તજ્યો સાક્ષાત !"
ક્રૂર સ્વભાવી સિંહથી, શિખામણ લો સાર—
મિત્ર ખરા કીજે ઘટે, દેવા જીવન સાર.

પાઠ ૭ મો.

ખોટી હુજત કરવી નહી.

[illegible]

ક્ષ્આઇષ્ યૂજેન્ કરપનો કાવયસ્ચા,
અકાઇષ્ ઋયઓથનાઇષ્ અહૂમ્ મેરેંગેઇધાઇ મષીમ્,
યેંગ્ ખે ઉર્વા ખએચા ખ્રઓદત્ દએના.[1]

અર્થ.

"બલતવારીથી **ખોટી હુજત કીધીછે સાંભલતા-બેહરા અને દેખતા-આંધલાઓએ**
ખરાબ કામોથી ઇનસાની હયાતી ખરાબ કરવાને,
જેઓપર પોતાનાજ આત્માએ અને પોતાનીજ
કરદારે કેહેર કીધોછે."

જે વખતે પેગમ્બર સાહેબ અશો જરથોશ્તે ઇરાનમાં મઝદયસ્ની દીન ફાહેશ કીધી તે વખતે આગલા તરીકાઓપર ચાલનારાંઓના ધર્મગુરૂઓ તે સાહેબની સાથે ઘણીએક તકરારો કરતા હતા. પેગમ્બર જરથોશ્ત જે જે દલીલો રજુ કરતા હતા તેથી તેઓની જોકે ખાતરી થતી હતી તોપણ તેઓ પોતાની ખોટી હુજતને વલગી રેહતા હતા. તે ધર્મગુરૂઓમાં "કવિ" અને "કરપન" એવાં નામોથી ઓલખાતા બે કીસમના શખસોખી હતા. જ્યારે સર્વ લોકોની ખાતરી થઇ કે તે "કવિઓ" અને "કરપનો" જાણી જોઇને માત્ર ખોટી હુજત કરેછે ત્યારે તેઓએ તેઓને ધિક્કારથી છોડીને જરથોસ્તી દીન કબૂલ કીધી. પાછલા જમાનામાં "કવિ" નું અપભ્રંશ "કીક" તથા "કરપન" નું "કરફ" કરી થયું હતું અને જરથોસ્તી લોકોમાં ખરી વાતની ખાતરી થવા છતાં ખોટી હુજતથી તેને નહી માનવું એ ધિક્કાર બલકે ગુનાહ ભરેલું ગણાતું આવવાને લીધે જે માણસ

[1] યજશને ૪૬ ક૦ ૧૧.

જાણી જોઇને ખોટી હુજત કરે તેને "ફીક" અથવા "કરફ" નું હીણું નામ અપાતું હતું અને અલંકારિક ભાષામાં "ફીક" ને છતી આંખે આંધલું અને "કરફ" ને છતે કાને બેહરૂં કરી સમજાવવામાં આવતું હતું. એવી ખોટી હુજતનો ધિક્કાર આજેબી જરથોસ્તીઓ હર વખતે કુસ્તી બાંધતાં "ફીકાંન ઉ કરફાન" બોલેછે તેમાં જાણી જોઇને ખોટી હુજત કરનારાંઓને માટે જાહેર કરેછે.

જાણી જોઇને ખોટી હુજત કરવામાં ગુનાહ અને નામોસી છે. માટે, છોકરાંઓ! તમે કદીબી જાણી જોઇને ખોટી હુજત કરશો મા. જો તેમ કરશો તો મથાલે ટાંકેલા અશો જરથોસ્તના કલામો મુજબ તમારી આ તથા આવતી જીંદગી ખરાબ થશે અને કાંઇજ નહી તો જેમ ઉપલા કલામોમાં કહ્યું છે તેમ ખુદ તમારૂં અંતઃકરણ તમુને ડંખીને સજા કીધા વગર રહેશે નહી. કેટલાંએક છોકરાંઓ ઘણાં જુઠી અને ખોટી હુજત કરનારાં હોયછે. તેઓએ બચપણથી એ ખરાબ ટેવ છોડી દેવી જોઇએ, નહી તો તેઓને મોટપણમાં ઘણું નુકસાન થશે. જે વાત આપણે ખાતરીથી જાણતાં હોઇએ કે ખરી છે તે વિષે આપણા વિચારને વલગી રહેવામાં કાંઇ ખોટું નથી. પણ જે વિષે આપણી ખાતરી થાય કે આપણું મત ખોટું છે તો પછી તેને ખરૂં કરવા સારૂ ખોટી હુજત અને હઠ નહી પકડતાં એકદમ તેને છોડી દેવું. એમ કરવામાંજ ડહાપણ, ફાયદો, અને આબરૂ છે.

જાણી જોઇને હઠીલાઇથી ખોટી હુજત કરવી જરથોસ્તી દીનના એક બીજા કાનુન પ્રમાણેબી ગુનાહનું કામ ઠરેછે. અને તે આ પ્રમાણે છે. જરથોસ્તી દીન ફરમાવેછે કે જુઠું બોલવું એ ભારી ગુનાહ છે. હવે જે બાબત આપણે જાણીએ

કે ખોટી છે તોપણ તેને બાહોશ કરીને ખરી તરીકે જણાવવાની તજવીજ કરીએ તો તે જાણી જોઇને જુઠું બોલવું છે અને તેથી કરીને તે ભારી ગુનાહ છે. એ ઉપરથી શીખવું જોઇએ કે જો કોઇ બાબતમાં આપણી ખાતરી થાય કે આપણી ભુલ છે તો તુરત આપણે તે કબૂલ કરવી અને ખોટી હુજત કરવી નહી.

ખોટી હુજતથી માણસોને ઘણા ગેરફાયદા થાયછે. જેમકે ઘણોએક કીમતી વખત ફોકટ જાયછે. જો કોઈ જાણી જોઇને ખોટી હુજત કરેછે તો બીજાંઓ તેને જીદી અને મમતી સમજીને તેને વિષે હલકું મત બાંધેછે, અને તેની સાથે વધારે વાત કરવાનું માંડી વાળેછે. તેથી તેને બીજાંઓની સાથે વાતચીત અથવા તકરાર કરવાથી જે જ્ઞાનનો અથવા બીજી તરેહનો લાભ મલી શકે તે મલતો નથી. કેટલાંએક લોકો ખોટી હુજત ધરીને લાંબા વખત લગી સરકાર દરબારમાં કજીઆ લડેછે. તેમાં તેઓને ઘણી જેહમત ખેંચવી પડેછે અને પુષ્કલ નાણાંની ખરાબી થાયછે. કેટલીએક બાઇઓ ખોટી હુજતથી કુટુંબ કબીલામાં અથવા પારપડોસમાં કજીઆ ટંટા કરેછે. તેમાંથી કસો ફાયદો નહી મલતાં અંતે પસ્તાવા અને દુઃખ સિવાય બીજું કાંઈ હાસેલ થતું નથી. માણસો જો ખોટી હુજત ચાલુ રાખવાનું છોડી દીએ તો તેથી તેઓના કેટલા બધા કીમતી વખત, મેહનત અને પૈસાનો બચાવ થાય !

"એક જણ જુવાનીથી તે બુઢાપા લગી ખોટી હુજતે સરકારમાં કજીઆ લડીને ખુઆર અને કરજદાર થયો હતો. એક દહાડે તેના વાડા ઉપર તેના પડોશીએ પોતાનું ઘર બાંધતાં દીવાલમાં એક બારી મુકવા માંડી. પેલો બુઢો તેની સામણે ફરીઆદી માંડવાને તૈયાર થયો. તેનું ભલું ઇછનારા

બીજા પડોશીઓએ તેને સમજાવ્યો કે ખોટી હુજતે તુને પાયમાલીમાં ઉતાર્યોછે, માટે હવે વધારે કજીઆ લડવાનું છોડી દે. પણ તે બુઢાએ હુજત છોડી નહી. તે બોલ્યો કે હું સોગંદ લઇને કહુંછું કે મારા હરીફને કદીબી પોતાની બારીમાંથી મારા વાડામાં નજર કરવા દઇશ નહી. પછી તેણે ફરીઆદી માંડી; પણ કજીઓ હારી ગયો અને બધો ખરચ તેને માથે પડયો. પગથી માથાંલગી આગળાં કરજમાં ડુબેલો તો હતોજ, તેમાં વળી આ કજીઆના ખરચે તે હુજતી બુઢાને વધારે ડુબાડયો. અંતે તેનું ઘર, વાડો અને ઘર સામાન સઘલું વેચાઇ ગયું. એક ગૃહસ્થે તે ઘર વાડા સહિત વેચાતું લીધું. તેણે પેલા પડોશીને બારી મુકવા દીધી. તે પછીથી વારેઘડીએ પેલા હુજતીને શીખામણ દેનારા પડોશીઓ તેની પુઠે હસીને બોલતા કે 'બુઢાજીએ પોતાના સોગંદ પાલ્યા ખરા; કેમકે પડોસીની નજર તેની બારીમાંથી પોતાનાં ઘરના વાડાપર પડવા અગાઉ તે ઘર અને વાડો પોતેજ ખોઇ બેઠો.' "

દોહરો.

ખોટી હુજત જે કરે, અંતે દુખીઉં થાય—
તન મન ધન હાનિ ખમે, પાપી થઇ પસ્તાય.

સવાલો.—ખોટી હુજત નહી કરવાના અવસ્તા અર્થ સહીત કહો. તેની સમજણ આપો. ખોટી હુજત કરનારાંઓને આગલા જરથોશ્તીઓ કએ નામે ઓલખતા હતા? તેઓની તરફ કેવો ધિક્કાર હતો? "કીકાન ઊ કરશાન" ની સમજણ આપો. તે ઊપરથી છોકરાંઓએ શું ધડો લેવો જોઇએ? ખોટી હુજત કરવી એ એક ગુનાહ કેમ ઠરેછે? ખોટી હુજતના કેટલાએક ગેરફાયદા કહો. એ વિષેનો એક દાખલો આપો. આ પાઠના નીતિસારનો દોહરો કહો.

પાઠ ૮. મો.

સૂધાપણું અને દગાબાજી.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

અષ્તીતેમ્ . . . . . . વહુહીમ્ ફ્રાદત્-ગએથાંમ્ વરેદત્-ગએથાંમ્ સવો-ગએથાંમ્ યાંમ્ દએનાંમ્ માઝ્-દયસ્નીમ્.[1]

રાસ્ત્ બાષ્ કે ઓસ્તવાર્ બાષી.[2]

ઇથ મઇન્યેતે ફ્રુષ્ખરેનાઓઃ નોઇત્ ઇમત્ વીસ્પેમ્ . . . . . . અઇવિદ્રુખ્તેમ્ મિથ્રો વએનઇતિ. . . . . ; આઅત્ અઝેમ્ મન્ય. . . વીસ્પેમ્ વએનઇતિ દ્રુજીંતેમ્.[3]

---

૧ વીસ્પરદ કરદો ૭ ફ૦ ૨.

૨ આદરબાદનું પંદનામું ફ૦ ૭૫.

૩ મેહેર યશત ફ૦ ૧૦૫—૧૦૭.

અર્થ.

"**સૂધાપણું**...... ભલું, જેહાંનને આબાદી, વૃદ્ધિ, અને ફાયદો કરનાર, જે મજદયસ્ની દીનજ (છે)."

"**સૂધો** થજે, તો તું ઉસ્તવાર થશે."

"એમ ધારેછે નૂર વિનાનું (માણસ) કે આ દરેક **દગાબાજી** મેહર (દાવર) જોતો નથી; પણ હું **માનુંછું** કે દરેક **દગાબાજને** તે જુએછે."

ઉપલા અવસ્તાના પેહલા ફકરામાં સૂધાપણાંથી દુનીઆને આબાદી, વૃદ્ધિ, અને ફાયદો થતો જણાવ્યોછે અને તેને તથા મઝદયસ્ની દીનને એકજ કરી ગણેઆંછે. છેલામાં કહયુંછે કે જો કોઈ એમ સમજે કે મારો દગો ખુદાની નજરે પડશે નહી તો તેમાં તે પોતે પોતાને ઠગેછે. વળી અશો જરથોસ્તે પોતાના ગાથામાં શીખવ્યુંછે કે જે માણસ દગો રાખે તેની એબાદત રદ જાયછે.[1] એ વગેરે અવસ્તામાં અને જરથોસ્તી દીનને લગતી બીજી કેતાબોમાં એવી મતલબનાં કેટલાંએક લખાણો મલેછે કે ખુદાઈ કાયદો શું જાહેર કે શું બાતેનને એકસરખી રીતે પોતાની ચુંગાલમાં રાખેછે, તેથી જે માણસ સૂધાપણું છોડે તેને તેની સજા કોઈબી વખતે થયા વગર રેહેશે નહી. દગાબાજે યાદ રાખવું કે તે જે દગો રમેછે તેમાં તે આદમી સાથેજ માત્ર નહી પણ ખુદા સાથેબી ઠગાઇ રમવા માંગેછે. પણ શું ખુદા ઠગાશે ! અશો જરથોસ્ત કહેછે કે ખુદા કોઇથી ઠગાતો નથી.[2] એજ પ્રમાણે આખી દુનીઆબી કહેછે. જો સૂધાપણું જરથોસ્તી દીન સાથે અતલગનો સંબંધ રાખેછે તો જે પોતાને જર-

---

૧ યજશને ૩૨ ફ૦ ૬—૧૬. ૨ યજશને ૪૩ ફ૦ ૬.

થોસ્તી કહે તેણે પ્રમાણિક થવુંજ જોઇએ—જે અપ્રમાણિક તે જરથોસ્તી કેહવાય નહી.

સાચાપણાંથી અંતે સુખ મળેછે અને દગાથી અંતે દુઃખજ થાયછે. પ્રમાણિકને કોઇબી કામમાં ફતેહ મલેછે તોબી અને નિષ્ફલતા મલેછે તોબી, સુખજ થાયછે. જો ફતેહ મલેછે તો તેથી ઉપજતાં સુખ ઉપરાંત તે મેલવવા જો તેણે અપ્રમાણિક રસ્તો પકડયો હતે અને તેથી જે ઘણી આતુરતા અને ફીકર રાખવી પડતે તેથી મોકલું રેહવાનો ફાયદો મલેછે. જો નિષ્ફલતા મલેછે તો તેને કાંઇ નહી તો આટલો દિલાસો બચીત રહેછે કે તે નિષ્ફલતા તેની ખોટી ચાલને લીધે નહી મલી હતી; અને જો તેણે અપ્રમાણિકપણું વાપડયું હતે તો નિષ્ફલતાનાં દુઃખ ઉપરાંત પસતાવાનું દુખ ખમવું પડતે, જેમાંથી તે મોકલું રહ્યુંછે. બીજા હાથ ઉપર દગો રાખનારની હાલત કેવી છે તે જુઓ. તેને ફતેહ મલેછે તોબી અને નિષ્ફલતા મલેછે તોબી અંતે દુઃખજ થાયછે. જો ફતેહ મલેછે તો તે મળવા છતાં તેનું અંતઃકરણ તેને ડંખ્યા કરેછે કે તેણે તે ફતેહ ખરી રીતે મેલવી નહી હતી. એટલુંજ નહી પણ તેને બીજો ગેરફાયદો એ થાયછે કે વારેઘડીએ દગો કરવાની લાલચ થાયછે અને આગલ જતાં તે અપ્રમાણિકપણાંની લાલચમાં વધારે અને વધારે ફસતું જાયછે. પછી કોઈ વખતે તેને તેની સામટી સજા ભોગવવી પડેછે. જો નિષ્ફલતા મલેછે તો તેને દીલાસાને બદલે પસતાવો અને શરમીંદગી હાસેલ થાયછે કે જેનું દુઃખ નિષ્ફલતાનાં દુઃખ કરતાં વધારે હોયછે.

અપ્રમાણિક માણસને ફતેહ મલવા છતાં તેની આંટ ઘટેછે. અને જો તેને નિષ્ફલતા મલેછે તો અનેક તરેહનાં દુઃખો ખમવાં પડેછે. પેહલું તો નિષ્ફલતાનું દુઃખ, બીજું તો

નિષ્ફલતા પોતાની કરણીને લીધે મલી તેનું દુઃખ, ત્રીજું લોકોમાં તેની આંટ ગઇ અને આબરૂ હલકી પડી તેનું દુઃખ. એ વગેરે બીજાં અનેક દુઃખો થાયછે. પણ સુધાં અને પ્રમાણિક માણસને એવાં કશાં દુઃખો થતાં નથી. તે પોતાનાં હરએક કામમાં સુધાપણું રાખેછે તેથી તેની સાખ દીનપર દીન સારી થતી જાયછે, બીજાંઓનો ભરોસો તેની ઉપર વધેછે, અને તેને માન મલેછે. જો સુધાપણાંને લીધે તેને કાંઇ નુકસાન થાયછે તો સર્વ કોઇ તેની તરફ હમદરદી બતાવેછે અને તેને સંકટમાંથી કહાડવાને બનતી મેહનત કરે-છે. થોડા વખતમાં તેની મુશકેલી ટલી જાયછે અને તે પાછું સારી હાલતમાં આવેછે.

"અંતે ધર્મે જય", "સુધાપણું સહુથી સરસ ચલગતછે", "રાસ્તપણું ખુદાની ખુશીનો સબબ છે", "જેવી દયાનત તેવી બરકત", "રાસ્ત લોકો મોત પછીના હિસાબમાં મુકિત મેલવેછે", "દગો કોઇનો સગો નહી", "દગાથી વફા નહી,"—એ વગેરે પ્રમાણિકપણાંની વખાણમાં અને અપ્રમાણિકપણાંના ધિક્કારમાં અનેક કેહવતો દુનીઆનાં લોકોએ અનુભવ ઉપરથી બનાવીછે તે બોલેબોલ ખરી છે. પ્રમાણિક માણસોની કીર્તિ અમર રહીછે અને અપ્રમાણિક માણસોની આબરૂને સદાનો દાઘ લાગોછે. બંગાલી હીંદુ ઉમાચંદે પોતાના દેશીઓની ટોલી સાથે અપ્રમાણિક ચાલ ચલાવી તેના બદલામાં કલાઇવ જેવા પરદેશી ઇંગ્રેજને હાથે તેને સેરને માથે સવાસેરના જેવો બદલો મલ્યો. (ઇ૦ સ૦ ૧૭૫૭). મરાઠા રાજ્યોનો પાયો નાખનાર શિવાજીએ ગમે તેવી પ્રખ્યાતિ મેલવી છે તોપણ તેને અફઝલખાનને દગાથી માર્યો (ઇ૦ સ૦ ૧૬૫૯) તેથી તેની સઘલી કીર્તિ ઉપર એક દાઘ આજસુધી રહી ગયોછે.

હરિગીત છંદ.

સૂધાપણાંથી માન પામી માનવી જગમાં રહે—
સંપત્તિ પામે, વૃદ્ધિ દેખે, લોક તેના જશ કહે.
કૂડું કપટ રાખી દિલે છલથી દગાબાજી રમે—
સન્માન કંઇ પામે નહિ, વિધવિધ વિપત્તિઓ ખમે.

સવાલ—"સૂધાપણું અને દગાબાજી" એ વિષેના અવસ્તા તથા પેહલવી કલામો અર્થ સહિત કહો. તેની સમજણ આપો. સૂધાપણાંથી કેવા ફાયદા થાયછે અને દગાબાજીથી કેવા ગેરફાયદા થાયછે ? દગો રાખનારને કેવાં દુ:ખો ખમવાં પડેછે ? સૂધાપણું અને દગા વિષેની કેહવતો બોલો. તે વિષેના થોડા-એક દાખલા આપો. આ પાઠના નીતિસારની કવિતા બોલો.

પાઠ ૯ મો.

સંતોષ કેમ અને ક્યારે રાખવો ?

[illegible]

[illegible]

[illegible]

દ્રિધ્ઍોષ્ હુવત્-મસો મનો
યથ રએવસ્તેમહેચિત્.[૧]
હુદ્દનઓ્મો યથ આઅ્રવ.[૨]

---

૧ પજશને હા ૧૦, ક૦ ૧૩.
૨ વંદીદાદ ૧૩ ક૦ ૪૫.

અર્થ.

"(હોમ સેવતા) ગરીબનું મન (પોતાને મલેલી તનદરૂસ્તીના **સંતોષથી**) એટલું મોટું (સુખી)

કે જાણે કોઇ અતિશય દોલતવાલાનું (મન સુખી હોય તેવું)."

"**ઘણો સંતોષી** અથોરનાન જેવો."

મથાળે ટાંકેલા અવસ્તાનાં પેહલાં વાકયની મતલબ આપણામાં ચાલતી "સંતોષ સમાન દોલત નથી", "એક તનદરૂસ્તી હજાર ન્યામત" વગેરે કેહવતોને મલતી છે. બીજું વાકય વંદીદાદમાંનું છે જેમાં સંતોષને દાનાવ અને અશો ધર્મગુરૂની એક ખસલત તરીકે જણાવેલોછે.

એજ પ્રમાણે સઘલા ધર્મોમાં અને સઘલી પ્રજાઓનાં નીતિશાસ્ત્રોમાં સંતોષને સદગુણોમાંનો એક ગણેલોછે અને ઘણી ખરી ભાષાઓમાં તેની વખાણની કેહવતો બનેલીછે. સંતોષથી અનેક ફાયદા અને અસંતોષથી ઘણા ગેરફાયદા થાયછે. અસંતોષી કદી પોતાને સુખી સમજતું નથી પણ સંતોષીને કદીબી ખાલી દુઃખો થતાં નથી એટલુંજ નહી પણ તે કદી બલાપો કરતું નથી. સંતોષીનાં સુખનાં સાધનો જોકે થોડાં હોય તોપણ ડહાપણથી કરીને તે ઘણાં સુખવાલા પણ અસંતોષી કરતાં વધારે આનંદ ભોગવેછે.

સંતોષ એ એક સદગુણ છે ખરો તોપણ સંતોષી કેમ અને કયારે થવું તે સહુ કોઇ જાણતાં નથી. જો તેની સમજણ સ્વભાવથી મલેલી ન હોય તો શીખીને મેલવવી જોઇએ. એક માણસ ગમે એવા વૈભવો ભોગવતું હશે; તે કરોડો માણસો ઉપર રાજ ચલાવતું હશે; તેની પાસે ખજાનાના લાખો ભંડાર ભરેલા હશે; ફરજંદ, વિદ્યા અને સહુથી

અહડતું સુખ તનદરૂસ્તી વઠીક ધરાવતું હશે;—તોપણ જો તે સંતોષી કેમ થવું તે નહી જાણતું હશે તો તે સુખી થઇ શકશે નહી. તેની પાસે જે બધું હશે તે, બલકે તેથી ઓછુંબી, તેને સુખી કરવાને પુરતું છતાં, તે તેને તેવું જણાશે નહી અને તેથી તે પોતાને સુખી સમજશે નહી. બીજા હાથ ઉપર સંતોષી કેમ અને કયારે થવું તેની સમજ ધરાવનાર માણસ તેને જે કાંઈ ઘટે તેટલું મલ્યું હશે, પછી જોકે તે બીજાંઓ કરતાં ઓછુંબી હશે, તોપણ તે ઉપર ડહાપણથી વિચાર કરીને સંતોષ રાખશે તેથી તેને પુરતું સુખ થશે. એવાં એક સમજદાર સંતોષીનું હઈડું જેવું સુખી રેહશે અને તે પોતાની આસપાસ જેવું સુખ ફેલાવશે તેવું અણસમજુ સંતોષીથી અથવા અસંતોષીથી બની શકશે નહી. કેમકે સંતોષ જેમ ખરો તેમજ ખોટોબી હોયછે. સંતોષી થવાના ખોટા ખ્યાલથી ઉપાય અને કોશેશથી જે જે ખરાબીઓ અને અગવડો દૂર કરી શકાય તે વિષે કોશેશ નહી કરવી અને તેઓને ખમ્યાં કરવાં; અથવા હલાલ ઉદ્યોગથી જે કાંઈ હાસેલ કરી શકાય તે મેલવવાની મેહનત નહી કરવી તથા આપણથી બને તેમ આપણી હાલત સુધારવાનો યત્ન નહી કરવો, એમાં કાંઈ ખરો સંતોષ નથી. ખરો સંતોષ તે છે કે જે દુઃખો આગળ આપણે નિરઉપાય હોઇએ, જે તંગીઓ અથવા મુશ્કેલીઓ નિવારવાને આપણે અશકત હોઇએ, તેઓ વિષે બલાપો નહી કરવો અને ખુદાએતાલાએ જે બીજી અગણીત અમૂલ્ય બખશેશો આપણી ઉપર કીધીછે તેનો વિચાર કરીને તેનાં શુકરગુજાર થવું. એ પ્રમાણે જેઓ ખરી રીતે સંતોષી કેમ અને કયારે થવું તે જાણેછે તેઓ ખુદાનાં શુકરગુજાર અને ડહાપણવાલાં થાયછે એટલુંજ નહી પણ તેઓનો તે દાનાઈ ભરેલો સંતોષ તેઓનાં મનમાંથી બલાપાને હાંકી કહાડેછે.

"એક પરહેજગાર પોતાને વિષે વાત કરતો હતો કે જે બાબતમાં મારો ચારો નહી હોય તે વિષે હું કદી દલગીર નહી થતો હતો પણ તેપર સબુરી પકડીને સંતોષ રાખતો હતો. એકવાર હું એટલોબધો બતંગ હાલતમાં હતો કે જોડા વેચાતા લેવાની અથવા કોઇબી ઠેકાણેથી મેળવવાની મારી સોડ જોગવાઈ નહી હતી તેથી મને ઉઘાડે પગે ચાલવા સિવાય બીજો ચારો નહી હતો. તે વખતે હું ઇનસાની-અતની નબલાઇથી મારી તે હાલત ઉપર અસંતોષી થઇને અફસોસ કરવા લાગો. તેવામાં એક જણ મારી નજરે પડયો કે જેના પગજ નહી હતા. તે ઉપરથી ચેતવણી લઇને મેં તુરત મારાં અસંતોષીપણાંનો પસતાવો કીધો અને ખુદાએ મને પગોની તો બખશેશ કીધીછે, પેલો બીચારો પાંગલો તો તેથીબી બેનસીબ છે, એમ ડહાપણથી વિચારીને ખુદાનો શુકર કીધો અને ઉઘાડા પગ વિષેનો ગમ મનમાંથી કાહડી નાખ્યો."[૧] આ એક ખરા સંતોષનો દાખલો છે.

સંતોષ વિષે કેહવતો છે કે "શરીરનું પોષણ ખોરાકથી અને આત્માનું પોષણ સંતોષથી"—"જે ઘટતું મલે તેપર સંતોષ રાખશો તો કદી ખેદ પામશો નહી"—વગેરે, તે આ પ્રમાણે રાખેલા ખરા સંતોષનેજ લાગુ પડતી જાણવી. એવો ખરો સંતોષ ધરાવનાર જેમાન પામેછે અને પોતાનો વકર તથા હુરમત જાલવી રાખેછે તેથી ખોટા સંતોષવાલું તેમજ અસંતોષી ઇનસાન બેનસીબ રહેછે.

હરિગીત છંદ.

સંતોષનો સદગુણ સમજદારીથી ધારણ કર સદા—
મૂર્ખાઇથી સંતોષી થઇ ભીખારીઓ ભટકે બધા.

---

૧ ગુલેસ્તાન બાબ ૩ જો.

સવાલો—સંતોષ વિષેના અવસ્તાના કલામો અર્થ સહિત કહો. પેહલા કલામની મતલબ શાને મળતી આવેછે? બીજા કલામની મતલબ કહો. સઘલા ધર્મોમાં સંતોષ વિષે શું કહયુંછે? સંતોષીની અને અસંતોષીની હાલતોનું બયાન કરો. સંતોષી કેમ અને કયારે થવું જોઇએ? જે માણસ સંતોષી કેમ થવું તે જાણે અને જે માણસ તે નહી જાણે તેઓનો મુકાબલો કરો. ખરો અને ખોટો સંતોષ તે શું? ખરા સંતોષની એક વાત કહો. સંતોષ વિષેની થોડીએક કેહવતો બોલો. આ પાઠના નીતિસારની કવિતા બોલો.

પાઠ ૧૦ મો.

એહસાન વીસરવું નહી.

[illegible]

[illegible]

[illegible]

ઇષૂઇધામહી ટવા.[૧]

સિપાસ્દાર્ બાષ્ કે પ નેકી અર્જાની બાષી.[૨]

અર્થ.

"તારાં **એહસાનમંદ** રહીએ છઇએ."

"**એહસાન માનનાર** થજે, તો તું બી ખુબીને લાયક થશે."

---

૧ યજશને ૧૩ ક૦ ૫; ૩૯ ક૦ ૪.

૨ આદરબાદ મારેસ્પંદનું પંદનામું ક૦ ૭૩.

ગઝલ.

(**મીઝાંન**—મફ્ઉલ્ ફાએલાત્ મફાઇલ્ ફાએલાત્.)

એહસાન માની પાડ વાલ, છે તું જો ઇનસાન—
સગળી વફાદારી કરે, પામે જો ટુકડો નાન.

રૂસ્તમનું નામ કીધું ફીરદુસીએ મશહુર—
શમશેર ગુર્જ તીરનું તેના કરી બયાન.

મહમૂદ ગજનવીએ જાણી કદર નહી—
બદનામીથી રહી છે તેની બુરી નિશાન.

કહેછે શેકસ્તે-દિલ હતો ફીરદૂસી પાકજાત—
ગઝનીના પાદશાહની બેવફાઇથી હેરાન.

એક રાતે આવ્યો ખાબમાં ફીરદુસીના રૂસ્તમ—
બોલ્યો કે "દીનદાર ન ભૂલે કદી એહસાન.

પાકીજેહ તુજ કલામોથી, ઓ જીનતી બુલબુલ!
રેહશે અમારી નામવરી જગમેં જાવેદાન.

ઉપકાર તારો વાલવાની છે અમારી ફર્જ—
પણ છે ન હાલ દોર અમારો કે ના જુબાન.

છુપ્યો છે ફલાની જગે જરનો ખજાનો એક—
કોશેશથી મેલવેલો અમે ખરચી તન 'ને જાન.

બખ્શુંછું તને, રાખ અમ તરફથી તે કબૂલ—
ખુશનૂદ અમારાં થશે તેથી બધાં રવાન."

કયાની ઇરાનીઓની હકશનાસીને શાબાશ!
જીવતાંજ નહી પણ ન ભૂલે મૂએબી એહસાન!

અશરાફ તોબમ વાલે નેકીનો બદલો નેક—
એહસાન જવું વિસરી રજાલાંની છે નિશાન.

———

પાઠ ૧૧ મો.

અવસ્તામાંના ચાર ઈજ્જતદાર પેશા.

[illegible]

[illegible]

કાઇષ્ પિષ્ત્રાઇષ્? આથ્રવ રથએષ્તાઓ વાસ્ત્ર્યો ફ્ષુયાંસ્ હૂઇતિષ્.[1]

અર્થ.

“કીયા **પેશા (વાલા)**? અથોરનાન, રથેશ્તાર, વાસ્તરીયોશ, (અને) હુતોક્ષ.”

માણસે ગુજરાન, સુખ, અને આબરૂ મેલવવા સારૂ કોઈબી ભલો પેશો કરવાની જરથોસ્તી દીનમાં ફરજ જણાવીછે. પેશા ઘણી જાતના હોયછે. જે જે ધંધા નીતિશાસ્ત્ર બહાલ રાખે અને જે જે ધંધા અર્થશાસ્ત્ર ચીજોની ઉત્પત્તિ, વ્યાપાર વનજ, વગેરે માટે જરૂરના ગણે—બીજા બોલોમાં નેકી, વરધી, અને આબાદીને લગતા હોય—તે તે ધંધા જરથોસ્તી દીનની રૂએ “અશોઇ” ને લગતા અને માનવંત ગણાયછે. જે કોઈ હલાલ રીતે પેશો કરે તે જરથોસ્તી દીનમાં “અશો” અને ઈજ્જતદાર ગણાય.

અવસ્તામાંથી જણાયછે કે પુરાતન જરથોસ્તીઓમાં ત્રણ પેશા ચહડતા, અને બાકી બીજા ઉતરતા ગણાતા હતા. પેહલો “અથોરનાની” એટલે ખરા ધર્મગુરૂનો ધંધો, બીજો “રથેશતારી” એટલે દાદગર પાદશાહ પેહલવાનનો

---

૧ યજશને ૧૯ ક૦ ૧૭.

ધંધો, અને ત્રીજો "વાસ્તરીયોશી". એટલે ઉદ્યોગી ખેડુત અને બાગબાનનો તથા ભરવાડનો ધંધો. એ ત્રણ સીવાયનો તે જમાનાનો હરએક સારો ધંધો "હૂતોક્ષી" એટલે સાધારણ ભલો ઉદ્યમ કરી કહેવાતો હતો. વખત જતાં નવા નવા ધંધા નીકલ્યાછે અને નીકલતા જાયછે. તેઓ ઉપલા ચારમાંના જેને લગતા અથવા મલતા હોય તેના કોઇબી એક વર્ગના ગણાય. વળી પુરાતન જરથોસ્તીઓમાં જેઓ એ ચાર કીસમના પેશા હલાલ રીતે નહી કરે અથવા એ પેશાઓની વીરૂધનાં કામો કરે તેઓપર ધિક્કાર અને લ્યાનત નખાઇને તેઓને નીચલાં હીન-પસ્તી ભરેલાં નામો લાગતાં હતાં. ખોટા ધર્મગુરૂને "આશ-માગ", જુલમી હકુમત કરનારને "સાસ્તાર", ચોર, લુટારા, વગેરે બદમાશને "ગધ", અને કોઇબી ભલો ઉદ્યમ નહી કરનારને "દુષ્તોક્ષ" નું બદ નામ અપાતું હતું.

હલાલ પેશાઓમાંથી જેઓમાં મગજનું કામ વધારે હોય તેઓ આજે ચહડતા પેશા ગણાયછે—જેવા કે ધર્મગુરૂનો, તબીબનો, ધારા શાસ્ત્રીનો, શાયરનો, ઉસ્તાદનો, ગ્રંથકારનો, વગેરે; અને જેઓમાં તનનું કામ વધારે હોય તેઓ આજે ઉતરતા પેશા ગણાયછે—જેવા કે ખેડુતનો, સુથારનો, લુહારનો, દરજીનો, મોચીનો, બાવરચીનો, વગેરે. પણ યાદ રાખવું કે બધા પેશા એક વગર બીજાને ઘણી અગવડ પડે તેથી એક વગર બીજાને નહી ચાલે એવા છે. માટે તેઓ બધા સામટી રીતે થોડી કે ઘણી અગત્યના તો છે.

પેશાઓની ચહડ ઉતર પદવીઓ અને અગત્યતા જરથોસ્તી દીનને લગતી કેતાબોમાં એક તમસીલથી સમજાવીછે. તે એ છે કે હલાલ પેશાઓના આખા સમુદાયને શરીરના અવયવોના આખાં સમુદાયની સાથે સરખાવ્યોછે. અને જેમ દરેક અવયવ આખાં શરીરને માટે જરૂરનો છે તેમ

દરેક હલાલ પેશો માણસ મંડળને માટે જરૂરનો ગણેલોછે. તોપણ જેમ એક અવયવ કરતાં બીજો અવયવ ચહડતું અથવા ઉતરતું કામ કરેછે અને તે પ્રમાણે વધતી અથવા ઓછી અગત્યવાળો ગણાયછે તેમ હલાલ પેશાઓના વર્ગોનાં માનનીબી નીચે પ્રમાણે ચહડ ઉતર પદવીઓ ઠરાવેલી છે.

અથોરનાની પેશાનું કામ ઘણુંકરીને મગજ સાથે તાલુકો રાખેછે તેથી તેને માથાં સાથે સરખાવ્યોછે. અને તે ઉપરથી પેહલી પદવી મગજને લગતા ધંધાઓના વર્ગને આપીછે. જેમ શરીરના બધા અવયવોમાં પેહલી પદવી મગજની છે તેમ હલાલ પેશાઓમાં પેહલી પદવી અથોરનાન વર્ગની ઠરાવીછે. જેમાં ધર્મનીતિ તથા એલમ શીખવનારા, ભક્તિ કરાવનારા, દેશે દેશ ફરીને લોકોમાં અશોઇ, ચોખ્ખાઇ, તનદરૂસ્તી, સુખશાંતિ વગેરે ફેલાવનારા, અને એજ જાતના બીજા ધંધા કરનારા સમાય. તેઓ ઉદ્યોગી મંડળનાં માથાં તરીકે ગણાય.

રથેશતારી પેશાનું કામ ઘણુંકરીને બાજુબળ સાથે તાલુકો રાખેછે તેથી તેને બાજુઓ સાથે સરખાવ્યોછે. અને તે ઉપરથી બીજી પદવી બાજુબળના ભલા ઉપયોગને લગતા યાને ભલી હકુમતને લગતા પેશાઓના વર્ગની ઠરાવીછે. એ વર્ગમાં ભલા પાદશાહો, હાકેમો, સીપાહો, વગેરે રાજપાટ, મુલકી તથા લશકરી પેશા કરનારાઓ સમાયછે. તેઓનું કામ બાજુનાં બળથી માણસ જાતનો ચોર, લુટારા, ફાડી ખાનારાં જાનવરો, વગેરેથી બચાવ અને પાસબાની કરવાનું છે. જેમ હાથ અને આંગલાં બદનપરથી જે જે કાંઇ નુકસાનકારક હોયછે તે દૂર કરેછે તથા તેની ઉપર બાહેરથી આવી પડતા આસેબથી તેનો બચાવ કરેછે તેમ રથેશતારો માણસ મંડળમાંથી નુકસાનકારક આદમીઓ, જાનવરો, વગે-

રેને દૂર કરેછે તથા તેઓપર આવી પડતાં દુઃખોથી તેઓની પાસબાની કરેછે. એથી તેઓ ઉદ્યોગી મંડળની બાજુ તથા હાથ તરીકે છે.

વાસ્તરીઓશી પેશાનું કામ ઘણું કરીને પેટનાં કામને મળતું આવેછે તેથી તેને પેટ સાથે સરખાવ્યોછે. અને તે ઉપરથી ત્રીજી પદવી ખેતી, પશુપાલન, વગેરે જમીન, ઓરવરો, અને ગોસ્પંદોને લગતા પેશા કરનારા જેઓ ખોરાક, વસ્ત્ર, અને બીજી માલ મતા ઉત્પન્ન કરેછે તેઓના વર્ગને આપીછે. જેમ પેટ પોતામાં કલેજું, ફેફસું, આંતરડાં, વગેરે જુદા જુદા અવયવોની મારફતે ખોરાકનું રૂપાંતર કરેછે અને લોહી બનાવી આપેછે તેમ આ વર્ગના ધંધાવાળાઓ જમીનમાંથી તથા ખેતીવાડીથી વસ્તુઓ ઉત્પન્ન કરેછે, તેથી તેઓ ઉદ્યોગી મંડળનાં પેટ તરીકે છે.

હૂતોક્ષી પેશાનાં કામોને ઉદ્યોગી મંડળને ટેકાવનાર જાણીને તેને પગો સાથે સરખાવ્યોછે. અને ચોથી તથા છેલ્લી પદવી બીજા તમામ હુનરો, કારીગરી, વેપારવનજ, ચાકરી નોકરી, વગેરેના કરનારાઓના વર્ગની ઠરાવીછે. જેમ પગ આખાં શરીરને ઉઠાવેછે અને એક જગેથી બીજી જગે લઈ જાયછે તેમ એ વર્ગ ઉપલા ત્રણ વર્ગોને બલકે તમામ લોકોને બોયા ઉઠાવેછે અને તેઓની મદદ કરેછે. એથી કરીને એ વર્ગ ઉદ્યોગી મંડળના પગો તરીકે છે. જોકે પગને કદાચ કોઈ શખ્સ શરીરના બીજા અવયવો કરતાં ઓછી જરૂરીઆતના ગણે તોપણ તેઓ ધિક્કારવા જોગ નથી, બલકે ઉપયોગી છે. તેમજ "હૂતોક્ષ" વર્ગ જોકે તેની પદવીમાં છેલ્લો છે તોપણ તે ધિક્કારવા જોગ નથી.

તમામ પેશાઓમાં અથોરનાની, રથેશતારી, અને વાસ્તરીઓશીને બુજરગી આપવાનું કારણ એ કે એ પેશા

દુનીઆનાં માણસોને કેવળ નહી ચાલે એવા છે. દીન અને દાનાઈ વગર ઇનસાન હેવાન જેવું બનેછે, માટે દીન અને દાનાઇને લગતા "અથોરનાની" પેશાઓની કેવળ જરૂર છે. જાનમાલની સલામતી વગર માણસોથી વસી શકાતું નથી, માટે પાદશાહ પહેલવાનને લગતા "રથેશતારી" પેશાઓની તદન અગત્ય છે. અને જમીન તથા ગોસ્પંદોમાંથી અનાજ અને ખોરાક નહી મળે તો માણસો ભૂખમરાથી નાશ પામે, માટે ખેડુત અને પશુપાળને લગતા "વાસ્તરીયોશી" પેશાઓની દુનીઆમાં અવશ્યતા છે. એઓ સીવાયના બીજા ભલા પેશા જોકે ઘણા સારા છે તોપણ તેઓમાંના એકાદ વગર ચાલી શકે, માટે "હૂતોક્ષી" ની પદવી છેલ્લી છે.

દોહરા.

પેશો કરવો જે ભલો, રોટી ઇજ્જત કાજ—
સાચી ધાનતથી વલી,—નહી તો જગમાં લાજ.
પૂર્વ કાલ ઇરાનમાં, ત્રણ પેશાને માન—
દીન, હકૂમત, ખેતી, જે, રક્ષે તન 'ને જાન.
તોપણ બીજા બહુ ભલા, પેશા કરતાં લોક—
ભલા ઉદ્યમે તેમનાં, દીલને નહી કંઇ શોક.
અંગતણા જેમ અવયવો, ખરા મદદ કરનાર—
મનુષ્ય મંડળ તન તણાં, ધંધા જાણો સાર.

સવાલો—અવસ્તામાંના ચાર ઇજ્જતદાર પેશાઓનાં નામ દીઓ. કયા ધંધા જરથોશતી દીનની રૂએ "અશોઇ" ને લગતા અને માનવંત ગણાયછે? પુરાતન ઇરાનીઓમાં કઇ જાતના પેશા ચહડતા અને કઇ જાતના ઊતરતા ગણાતા હતા? તેઓના થોડા દાખલા કહો. જેઓ એ પેશાઓની વિરૂધનાં કામો કરે તેઓ કેવા ગણાતા હતા? મગજને લગતા

અને તનને લગતા ધંધાઓને એક બીજા વગર ચાલે કે નહી? કારણ શું? જરથોશતી દીનને લગતી કેતાબોમાં પેશાઓની ચઢઉતર પદવીઓ વિષે કઇ તમસીલથી સમજાવ્યું છે? અથોરનાની પેશાનું કામ શાની સાથે સરખાવ્યું છે? તેની સમજણ આપો. રથેશતારી પેશાનું કામ શાની સાથે સરખાવ્યું છે? તેની સમજણ આપો. હુતોક્ષી પેશાનાં કામોને શાની સાથે સરખાવ્યાં છે? તેની સમજણ આપો. અથોરનાની, રથેશતારી, અને વાસ્તરીઓશી પેશાઓને બુજરગી આપવાનું કારણ શું? તેની સમજણ આપો. પેશાઓ વિષેના દોહરા બોલીને સમજાવો.

પાઠ ૧૨ મો.

હરએક પેશાની આબરૂ અને એબ.

[illegible]

[illegible]

[illegible]

વીસ્પપ ઇરિન હચિમન નઇરે અષઓને અષ્-મનન્ઙ્હ અષ્-વચઙ્હ અષ્-શ્કયઓથ્ન.[1]

અર્થ.

"તમામ (પેશા) માં રાસ્ત મનશની, રાસ્ત ગવશની, અને રાસ્ત કુનશની સાથે લેવડ દેવડ કરનાર માણસને દેવું અદા થતું (રેહવું જોઇએ)."

ઉપલા અવસ્તામાં ફરમાવેછે કે એક જણ તમામ પેશાઓમાંનો ગમે તે એક હલાલ પેશો કરતો હોય તેમાં તેણે સાચી

---

૧ પજશને ૧૯ ક૦ ૧૭.

દીઆનત રાખીને ફરજો બજાવવી અને હકદારનો હક અદા કરવો. જરથોસ્તી દીનની રૂએ દરેક ધંધાદારને સર પોતાના ધંધાના સંબંધમાં નીતિને લગતી કેટલીએક ફરજો હોયછે. તે ફરજો બજાવવામાં તેને આબરૂ છે. તેમજ વળી ધંધાને લગતી ફરજોમાં કસુર કરવાના જરથોસ્તી દીનમાં તથા કદીમ ઇરાની કેતાબોમાં ગુનાહ જણાવેલાછે અને તેઓની પાયરીઓ પ્રમાણે તેઓની સજાઓ ઠરાવીછે. જેમકે ખોટા અથોરનાનને એ માનવંત ઇલકાબથી બાતલ કરવા ફરમાવ્યુંછે.[૧] નાવાકેફ યોજદાથ્રગરને ભારીમાં ભારી સજા ફરમાવીછે.[૨] જુલમગાર રથેશતાર ઉપર કેહર ઉતરવા જણાવ્યુંછે.[૩] અને તેની સામણે થઇને તેને તોડવા જણાવ્યુંછે.[૪] વેપારીઓ મધે દારૂવાલાને માંથે છાકટપણું નહી વધે તેવી રીતે દારૂ વેચવાની ફરજ નાખીછે[૫] અને જો તે પોતાના ફાયદાની નઇઅતથી છાકટપણું વધારે તો તેની સજા ઠરાવીછે. દાણાવાલો જો અનાજ એક હાથ કરી લઇને મોંઘવારી કરી મુકે તો તેનો ગુનાહ જણાવ્યોછે.[૬] એ વગેરે હરેક ધંધાદારીને માણસ મંડળનાં કામમાં હરકત નહી પડે તેમ ઘટતી રીતે પોતાનો ધંધો કરવા જણાવ્યું છે. હલાલ ધંધાઓમાં ગફલત, કસુર, બાયકી, ખોટી નઇઅત, અથવા દગાબાજી કરવાના ગુનાહ છે. અને જેમ એક ધંધાની પદવી ચહડતી તેમ તેના ગુનાહની સજાબી ભારી છે. હલાલ પેશામાં ખોટાઇ વાપડવાથી ઘણી એબ લાગેછે.

---

૧ વંદીદાદ ૧૮ ફ૦ ૧—૬.

૨ વંદીદાદ ૯ ફ૦ ૪૭—૫૦.

૩ મેહેર યશત ફ૦ ૧૭—૨૧ ; ૧૧૧ ; ઇ૦

૪ યજશને ૯ ફ૦ ૩૧ ; ઇ૦

૫ દાદસ્તાને દીની, સવાલ ૪૯ મો.

૬ દાદસ્તાને દીની, સવાલ ૪૮ મો.

આગલા જમાનાથી ઉતરતા આવેલા એક ખોટા વિચારથી કેટલાએકો માનેછે કે ફકત સાધુ સંતોનેજ અને પરહેજગારોનેજ માન ઘટેછે અને સંસારીને માન ઘટતું નથી. તેઓ જાત જાતના હુનરમંદો જેઓ દુનીઆનું સુખ અને સગવડાનો વધારો કરેછે તેઓને સાધુઓ અને ભીક્ષુકો જેવા માનવંત ગણતા નથી. તેઓ ફકત ધર્મની, મનની, અને નીતિની વિદ્યા ફેલાવનારાઓને માનવંત ગણેછે. તેઓ કહેછે કે હુનરોને લગતા ધંધાઓથી માત્ર તનનેજ સુખ મલેછે, અને તન તો ફના થવાનું છે ત્યારે તેનાં સુખના ઉપાયો શોધવાપર મોહિત થવું નહી જોઇએ. પણ જરથોસ્તી ધર્મનો ભાવાર્થ અને આગલા જમાનાના ઇરાનીઓનો આચાર વિચારો એવા નથી. તેઓ તન, મન, અને રવાનના કાયદાઓને દરએકને ઘટતી અગત્યતા આપેછે. જેઓએ હુનરના ધંધાઓને હલકા ગણવાનો વિચાર માણસોમાં ફેલાવ્યો હતો તેઓએ દુનીઆને પછાત પાડી અને માણસજાતે ચાખવાના ઘણાએક ફાયદાઓ ઢીલમાં નાખ્યા. જો તેઓએ હાથ હુનરોને હલકા ગણ્યા નહી હતે તો આરકીમીડીસ અથવા રોજર બેકન જેવા કુદરતી વિદ્યાના પૂજારીઓ મધ્ય કાલમાં કોઇ કદાચ થયા તેને બદલે અનેક શોધકો થયા હતે—અને આગગાડી, વીજલીનો તાર, ટેલીફોન, વગેરે યંત્રકળાના લાભો સેંહકડો વરસો ઉપર મળી ચુકીને આજે દુનીઆ ઘણી આગળ વધી હતે. માટે દરેક માણસે—ખસુસન જરથોશતીઓએ—કોઇબી ધંધા અખતીઆર કરતાં તેમાં નીતિ છે કે નહી તેજ પ્રથમ માત્ર જોવું. જેમાં કાંઇબી અનીતિ નથી તે ઉપર કહેલા ચાર વર્ગોમાંના કોઇબી એકમાં આવી શકશે. માટે તેવા ગમે તે ધંધા પકડવા. કોઇબી હલાલ પેશો સાચી

ધાનતે અને નીતિથી કરે તેને માન ઘટેછે અને તેમાં તેને કશી એબ નથી.

શરીર ઉપર ભેજાંના તંતુઓ ફરી વલેલાછે અને આખાં શરીરના દરેક અવયવને ભેજાંના તંતુની જરૂર છે. તેમ મનુષ્ય મંડળના સઘળા ધંધાઓને નીતિ અને, કેળવણીની જરૂર છે. માટે પ્રથમ નીતિ અને કેળવણી પુરતી રીતે અખતીઆર કરવી કે તેની મદદથી ચહડતા અથવા ઉતરતા કોઇબી હલાલ ધંધામાં ફતેહ તથા માન મેળવી શકાશે. અને જે કોઇ પોતાના ધંધામાં સાચી મનશની, સાચી ગવશની અને સાચી કુનશની રાખીને જેટલે દરજજે માણસ જાતને ઉપયોગી થશે તેટલે દરજજે વધારે સવાબકાર ગણા-ઇને આવતી દુનીઆમાં નેક બદલો મેળવી શકશે.

દોહરો.

ધંધાની છે આબરૂ, જો નીતિથી થાય—
બદ નીતિ ધંધા તણી, મોહટી એબ ગણાય.

સવાલો—"હરએક પેશાની આબરૂ અને એબ" એ વિષેના અવસ્તાના કલામો અર્થ સહીત કહો. તેની વધારે સમજણ આપો. ધંધાને લગતી ફરજોમાં કસુર કરવાના જરથોશતી દીનમાં કેવા ગુનાહ જણાવેલાછે તેના દાખલા આપો. હલાલ ધંધાઓમાં શું કરવાથી ગુનાહ અને એબ લાગે છે? શું સાધુ સંતો તથા પરહેજગારો પ્રમાણે હલાલ ધંધા કરનારાઓને માન ઘટતું નથી? એ વિષેની સમજણ આપો. ધંધો અખતીઆર કરતાં શું તપાસવું? સઘળા ધંધાઓને માટે કયા સદગુણોની એકસરખી રીતે જરૂર છે? ધંધાની આબરૂ અને ગેરઆબરૂનો દોહરો કહો.

પાઠ ૧૩ મો.

આપમદદ ઈનસાનને આપઅખતીઆર કરેછે.

[illegible] . . . .

. . . . [illegible]

. . . . . ખા અઓજડ્‌હુ
વસોક્ષઓર[1] . . . .

અર્થ.

. . . . **આપ બળે**
આપઅખતીઆર. . . . .

બીજાંની મદદથી પોતાની હાલત સુધારવાની ઉમેદ નાહી રાખવી, અને પોતાનાંજ કુવત અને કામોથી દુનીઆમાં વધવું—એને આપમદદ કહેછે. જે માણસ એ સદગુણ અખતીઆર કરેછે તે સુખી, સ્વતંત્ર, અને ઈજતદાર થાયછે. જે માણસ પારકી મદદની આશાપર ટીંગાઈ રહેછે તે કંગાળ, પરઆધાર, અને બેઆબરૂ રહેછે. અંગ્રેજીમાં કહેવતો છે કે "ખુદા તેઓનેજ મદદ કરેછે કે જેઓ પોતાને મદદ કરેછે." "ઝુંકતી બીલાડી મરઘું નહી પકડે." વળી આપણાં લોકોમાં કેહવતો છે કે "પરાઈ આશ, સદા નિરાશ." "ભાઈબળ કામનું નહી, બાજુબળ કામનું."

નાંધલું બચ્ચું જો પોતાની મેળે ચાલવા શીખશે નહી તો તે સદા પાંગળું રેહેશે. તેજ પ્રમાણે જો એક માણસ પોતે જાત મેહનતથી પોતાની હાલત સુધારવાને અને સારી

---

૧ પજશને હા ૯ ક૦ ૨૫.

આદતો પકડવાને કોશિશ કરશે નહી તો, તે હમેશાં ખરાબ હાલતમાંજ રહેશે. જે માણસ સગાં વાહલાં અથવા ભાઇબંધોની મદદ મેળવવાની આશા રાખેછે તેને તે ઘણુંકરીને મળતી નથી, અને જો મળેછે તો તેને ગુણકારી થતી નથી, અને જો કદાપી ગુણકારી થાય તોપણ તેમાં તેને કાંઇ માન હોતું નથી તથા સામણું ઓશીઆળું રહેવું પડેછે. રાજની અથવા ધારાની મદદથી એક માણસની હાલત જેટલી સુધરી શકતી નથી તેટલી તેની પોતાની જાત મહેનતથી સુધરેછે. જે માણસ પોતે પોતાને મદદ કરતું નથી તે કદીબી ખરું છુટાપણું ભોગવી શકે નહી. કેમકે જે માણસ પોતે પોતાને મદદ કરેછે તે જેમ બીજાંઓનાં ઓશીઆળાંથી છુટું થાયછે તેમજ પોતાની અંદર રહેલા ખરાબ ખવાસોની ગુલામીમાંથીબી છુટું થાયછે.

"એકવાર એક માણસ જંગલમાં ગયો. ત્યાં તેણે જોયું કે એક સિંહે એક હરણનો શિકાર કરીને ખાધો—પછી તેમાંથી જે કાંઇ વધ્યું સધ્યું રહ્યું તે એક નબલી અને કંગાળ દેખાવની લોંકડીએ ખાધું. પેલા માણસે વિચાર કીધો કે આ નબળાં પ્રાણીને ખુદાએ આવાં જંગલમાં ખોરાક પોંહચાડયોછે તો મારે શા વાસ્તે મહેનત કરવી? મનેબી એજ પ્રમાણે ખાવાનું મળશે. તે વખતે ત્યાં એક પીરમરદ આવી લાગ્યો. તે માણસે તેને પોતાનો ઠેડાવ જણાવ્યો. ત્યારે તેણે તેને ઠપકો આપીને કહ્યું કે 'અરે મૂર્ખ! આ સિંહ અને લોંકડીના દાખલા ઉપરથી જે ધડો મેળવવો જોઇએ તે તેં મેળવ્યો નહી. સીંહ બીજાની મદદની આશા રાખતો નથી પણ પોતેજ પોતાને મદદ કરેછે તેથી તે એવો તો બળવાન અને સ્વતંત્ર થયો છે કે જંગલનો રાજા કેહવાયછે, પણ લોંકડી પારકી મદદને આધારે પડી

રહેછે તેથી તે અત્યંત નબળી, પરતંત્ર, અને ધિક્કાર પામેલી રહેછે.' એજ પ્રમાણે આપબળ પર મુશતાક રહેનાર ચહડતી પદવી મેળવેછે, પણ પારકી મદદની આશા રાખનાર હલકી પદવીએ ઉતરેછે."

"આગળા જમાનામાં થઇ ગયલા હાતમ તાઇ નામનો એક પ્રખ્યાત સખી મરદે એક દીવસે એક આખાં ગામને જીઆફત આપી હતી. તે દીવસે તેને કાંઈ કામસર એકલું જંગલમાં જવું પડયું. ત્યાં તેણે એક કઠીઆરાને લાકડાં કાપતો જોઇને પુછયું કે 'તું હાતમ તાઇની જીઆફતમાં કાંય નથી જતો કે તુંને મેહેનત કરવી નહી પડે? કઠીઆરાએ જવાબ દીધો. 'જે માણસ જાત મહેનતથી રોટી પેદા કરે તે એવો સ્વતંત્ર થાય કે હાતમ તાઈ જેવા સખી નરનાબી આભારમાં નહી રહે.'"

હરિગીત છંદ.

આપયારીથી થશે, ઇનસાન, તું આપઅખતીઆર—
પગ ઉપર પ્રાણી ખડું, દીવાલ પાયે ઉસ્તવાર.
જે ખડું ટેકે રહે તે ઝટ પડે ટેકા વિના—
આપ ટેકો તેજ ટેકો, પરમદદ પોકલ સદા.

સવાલો—આપમદદ વિષેનો અવસ્તાનો કલામ અર્થ સહીત કહો. આપમદદ શાને કહેછે? એ સદગુણવાળું માણસ કેવું હોયછે? પરમદદ ચાહનાર કેવું હોયછે? એ વિષેની કેહવતો કહો. જાત મેહનત વગરનું માણસ કોણની સાથે સરખાવી શકાય? જે માણસ બીજાંઓથી મદદ મેળવવાની આશા રાખેછે તેની હાલત કેવી થાયછે? આપમદદ વિના ખરૂં ઘુટાપણું મળેછે શું? એ વિષેની હેકાયતો કહો. એ વિષેની કવિતા બોલીને સમજાવો.

પાઠ ૧૪ મો.

આપ બળે વધેલાં ઈનસાનો.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

...... કવએમ્ કવાતેમ્ યિમ્ચ કવએમ્ અઇપિ-વોહુમ્ યિમ્ચ કવએમ્ ઉસધનેમ્ યિમ્ચ કવએમ્ અર્ષનેમ્ યિમ્ચ કવએમ્ પિસિનેમ્ યિમ્ચ કવએમ્ બ્યર્ષાનેમ્ યિમ્ચ કવએમ્ સ્યાવર્ષાનેમ્૦ યત્ બાઉન્

વીસ્પે અઉર્વ વીસ્પે તખ્મ વ્રીસ્પે થમનહુહંત વીસ્પે વરેચહુહંત વીસ્પે યઓક્તિવંત વીસ્પે દર્ષિકર કવે.[1]

અવતાન્ હુઝી બાદ્ રાયોમંદ્ ઉ ખોરેહમંદ્, કુ તાન્ ખેષ્કારી ઉ તોખ્માઇ રવા બાદ્[2].

અર્થ.

" . . . . . કએ કોબાદ્, કએ અફ્વેહુ, કએ કાઉસ. કએ અર્ષ, કએ પસીન, કએ બ્યર્ષ, અને કએ સ્યાવક્ષ—એ સઘલા **કયાનીઓ** તેજવાલા, જોરાવર, તનદરૂસ્ત, તેજસ્વી, દાનાવ અને **હીમતથી કામ કરનારા** હતા."

"તમે 'રયોમંદ' અને 'ખુરેહમંદ' થજો, યાને **તમારૂં પોતાનું કામ અને કોશેશ ચાલુ** હોજો!"

આપણાંએ ઘણાંએક કયાનીઓ જેવાં બુલંદ બુની આદનાંજ નહી પણ ઉતરતા વર્ગનાં લોકોમાંથી ચહડતા વર્ગનાં થયાંછે. પુરાતન કયાનીઓમાં કાવે જેવા એક ગરીબ લુહાર ઝુહાક જેવા એક જબરદસ્ત પાદશાહની મુકાબેલ થઇને દેશહિતકારીપણાંની અમર કીર્તિ મેળવી ગયોછે. બુજરચે મેહર એક સાધારણ અથોરનાનનો બેટો પોતાની હુશીઆરી અને કાબેલીઅતથી નોશીરવાન જેવા શેહનશાહના વડા વજીરનો મરતબો પામ્યો હતો. ફીરદુસી તુસી એક ગરીબ ગામડીઆનો બેટો છતાં સુલતાન મહમુદ ગીજનવીની દરબારમાં વખાણાયલો શાયર થયો હતો.

પેહલા સર જમશેદજી એક અપ્રસિદ્ધ પારસીને પેટ અવતરીને આપમદદથી બ્રીટીશ રાજના મુકુથી પહેલા દેશી બેરોનેટની

---

1 જમીઆદ યશ્ત ક૦ ૭૧—૭૨. 2 આફરીને રપીથવન.

પદવી પામેઆ અને જરથોસ્તી ટોળાને જગ આશકાર કીધો. સુરતના કોટવાલ અરદેશર બહાદુરે અને તેના ભાઇ પીરોજશાએ ત્યાંની અદાલતમાં લખનારની સાધારણ પદ્વી ઉપરથી વધીને સરકારના મોહટા ભરોસાના ઓહદા ભોગવતા સાથે એટલાં બધાં નામદારી ભરેલાં કામો કીધાં કે તેઓનાં નામો સુરતમાં બલકે ગુજરાતમાં યાદગાર રહી ગયાંછે. મુલ્લા ફીરોઝ, એદલજી સંજાણા, અને ફરદુનજી મરઝબાન સાધારણ અથોરનાનો છતાં વિદ્યાના પુજારી થવાથી પારસી ટોળાની શાહબરી તથા કેળવણીના આગેવાન ગણાયા. નવરોજજી ફરદુનજી, દાદાભાઈ નવરોજજી, અને સોહરાબજી શાપુરજી બંગાલીનાં નામો આજે દરેક પારસીની જીભેછે. તેઓ ફકત કેળવણીથી લોક ઉપયોગી કામો કરીને પ્રખ્યાતી પામ્યાછે. બેરોનેટ, વાડીઆ, વાહડીઆ, પટેલ, પાંડે, રેડીમની, જીજીભાઈ, તાતા, દાદીશેઠ, બનાજી, કામા, પાર્ટીટ, આલબલેસ, સુરતના મોદી, નવસારીના દેશાઇ, ભરૂચના તથા પુણાના દસ્તુરો, વગેરે ઘણુંએક જાણીતાં પારસી ખાનદાનોના સ્થાપનારાઓ આપમદે વધેલા પુરૂષો હતા.

બીજી કોમોમાંથી પુરૂશારથી વધેલાઓના ઘણા દાખલા મલેછે. જેરેમી ટેલર એક હજામનો બેટો છતાં વધીને એક ચણોજ કવિતાઇ અસરની વઅજ કરનારો ધર્મગુરૂ થયો હતો. રૂના સંચાઓની શોધ કરનાર રીચર્ડ આરકરાઈટ હલકી પદવીથી આગળ વધ્યો હતો.

મજુરપરથી વધીને બ્રીડલી ઇજનેર થયો હતો, કુક નૌકાશાસ્ત્રી થયો હતો, અને બર્નસ કવી થયો હતો.

બેન જોનસન નામનો કવિ, એડવર્ડસ અને તેલફોર્ડ નામના ઇજીનેરો, હ્યુ મીલર જેવો નામાંગો ભરતર વિદ્યા વેત્તા,

અને કનીંગહામ જેવો લખનાર અને બહાવળાં બનાવનાર અસલમાં સુતાર અથવા કડીઆનાં વર્ગના હતા.

વળી આપમદદે સુતાર વર્ગમાંથી કેટલાએક ઉંચા પદવીએ ચઢયા હતા. જેવા કે પૂર્વ દેશની ભાષાઓનો પ્રોફેસર લી, પ્રાણી ગુણ ધર્મ વિદ્યાનો જાણનાર જોન હનટર, શિલ્પશાસ્ત્રી ઇનિગોન જોન્સ, અને નામીચો ઘડીઆલી હેરીસન.

સ્વસેવાથી કેટલાએક વણકરો ઉંચી પદવીઓ પામ્યાછે. જેવાકે ગણીતશાસ્ત્રી સીમસન, પક્ષી વિદ્યાનો ઉસ્તાદ વિલસન, અને આફ્રીકા ખંડમાં શોધ કરનાર ખ્રીસ્તી ઉપાધ્યો ડાકટર લીવિંગસ્ટન.

આપમહાયતાથી મોચીઓની નામીચા અને માન પામેલા થયાછે. જેવાકે મહાન નૌકાધિપતી સર ક્લાઉડસ્લી શોવેલ, વીજળીક શાસ્ત્રમાં પ્રવીણ સ્ટરજીઅન, નિબંધકાર સેમ્યુએલ ડ્રીયુ, કવારતરલી રીવ્યુ નામનાં મોહટાં ચોપાનીઆંનો અધિપતિ ગીફોર્ડ, કવિ બ્લુમફીલ્ડ, અને ખ્રીસ્તી ઉપદેશક વીલ્યમ કેરી.

સ્વસેવાથી દરજીઓની ઉંચી પદવીઓ પામ્યાછે. જેવાકે ઇતીહાસ કર્તા જોનસ્ટલે, ચિત્રકાર જેકસન, અને પોઇતી-અરસની લડાઇમાં દેખાડેલાં શુરાતનને લીધે ત્રીજા એડવર્ડથી નાઇટનો ખિતાબ મેળવનાર સર જોન હોકસવુડ.

ઈ૦ સ૦ ૧૭૦૨ માં વીગોની દરીઆઈ લડાઇમાં પ્રખ્યાત નામનાર એડમીરલ હોબસન એક દરજી હતો. વાઇટના ટાપુમાં બોન ચર્ચ આગળ એક દરજીની દુકાને તે ઉમેદવારી કામ કરતો હતો ત્યારે ગામમાં ખબર ફેલાઇ કે એક લડાઇનાં બારકસનો કાફલો ત્યાંથી રવાના થતો હતો. તેથી તે દરીએ કીનારે તમાશો જોવા ગયો. તેનું મન એકદમ ઉશ્કેરાઇ ગયું અને તેને એક ખલાસી થવાની હોંસ થઇ. તુરત એક

હોડામાં બેસીને એક વોલનટીઅર તરીકે એડમારલની રજાથી તે કાફલા સાથે જોડાયો. ઘણું એક વર્ષ પછી ઘણુંએક માન મેળવીને તે પોતાની જન્મ ભુમીનાં ગામડાંમાં આવ્યો ત્યારે જે નાનાં ઘરમાં એક ઉમેદવાર તરીકે અગાઉ તે કામ કરતો હતો તેમાં તેણે ખાનું લીધું. તેની આટલીબધી ચહડતી થયલી હાલતથી તેને કેટલીબધી ખુશી ઉપજી હશે !

અમેરીકાનાં યુનાઇટેડ સ્તેતસનો નામીચો પ્રેસીડંટ એન્ડ્રયુ જોનસન દરજીઓમાંથી વધેલા મહાન પુરૂષોમાં બેશક સર્વેથી વડો ગણાવો જોઇએ કે જે આપમદદના ગુણથી એક શેહનશાહની બરાબર ગણાય તેવી ઉંચામાં ઉંચા પદવીને પામ્યો હતો. એક દીવસે તે વાશીંગ્ટનમાં ભાષણ કરતાં પોતાને વિષે બોલતો હતો ત્યારે ત્યાં મળેલી ભીડમાંથી કોઇએ ટાખમાં કહ્યું—"દરજી પરથી રાજેશ્રી!". આ બોલવાથી જોનસન નાખુશ ન થતાં બોલ્યો કે "કોઇ ગૃહસ્થ કહેછે કે હું દરજી હતો. પણ તેથી શરમાઇને હું જરાબી ગભરાતો નથી. કેમકે જ્યારે હું દરજી હતો ત્યારેબી માહરૂં કામ હું પોતેજ કરતો હતો અને તેબી વળી બરાબર વખતેજ, બરાબર વાયદાસરજ, અને બરાબર રીતેજ."

બેતો.

ખલકમાં બહુ હતા અદના ગણાતા,
પછીથી તે થયા આળા મનાતા.
સબબ તેનો ખરો ખુદયારી ભાખો,
નસીહત ખુદમદદની યાદ રાખો.

સવાલો—"આપ બળે વધેલાં ઇનસાનો" વિષે અવસ્તાના તથા પાઝંદના કલામો અર્થ સહીત કહો. આગલા ઇરાનીઓમાં આપબળથી ફતેહ મેળવી ગએલા કેટલાએકના

દાખલા આપો. હીંદી પારસીઓમાં આપમદદે વધેલાઓના દાખલા આપો. બીજી કોમોમાંથી ખુદયારીએ વધેલાઓના દાખલા આપો. મજુરોના, કડીઆના, સુતારના, વણકરોના, મોચીઓના અને દરજીઓના. એડમીરલ હોબ્સનની હેકાયત કહો. પ્રેસીડંટ જોનસનની વાત કહો. આ પાઠના નીતિસારની મતા ખોલી સમજાવો.

પાઠ ૧૫ મો.

બુઝરગ ઉમરને માન આપવું.

[illegible]

[illegible]

મેહાં રા પ આઝરમ્ નેકો દારેદ.[1]

અઝ્ દાદ્-મેહ્ ઉ વેહ્ મર્દ્ સખુન્ પુર્સ્.[2]

અર્થ.

"**વડાઓને માનથી** સારી પેઠે રાખજો."

"**ઊમરે વડા** અને ભલા પુરૂષથી મસલહત પુછજો."

ઉમરે વડાંને માન આપવાનો કાનુન માણસોમાં અસલથી ઉતરતો આવેલો છે. જેમ મા બાપને માન આપવાની ફરજ છે તેમજ જેઓ આપણથી ઉમરે વડાં હોય તેઓને માન આપવામાં લાયકી છે. બુજરગ ગૃહસ્થો અને બુજરગ બાનુઓના સફેદ બાલ લાયકીવાળાંઓમાં કુદરતી રીતે તેઓની તરફ માનથી વર્તવાનો વિચાર ઉપજાવે છે. જેઓ ઉમરે વડાં-

---

1 બનામે હોરમઝદ. 2 આદરબાદનું પંદનામું ક૦ ૬૭.

ઓનું માન સાચવે નહી તેઓ લાયકીવાળાં ગણાય નહી. દરએક જણને ધટારત છે કે જેઓ ઉમરે વડાં હોય તેઓને માન આપવું, ઉઠીને તેઓને જગા આપવી, અને જ્યારે તેઓ બેસી રહે ત્યારેજ બેસવું; તેઓની સાથે નમનતાઇથી વાત કરવી; તેઓનાં દેખતાં સારી સલુકાઇ રાખવી; તેઓ તરફ બેઅદબી કરવી નહી; તેઓનાં દેખતાં હદથી જીઆદા હસવું નહી; ટુંકાંમાં કોઇબી રીતે તેઓની તરફ નહી છાજે એવી ચાલ ચલાવવી નહી.

પુરાતન ઇરાનીઓમાં એટલોબધો અદબ જાળવવાનો ચાલ હતો કે માબાપની હજુરમાં બેટા બેટીઓ તેઓની રજા મળે ત્યાંલગી બેસતાં નહી હતાં, પણ ખડે પગે કલાકોના કલાકો સુધી ઉભાં રેહતાં હતાં. એજ પ્રમાણે તેઓ બીજાં બુજરગ માણસોનેબી માન આપતાં હતાં. ઘણીખરી સુધરેલી પ્રજાઓમાં બુજરગ ઉમરવાળાંઓને માન આપવાનો ચાલ છે. જે લોકોમાં એ પ્રમાણે નાંધલાંએ મોહટાંને માન આપવાનું જોવામાં નહી આવે તે લોકોમાં સભ્યતાની કમી જાણવી.

કેટલાંક છોકરાંઓ ઉમરે વડાં માણસોની હજુરમાં મર્યાદા રાખતાં નથી અને તેઓને માન આપતાં નથી, તેઓને ડાહ્યાં અને શ્યાણાં કેહવાં નહી જોઇએ. કેટલાંએકો થોડું ઘણું શીખવાથી એવાં છલકાઇ જાયછે કે તેઓ પોતાને સઘળી બાબતોમાં પાર પડેલાં સમજેછે. અને તેથી જો કોઇને પોતાનાં કરતાં ઉમરે વડાં છતાં ઘણું શીખેલું જોતાં નથી તો તેને પુરતું માન આપતાં નથી. પણ એમાં તેઓની મોટી ભૂલ છે. કેમકે જેઓ ઉમરે વડાં હોયછે તેઓ કદાચ શીખેલાં નહી હોય તોપણ તેઓને જીંદગીનો જેટલો અનુભવ મળેલો હોયછે, તેટલો નહાની વયનાંઓ જોકે શીખેલાં

હોય તોપણ તેઓને મળેલો હોતો નથી. માટે નહાની વયનાંઓને ઘટેછે કે વડાંઓના પાકા અનુભવને ખાતર તેઓની તરફ માનથી વર્તવું અને તેઓના અનુભવનો લાભ મેળવવો.

ઉમરે વડાંઓને માન આપવામાં કશું નુકસાન થતું નથી બલકે કેટલીએક વખતે ફાયદો થાયછે. કેમકે આપણે તેઓને માન આપીને ખુશ કરીએ છઇએ અને તે સાથેજ તેઓની નજરમાં તથા દુનીઆની નજરમાં લાયકીવાળાં તથા માન પામેલાં થઇએ છઇએ. માટે એક ઉમરે વડું માણસ ગમે એવું ગરીબ હોય તોપણ તે આપણા સંબંધમાં આવતાં તેને માન આપતાં રેહવું. જેઓ એથી ઉલટી ચાલ ચલાવેછે તેઓને ગેરસલુકાઇવાળાં અને રીતભાત વગરનાં જાણવાં.

"એક જવાંફ ઓરતનો બેટો વાઘની અને હાથીના સામણે લડી શકે એવો જોરાવર થયો હતો. જુવાનીની મગરૂરીથી તે પોતાની માદરને ગણકારતો કે માન આપતો નહી હતો. એક વાર તેણીએ તેને કહયું કે તારી બચપણમાં તું મારી કેડપર કેવો અશકતપણે બેસતો હતો તે વખત જો તું યાદ કરે તો આજે હવે હું બુઢી થઇ છું અને તું વાઘ જેવો થયોછે ત્યારે તું મારી તરફ સખતાઇ વાપરે નહી." સારાંશ કે બુજરગ ઉમરનાંઓની કાંઇ નબળાઇ અને અશકતાઇ જણાય તો બને તેમ તેઓની તરફ દયાથી દરગુજર કરવી અને બને તેમ તેઓને અપમાન આપવું નહી. તેઓને અપમાન કરવા અગાઉ વિચાર કરવો કે આપણે નાહાનપણમાં નબળાં હતાં, એકવાર ઘડપણમાં તેવાં થઇશું, તે વખતે આપણને જો કોઇ અપમાન કરશે તો આપણથી તે ખમાશે ?

બેતો.

બુઝરગ ઉમ્મર તરફ ઇજ્જત બતાવો,
શરત તાઝીમ તવાઝાની બજાવો.
બુઝરગ ઉમ્મરને જે ઇજ્જત દીએછે,
ફરી પડછાયે તે ઇજ્જત લીએછે.
બુઝરગ ઉમ્મરની ઇજ્જત જે ન રાખે,
પશેમાનીનું ફળ જલદીથી ચાખે.

સવાલો—"બુઝરગ ઊમરને માન આપવું" એ વિષેના પાઝંદના કલામો અર્થ સહીત કહો. બુજરગ ઊમરનાંઓ તરફની માન ભરેલી વર્તણુક સમજાવો. પુરાતન ઇરાની ઓમાં એ વિષેનો કેવો રીવાજ હતો? જે લોકોમાં એવી રીતભાંત નહી હોય તેઓ કેવાં સમજવાં? છોકરાંઓએ ઊમરે વડાંને માન કાંય આપવું જોઇએ? તેથી શું શું ફાયદા થાયછે? એ વિષેની એક હીકાયત તેના નીતિ સાર સાથ કહો. એ વિષેની બેતો બોલીને સમજાવો.

પાઠ ૧૬ મો.

વેર રાખવું નહી.

[illegible]

[illegible]

. . . .

[illegible]

[illegible]

[illegible]

[illegible]

યો ચિશ્ચ. . . . . .
એનહુહાઓ અસ્તિ મઐ્યો

. . . .

રકે દેમ પે મનો કેરેનૂઇધિ.[1]

. . . . . કીને રા રવાને ખેષ્ તવાહ્ મ કુન્.[2]

. . . . . ચેગુન્ મારે સીઆહ્ કુ સદ્-સાલેહ્ કીને ન ફરમૂષેદ્.[3]

---

૧ યજશ્ને હા૦ ૯ ક૦ ૨૮.

૨ આદરબાદનું પંદનામું, ક૦ ૮૪.

૩ આદરબાદનું પંદનામું, ક૦ ૧૦૦.

અર્થ.

"જે કોઇ કે. . . . .

વેરી છે માણસ.

. . . .

પુરેલું કર તેનું મન."

". . . . . **વેરથી** પોતાના આત્માને ખરાબ મા કર."

". . . . . કાળા સાપની મીસાળે, જે લાંબી મુદતનું **વેર** નહી વીસરે."

કોઇએ આપણને કાંઈ નુકસાન કીધું હોય તેને પાછું નુકસાન કરવાનો વિચાર મનમાં રાખવો અને જ્યારે આપણે તેને નુકસાન કરી રહીએ ત્યારેજ આપણાં મનને કળ વળેલી સમજવી એ એક મોહટો દુર્ગુણ છે જે કીનો અથવા વેર કેહવાયછે. વેર રાખવું અથવા વેર લેવું એ ગુનાહનું કામ-છે. કોઇ આપણને નુકસાન કરે તેના બદલામાં આપણે તેને નુકસાન કરવું નહી. કારણ કે દરેક માણસ જે કાંઇ ગુનાહ કરેછે તેને તેની સજા કરવાનો અખ્તિઆર ખુદાએતાલાને અથવા રાજકર્તાને છે. હવે જો કોઇએ આપણને નુકસાન કીધું હોય અને આપણે જો તેનાં વેરમાં તેને પાછું નુકસાન કરીએ તો આપણે ખુદાનો અથવા રાજકર્તાનો અખ્તિઆર છીનવી લેવાનો ગુનાહ કીધેલો ગણાય. એટલુંજ નહી પણ જેમ તેણે આપણને નુકસાન કરવાનો ગુનાહ કીધો તેમજ આપણે તેને નુકસાન કરવાનો ગુનાહ કરીએ—કદાચ જો તેને વધારે નુકસાન કરીએ તો તે કરતાં વધારે ગુનેહગાર થઇએ.

"હારૂન-અલ-રશીદનો એક છોકરો તેની આગળ ઉશ્કેરાઇને ફરીઆદ કરવા લાગો કે ફલાના ચોબદારના બેટાએ મને ગાળ દીધી. તે વખતે કચેરીમાં બેઠેલા અમીર ઉમરાવોએ પોતાના શાહજાદાને ગાળ દેનારને સખત સજા કરવાની સલાહ આપી. એકે કહ્યું કે તેને મારી નાખવો. બીજાએ કહ્યું કે તેની જીભ કાપી નાખવી. ત્રીજાએ કહ્યું કે તેને ભારી દંડ કરીને દેશનીકાળ કરવો. એ પ્રમાણે જેમ જેનાં ધ્યાનમાં આવ્યું તેમ વેર લેવાને સુઝ્યું. ત્યારે હારૂન બોલ્યો 'અરે બેટા, તું જો ઉદાર હોય તો તારે તેને માફ કરવું જોઇએ. જો તું ઉદાર થઇ શકતો નહી હોય તો તારે ગમે તો તું તેને કદાચ પાછી ગાળ દઇ શકે. પણ જો તેમ કરતાં તારાથી તેના કરતાં વધારે ગુનાહ થાય તો પછી તે જે હવડાં આરોપીછે તે ફરીઆદી થાય અને તું જે હવડાં ફરીઆદી છે તે તોહમતદાર થઇ પડે'."

વેરનું વિખ જેનાં દીલમાં વસેછે તેનાં મનને કાંઇ શાંતિ અથવા ચેન પડતું નથી. તે પોતાનું વેર છુપાવવાને ગમે તેટલી યુકતીઓ કરે તોપણ તે જણાયા વિના રેહતું નથી. વેરીની હાલત ઘણી દુઃખ ભરેલી થાયછે. તે રાત દાહડો બીજાનું બુરૂં ઇચ્છેછે, તેને માટે બુરૂં બોલેછે, અને હરએક રીતે તેનું બુરૂં કરવામાં મશગુલ રહેછે. તે જે આટલી બધી જેહમત ખેંચેછે તેનું ફળ નથી તેને મળતું કે નથી બીજાને. તેની સઘળી મેહનતનું ફળ બીજાનાં નુકસાન તથા નાશ અને પોતાની નામોસી તથા પસ્તાવામાં આવેછે.

વેર લીધાથી કશો ફાયદો થતો નથી. પણ વેર નહી લીધાથી સામણો ફાયદો થાયછે. જે માણસ વેર લેતું નથી તેને પોતે ભલી ચાલ ચલાવવાનો સંતોષ મળેછે, અને તેને વિષે બીજાંઓમાં ઉંચું મન બેસેછે, કે જેવો સંતોષ અને

ઉંચું મત જો તે વેર લેતે તો તે મેળવી શકતે નહી. વેર લીધાથી કદાચ થોડો વખત મનને સુખ થાય, પણ માફ કરવાથી તો જ્યારેબી તે વાત યાદ આવે ત્યારે સુખ થાય. વેર લેવામાં માણસ પોતાનો હેવાની ખવાસ જાહેર કરેછે, પણ માફ કરવામાં ખુદાઇ ખવાસ ધરાવવાનું માન પામેછે. એક કવિ કહેછે કે "સજ્જન વેર રાખતા નથી, તેનો પોતાનો નાશ થાય તોબી તે પોતાના શત્રુનું ભલું કરેછે. જેમકે સુખડનું ઝાડ જે કુહાડો તેને કાપે તેનીજ ધારને ખુશબોદાર કરેછે."

"મીલટાયડીસ નામના એક યુનાની સરદારે ઇરાનના નામાંકીત પાદશાહ દારયવુસ વીસ્તાસપ (દારાયસ હીસ્તાસપીસ) થી ઘણીએક મેહરબાનીઓ મેળવ્યા છતાં તેની સાથે ઘણી ખરાબ ચાલ ચલાવી હતી. એકવાર તેણે પોતાના સ્વદેશીઓ જેઓ દારયવુશની નોકરીમાં હતા અને જેઓને એક ચોકસ પુલ જાળવી રાખવાનું કામ તેણે સોંપ્યું હતું કે જે પુલ સલામત રહેવા ઉપર દારયવુશની સલામતીનો આધાર હતો તેઓને તે પુલનો નાશ કરવાને ઉશ્કેરણી કીધી હતી. બીજી વખતે જ્યારે દારયવુશે પોતાના બે સરદારો 'દાત્યો' (દાતીસ) અને 'અરેતો-ખરેનો' (આરતા-ફરનીસ) ની સરદારી હેઠલ ગ્રીક લોકોની સામણે લસ્કર મોકલ્યું ત્યારે ગ્રીક સરદારોની લડાઇ કરવાની મરજી નહી હોવા છતાં તેણે તેઓને ઉશ્કેરીને મેરેથોનની લડાઇ કરાવી અને દારયવુશનાં લશ્કરનો નાશ કરાવ્યો. જે માણસે તેના આગલા ઉપકારો છતાં તેની તરફ આવી નાલાયક ચાલ ચલાવી હતી તેની ઉપર મહાત્મા દારયવુશે કેવી રીતે વેર નહી લીધું તે જુઓ! કેટલાએક વખત પછી જ્યારે મીલટાયડીસના છોકરા મેટીઓકસની સરદારી હેઠલનું એક વાહણ દારય-

વુશના દરીઆઇ લડવાઇઆઓએ જીતી લીધું અને મેટી-ઓકસને કેદ પકડીને દારયવુશની આગલ લઇ ગયા ત્યારે તેઓ આશા રાખતા હતા કે મીલટાયડીસ તરફનાં વેરને લીધે દારયવુશ મેટીઓકસને શિક્ષા કરશે. પણ મહાત્મા દારયવુશે તો વેરને બદલે સામી તેની ઉપર નવાજેશો કીધી. તેણે તેને એક ઘર અને મીલકત આપી એટલુંજ નહી પણ એક ઇરાન દેશની બાયડી પરણાવી આપી અને તેણીને પેટે થનારાં છોકરાંઓને ઇરાનીઓના જેવા હક્કો આપ્યા."

બએત.

વેર જાણો પ્યાલો વિખનો જે જીગર કાપે સદા,
વેરી તન મન ધન બિગાડી આખેરે હેમે જફા.

સવાલો—વેર રાખવું નહી એ વિષેના અવતરણ તથા પાઝંદના કલામો અર્થ સહીત કહો. વેર શાને કેહવું ? કોઇ આપણને નુકસાન કરે તેના બદલામાં આપણે તેને નુકસાન નહી કાં કરવું ? એ વિષે એક હેકાયતનો દાખલો આપો. વેરનું વિખ દીલમાં પેવસ થવાથી કેવી અસર થાયછે ? વેર નહી લીધાથી કેવા ફાયદા થાયછે ? એ વિષે એક કવિ શું કહેછે ? વેરને ઠેકાણે બખશેશો કરવા વિષે દારયવુશ વીશ્તાસ્પની હેકાયત કહો. આ પાઠના સારાંશની બએત બોલીને સમજાવો.

પાઠ ૧૭ મો.

કસરત તનદરૂસ્તીનું એક સાધનછે.

[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]

યાસામિ. . . . . . અઓમ્ મિપઇતિ૰તાનેમ્ અઉર્વંતેમ્ યો અડ્હુત્ આસુશ્ ઉઝ્ગસ્તો હુશ્ઓઉર્વંએસો વાષાહુ પેપનએષુચ.[1]

બાઝ્વાઓ અઓજો તન્વો વીસ્પયાઓ દ્રવતાતેમ્ તન્વો વીસ્પયાઓ વઝ્દ્વરે.[2]

અર્થ.

"માંગુંછું . . . . . તે **એપગો તેજીવાલો જે** હોય **શેતાબ, બાહેર આવનારો, કુશલતાથી ફરતો રથોમાં અને લડાઈઓમાં.**"

"બંધે બાજુમાં કુવત, તમામ તનની દરૂસ્તી, તમામ તનની મજબુતી."

---

૧ આવાં યશત કે૦ ૧૩૧. ૨ બેહરામ યશત કે૦ ૩૩.

ઉપલાં અવસ્તાનાં વાક્યોમાં બદનની જે જે શક્તિઓ જણાવીછે તે મેળવવાને પુરાતન ઇરાનીઓ હમેશાં આતુર હતા. એ શક્તિઓ મેળવવાનું, જાળવી રાખવાનું, અને વધારવાનું એક મુખ્ય સાધન કસરત છે. કસરતનો રેવાજ તેઓમાં સાધારણ હતો. યુનાની ગ્રંથકારો[1] લખી જાયછે કે ઇરાનીઓમાં કસરત નહી કરે એવું કોઇજ માણસ જોવામાં આવતું હતું. તેઓને નહાનપણથી ત્રણ બાબતો જરૂર શીખવવામાં આવતી હતી. પેહલું—સાચું બોલવું, બીજું—ઘોડાપર બેસવાની કસરત, અને ત્રીજું—નીશાનબાજી. શાહનામાં વગેરે તવારીખો પરથી જણાયછે કે ચાલવાની, દોડવાની, સવારી કરવાની, કુસ્તી રમવાની, દડા ફેંકવાની, શીકારની, અને એવીજ બીજી મરદાનગીની કસરતો પુરાતન ઇરાનીઓમાં જાએજ હતી. તેથી તેઓ જોરાવર અને હીમતવાન રેહેતા હતા. આપણ જરથોશ્તીઓ તે પેહલવાની પ્રજાની ઓલાદ છઇએ, પણ હાલ આપણામાં દરેક જણ કસરત કરતું નથી, એ બહુ ખોટું છે. આપણાં ફાયદાને માટે આપણા બાગાનો પ્રમાણે આપણેબી કસરતો જાએજ રાખવી જોઇએ.

કસરતથી અનેક ફાયદા હાસેલ થાયછે. જેમકે શરીરમાં લોહી બરાબર ફરતું રેહેછે તેથી દરેક અવયવને બરાબર પોષણ મળીને તે ખીલેછે; ખોરાક પચેછે અને બદનમાંની નકામી તથા નુકસાનકારક ચીજો બાહેર નીકલી જાયછે તેથી તે નીરોગી રેહેછે; તન સાથ મનની ચંચલાઇ વધેછે; અને જીંદગી લાંબી થાયછે. શીકારીઓ, ખલાસીઓ, લશ્કરી સીપાહો, અને બીજાં જે જે લોકો અંગને કસતાં રેહેછે તેઓ સારી તનદરૂસ્તી અને લાંબી જીંદગી ભોગવેછે.

---

[1] જરથોસ્તી અભીઆસ પુસ્તક ૧ લું, અંક ૭ મો, સફે ૪૫૩.

જે છોકરાંઓ અભ્યાસ કરેછે તેઓને તો તનદરૂસ્તી જાળવવાને સારૂ કસરત બહુ જરૂરની છે. તેઓને ગમે અથવા નાહી ગમે તોબી તેઓએ અભ્યાસની સાથે કસરત જારી રાખવી જોઇએ, નાહી તો વખત જતાં તેઓની તનદરૂસ્તી ખરાબ થયા વગર રેહેશે નાહી. અને એક વાર તનદરૂસ્તી લથરવા પછી અભ્યાસ કે બીજું કાંઈબી કામ સારી પેઠે કરી શકાતું નથી અને એ વિષેની પોતાની ગફલતનો બહુ પસતાવો થાયછે.

કસરત કરવેલે વખતે નિયમસર થવી જોઇએ. તે દરરોજ એકની એક નાહી પણ જુદી જુદી તરેહની થવી જોઇએ. તે એવી રીતે થવી જોઇએ કે જેથી મનને કંટાળો નાહી છુટતાં ખુશી ઉપજે. કોઇ દહાડે ખુલ્લી હવામાં ફરવાની તો કોઈ દહાડે ક્રીકેટની, તો કોઇ દહાડે કસરતશાળાની; કોઇ દહાડે હલેસાં ખેંચીને હોડી ચલાવવાની તો કોઈ દહાડે તરવાની; કોઇ દહાડે સુથાર અથવા કરાઇનાં ઓજારોની; કોઈ દહાડે ઘોડાપર સવારી કરવાની; કોઈ કોઇ વખત જોગવાઇ બને તો ટુંકી અથવા લાંબી મુસાફરીએ જઇને હવા પાણીનાં ફેરફાર સાથે હરએક માફકસરની કસરત લેવી. કસરત કરવા સાથે મીજાજ હમેશાં ખુશ રાખવો. કેમકે તેથીજ કસરતનો ફાયદો મળેછે. કસરત લીધા પછી જો શરીરમાં પરસેવો પડયો હોય તો તે ઉપર ઠંડો પવન ફુંકવા દેવો નાહી. એટલીબધી કસરત કરવી નાહી કે જેથી ઘણો થાક ચહડે. દર વખત કસરત કીધા પછી પુરતી આસાયશ લેવાને ચુકવું નાહી.

સર્વે જમાનાઓમાં જેઓએ મગજનું કામ કીધુંછે તેઓ હમેશાં કાંઇ નહી ને કાંઈ કસરત કરતા રહ્યાછે. અરસ્તાતાલીસને વિષે કેહવાયલું છે કે તે પોતાના

ચેલાઓને ભાષણ કરીને શીખવતી વખતે હમેશાં ચાલ હાલ કરતો હતો. ઈસપ અને તેરેન્સ ગુલામો હતા તેથી પુસ્તકો બનાવવા સાથે સઘલી જાતની મેહનત મજુરી કરતા હતા. કલીઅનથીસ જે નામીચા ફીલસુફ ઝીનોની જગાએ આવ્યો હતો તે એક બાગબાનને ત્યાં નોકર હતો—તે દીવસે અભ્યાસ કરતો હતો અને રાત્રે પાણી ખેંચીને બાગનાં ઝાડોને પાતો હતો. પ્રખ્યાત જુલીઅસ સીઝર પોતાની લશ્કરી છાવણીમાં અભ્યાસ સાથે લશ્કરી કવાયદ ચાલુ રાખતો હતો. શાર્લમેન ગસ્તેવસ વાઝા, અને બીજા ઘણાએક મહાન પુરૂષો હમેશાં કસરત કરતા હતા. જો તેઓ કસરત નહી કરતે તો તેઓ જે વખાણ મેળવી ગયાછે તે મેળવતે કે નહી તે શક ભરેલું છે. હાલમાં ઈંગ્લાંડનો મશહુર બુઢો મહાન રાજદ્વારી મી૦ ગ્લાડસ્ટન કુહાડાથી મોહટાં ઝાડો કાપવાની અને લાંબે સુધી ચાલવાની કસરત રાખેછે.

દોહરા.

કસરત દે આરોગ્યતા, ખુશમીજાજ 'ને સુખ—
કરે અંગને શોભતું, દીયે ઉંઘ 'ને ભૂખ.
તનબળથી મનબળ વધે, સહેલાં થાયે કામ—
જીંદગીનો લાવો મળે, જન પામે સુખધામ.

સવાલો—કસરતની અગત્યતા દેખાડે એવા અવસ્તાના ફલામો અર્થ સહીત કહો. પુરાતન ઇરાનીઓના કસરતના રેવાજ બાબે યુનાની ગ્રંથકારો શું લખી ગયાછે? કસરતથી કેવા ફાયદા થાયછે? છોકરાંને કસરત ઘણી જરૂરની કેમ છે? કસરત કરવાની રીતો કહો. અરસ્તાતાલીસ, ઇસપ, તેરેન્સ, કલીઆનથીસ, જુલીઅસ સીઝર, શાર્લમેન, ગસ્તેવસ વાઝા, વગેરેની કસરતની આદત વિષે શું કેહવાયલું છે? કસરત વિષેના દોહરા બોલીને સમજાવો.

પાઠ ૧૮ મો.

અશો જરથોશતને લગતી ટુક નોંધો અને તેની દીન શીખવા તથા પાળવાની અગત્ય—ભાગ ૧ લો.

[illegible]

[illegible]

અષવ બવાહિ યથ ઝરથુશ્ત્રો સ્પિતામો.[1]
વોસ્-ફેરફે એદ્ ચુન્ ઝરથોશ્તર.[2]

અર્થ.

" સપેતમાન **જરથોશ્ત જેવો અશો** થજે."
" **ઘણા સવાબી** થજો **જરથોશ્તની મીસાલે.**"

ઉપલા અવસ્તામાં તથા પાઝંદમાં જરથોસ્ત જેવા ભલા અને સવાબકાર થવાની તાકીદ અને દુઆ કીધીછે. માટે દરેક જણે તેની જીંદગીનો ભરોસા ભરેલો એહવાલ જાણવો જોઇએ અને તેની દીનની માહીતી મેળવવી જોઇએ કે તેથી બને તેટલું તેના જેવું અશો થવાને બની આવે.

અશો જરથોશ્તની હકીકત અવસ્તા, પેહલવી, પાઝંદ, ફારસી, ગ્રીક, લેટીન, ગુજરાતી અને એ સીવાય બીજી ઘણી એક જુબાનોની કેતાબોમાં લખાયલી છે. તેમાં સહુથી જુની અવસ્તામાં લખાયલી છે. અવસ્તા ઇ૦ સ૦ ની અગાઉ એક હજાર અથવા બારસો અથવા તેથીબી વધારે વર્ષો ઉપર

---

૧ આફરીને જરથોશત ક૦ ૪. ૨ આફરીને બુઝરગાન.

લખાયા હતા. તે પછી ઈરાનમાં હખામની આન વંશનાં રાજમાં (ઈ૦ સ૦ પૂર્વે ૫૫૮—૩૩૧) ગ્રીક લખનારાઓને ઈરાનીઓ સાથે વેહવાર પડયો હતો. તેઓ ઈરાનીઓથી સાંભળેલું લખી ગયાછે કે જરથોસ્ત તે વખતથી કેટલીએક સદીઓ આગમજનો થઈ ગયો હતો. જરથોશ્તનો સને ચોકસ નથી. કારણ કે આગલા ઈરાનીઓમાં મુકરર કરેલો સને કદી ચાલતો નહી હતો. તોપણ હાલની શોધ પ્રમાણે આજથી ત્રણ હજાર બસોથી તે ચાર હજાર વરસોની વચમાં માનવામાં આવેછે.

જરથોસ્ત એક હયાત પુરૂષ થઈ ગયોછે તેની કેટલીએક સાબેતીઓ છે. પેહલું—તેણે બનાવેલી ઘણીએક ગાથાઓ ભરોસેદાર યુનાની લખનારાઓએ જોઇ હતી. અને કેટલાકોએ તેઓના તરજુમા ગ્રીક ભાષામાં કીધા હતા. બીજું-- તેની ઘણીએક ગાથાઓમાંની થોડીએક આજ લગી મોજુદ છે જેમાં તે બીજા કોઇબી હસ્તી ધરાવનાર પુરૂષ જેવો પોતાને જણાવેછે. પુરાતન અવસ્તા, યુનાની, અથવા બીજાં કોઇબી આગલાં લખાણમાં એમ જણાવ્યું નથી કે તે એક કલ્પિત પુરૂષ હતો. ત્રીજું—આગલા જમાનાની કથા કહાણીઓ કોઇ અસાધારણ ચમત્કારોથી દીલને ઉસ્કેરવા, કોઈ નીતિ શીખાડવા, અથવા કુદરતના કોઈ બનાવનું રૂપક અલંકારથી વર્ણન કરવા માટે બનાવવામાં આવેલીઓ છે. એમાંની કોઇબી મતલબ જરથોસ્તના એહવાલમાં જોવામાં આવતી નથી, કેમકે તે સાદો અને માનવા જોગ છે. તેનું નામબી કોઇ ચમત્કાર સુચક, કોઇ નીતિ ગુણ દર્શક અથવા કોઇ કુદરતી બનાવનું રૂપક નથી પણ તેના જમાનામાં જેમ બીજાં માણસોનાં સાધારણ નામો પશુ જાનવરો ઉપરથી આપવામાં આવતાં હતાં તેવુંજ છે.

જરથોશ્ત નામનો ધાતુઅર્થ 'બુઢાં અથવા પીળાં ઉંટો ધરાવનાર' કરીછે. એ નામ તે વખતનાં બીજાં નામો જેવુંજ છે. જેમકે "રૂષઓષ્ત્ર" નીરોગી ઉંટો ધરાવનાર, "વોહુઉષ્ત્ર" સારાં ઉંટો ધરાવનાર, "પોઉરૂશ્અસ્પ" ઘણા ઘોડા ધરાવનાર, "અરેજત્અસ્પ" કીમતી ઘોડા ધરાવનાર, "સ્રીરઓક્ષન" સુંદર બળદો રાખનાર, વગેરે, વગેરે. એ પ્રમાણે તે જમાનામાં પશુઓ ઉપરથી નામો પડાતાં હતાં. તે હલકાઇને માટે નહી પણ ઉકમાઇથી પડાતાં હતાં. કારણ કે જેમ આજે કીમતી ધાતુઓ દોલત ગણાયછે તેમ તે જમાનામાં પશુ ઢોરો દોલત ગણાતી હતી. જરથોશ્ત નામનો અર્થ 'બુઢાં અથવા પીળાં ઉંટો રાખનાર' થાયછે તે ઉપરથી એમ નહી સમજવું કે જરથોશ્ત ખરેખર ઉંટો રાખનાર હતો. આજે કોઇનું નામ હીરાજી અથવા માણેકજી હોય તેથી તે કાંઇ પોતે હીરો અથવા માણેક છે એમ આપણે સમજતાં નથી. એજ પ્રમાણે જરથોશ્તનું નામ અને બીજાં ઉપલાં નામોબી સમજવાં. હીરા, માણેક, વગેરે ચીજો ઉપરથી માણસોનાં નામો પાડવાનો આજે ચાલ છે તેમ તે જમાનામાં ઢોરો ઉપરથી નામો પાડવાનો ચાલ હતો તેથી જરથોશ્તનાં માબાપે તેનું નામ તેવું પાડયું હતું.

જરથોશ્ત 'સ્પીતમ'નાં ખાનદાનનો હતો તેથી તે 'સ્પીતમ જરથુષ્ત્ર', 'સ્પેતમાન જરથોશ્ત', 'જરથોશ્તે સ્પેતમાન' અથવા ફકત 'સ્પેતમાન' કરીબી કેહવાયછે. એજ ખાનદાનનાંઓ તેઓની પેહડીમાં થઇ ગયલા 'હએચત્ અસ્પ' નામના એક નામીચા પુરૂષ ઉપરથી 'હએચત્ અસ્પા' અથવા 'હએચત્ અસ્પાન' કરીબી કહેવાયછે. જરથોશ્તની મોસાળેજ તેની 'પઓઉરૂચીસ્તા' નામની એક બેટીને 'હએચત્ અસ્પાના' અને 'સ્પિતામી' એટલે હએચત્-અસ્પની ઓળાદની તથા સ્પિતમની ઓળાદની કરી કહીછે.

જરથોસ્તના બાપનું નામ 'પઓઉરુશસ્પ' હતું. તેની માનું જન્મ નામ જણાયલું નથી તોપણ તે 'હવોવ' નામનું જે એક ખાનદાન હતું અને જેને 'ગાવિષ'નું ખાનદાન કરીખી કેહતા હતા તેમાં જન્મેલી હતી તેથી જેમ જરથોસ્તની બેટી 'પઓઉરુચીસ્તા'ને 'હએચત્ અસ્પાના' તથા 'સ્પીતામી' એવાં બે ઉપનામથી ઓળખાવીછે તેમ તેને "દોગદો" કે જે અસલ 'દુગેદા હવોવીઆ' એટલે હવોવની બેટી કરી હતું તે નામે, અથવા 'ઝાવિષી' એટલે ઝાવિષનાં ખાનદાનની એવે નામે ઓળખાવીછે. એ હવોવનાં ખાનદાનમાં જરથોસ્તના બે મોહટા નામીચા સાથીઓ ફ્રષઓષ્ત્ર અને જામાસ્પખી જન્મેલા હતા.

જરથોસ્તનો જન્મ રએ પ્રાંતમાં "પશતિઝબાર" (અથવા "પદષ્ખ્વાર") નામના પહાડમાંથી વેહતી "દરજી" નામની નદી જેને "દરગાહિવશ્નીશ" કરીખી કેહેલાછે તેને કીનારે 'પઓઉરુશસ્પ'નાં ઘરમાં થયો હતો.

જરથોસ્તનો જન્મદિવસ અવસ્તાપરથી ચોકસ જણાતો નથી. જરથોસ્તનાં બચપણની હકીકતની નોધ અવસ્તામાં રહી નથી. તેની કેળવણી અથવા તેના ઉસ્તાદ વિષે કાંઈ જણાયલું નથી. તોપણ ઉમરે પુગવા પછીથી તેણે પોતાની જાતી કોશેશથી જ્ઞાન મેળવવાનો અને ખુદ અહુરમઝદ પાસેથી શીખવાનો ઠરાવ કીધો હતો. એ ઉપરથી દરએક જણે બોધ લેવો જોઈએ કે જ્ઞાન મેળવવાને કદી અસુરું થતું નથી. માટે શું જુવાન કે શું બુઢા, શું ગરીબ કે શું તવંગર, અશો જરથોસ્તની મીસાલે જ્ઞાન મેળવવાની તથા અશો થવાની ઉમેદ હમેશ રાખવી.

દોહરો.

જ્ઞાની થઈ થાવું અશો, એ જરથોસ્તની રીત—
નકલ કરેથી તેહની, પામો ઈશ્વર પ્રીત.

સવાલો—અશો જરથોસ્તના જેવા થવા વિષેના અવસ્તાના તથા પાઝંદના કલામો અર્થ સહીત કહો. અશો જરથોસ્તની હકીકત કઇ કઇ ભાષાઓમાં આવેલીછે? સર્વેથી જુની કઇ? અવસ્તા કયારે બન્યા હતા? અશો જરથોસ્તનો સને કેમ નથી? જરથોસ્ત એક હયાત પુરૂષ હતો તેની સાબેતીઓ આપો. 'જરથોસ્ત' નામનો ધાતુઅર્થ સમજાવો. એવાં બીજાં કેટલાંએક નામો સમજાવો. ઊકમાઇએ ઢોરો પરથી નામો પાડવાનું શું કારણ? સપેતમાન અને હએચતઅસ્પાન એ ઇલકાબો સમજાવો. જરથોસ્તના બાપ તથા માનાં નામો કહો. જરથોસ્તનો જન્મ કયાં અને કયારે થયો હતો? જરથોસ્તનાં બચપણ તથા કેળવણી વિષે શું જણાયલું છે? તે ઊપરથી કેવો બોધ લેવો?

પાઠ ૧૯ મો.

અશો જરથોસ્તને લગતી ટુક નોંધો અને તેની દીન શીખવા તથા પાળવાની અગત્ય.—ભાગ ૨ જો.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

. . . . દાઇદી. . . . . .

. . . . મઝદા ઝરથુષ્ત્રાઇ અઓજોઙહુવત્ રફેનો

અઝ્ઞઇબ્યાચા અહુરા યા દઇબિશ્વતો દ્વએષાઓ

તઉર્વયાઆ.[1]

---

૧ યજશને હા ૨૮ ક૦ ૬.

અર્થ.

"........બખ્શ.......

....ઓ મઝદ ! **જરથુશ્ત્રને** કુવતમંદ રામશને **અને અમો (તેના સાથીઓ)નેબી,** કે જેથી **આજાર દેનારના આજારોને તોડીએ."**

કહેછે કે જરથોસ્તે "હવોવ" નાં ખાનદાનની એક બાનુ સાથે લગન કીધાં હતાં જેણીને તેનાં ખાનદાની નામથી "હવોવી" કરી ઓળખાવીછે.[1] કોઈ કહેછે કે તે ફ્રશોશ્ત્ર-ની બેટી હતી.[2] આ ઉપરથી જણાયછે કે તે પોતાની માનાં ખાનદાનમાં પરણ્યો હતો. જરથોસ્તને કેટલીએક બેટીઓ અવતરી હતી જેમાંની એકનું નામ "પઓઉરૂચીસ્તા" હતું.[3] બીજી બેનાં નામો "ફ્રેની" અને "થ્રિતા" કરી ધારવામાં આવેછે.[4] જરથોસ્તના ત્રણ બેટા જણાયછેછે. જેઓનાં નામો "ઇસતવાસ્ત્ર, ઉરવતતનર, અને હવરેચિથ્ર" કરી હતાં.[5]

જરથોસ્તનાં બેશાવંદો બે કુટુંબ તરફનાં હતાં. બાપ તરફનાં હએચતઅસ્પ અથવા સ્પીતમ ખાનદાનનાં હતાં અને મા તથા મોહરદાર તરફનાં હવોવ ખાનદાનનાં હતાં. બાપ તરફનાં બેશાવંદોમાં "આરાસ્તી" નો બેટો "મઇધ્યોમાહ" અને તેનો બેટો "અપરસ્તુ"; અને બીજાં કેટલાંએક કહેવાયલાંછે.[6] મા તરફનાંમાં "ફ્રશોશ્ત્ર" અને "જામાસ્પ"

---

૧ ફરવરદીન યશત ક૦ ૧૩૯.

૨ પજશને ૫૧ ક૦ ૧૭ પેહલવી શરેહ.

૩ પજશને ૫૩ ક૦ ૩.

૪ ફરવરદીન યશત ક૦ ૧૩૯.

૫ ફરવરદીન યશત ક૦ ૯૮.

૬ ફરવરદીન યશત ક૦ ૯૫, ૧૦૬.

મુખ્ય હતા; તેઓ ઉપરાંત તેઓનાં ફરજંદો અને બીજાંઓ હતાં. આ બંધે ખાનદાનવાળાં ખેશાવંદોએ દીન શીખવવામાં જરથોશ્તને ઘણી મદદ કીધી હતી.

જરથોશ્તના કેટલાએક સાથીઓ, દોસ્તો, અને મદદગારો હતા. કેટલાએક તો તેના ખેશાવંદજ હતા. બીજાઓમાં "નોદરીઆની" ખાનદાનમાં મુખ્ય "કએગુશ્તાસ્પ", તેની બાનુ "હુતઓસા", અને તેઓનાં ઘણાંએક ખેશાવંદો હતાં.

જરથોશ્તના દુશ્મનો ઘણાએક હતા. તેઓમાં મુખ્ય "કવિ" અને "કરપન" એવાં નામોથી ઓળખાતા દેવપરસ્તોના ગુરૂઓ હતા, જેઓમાં એક કુટુંબ "ઉસિક્ષ્"[૧] ને નામે જણાયલું છે.

જરથોશ્તની સંસારી સ્થિતિ એકસરખી રહી નહી હતી. નવી દીન ફેલાવવાને લીધે વારેઘડીએ તેના દુશ્મનો તેનાં પશુઓ વગેરે માલમતા લુટી જતા હતા. કોઈ વખત તેની સોડે માણસો રહેતાં હતાં અને કોઈ વખત નહી રહેતાં હતાં. કોઈ વખત તેની દશા ચહડતી તો કોઈ વખત પડતી થતી હતી. કોઈ વખત તેની હાલત આબાદ તો કોઈ વખત મુફલેસ થતી હતી.

જરથોશ્તની જીંદગીમાં જેઓ તેની દીનમાં આવ્યાં હતાં તેઓની ચોકસ સંખ્યા જણાયલી નથી. તોપણ નીચે કહેલા કેટલાએકો તેના ખાસ શાગેરદો તરીકે જણાયછે:—

"હએચત્અસ્પ" અથવા "સ્પીતમ" ખાનદાનમાંથી "આરાસ્પ" નો બેટો "મઈદ્યોમાહ." એ ઘણી જરથોશ્તનો સહુથી પેહલો શાગેરદ[૨] હતો. જરથોશ્તના ત્રણે

૧ પજશને ૪૪ ક૦ ૨૦.

૨ પજશને ૫૧ ક૦ ૧૯, દરવરદીન યશત ક૦ ૯૫, ૧૦૬.

બેટા—"ઇસતુવાસ્ત્ર," "ઉરૂવતતનર," અને "હવરેચિશ્ર"; "શ્રિમિશ્વંત"; "મેદીઓમાહ" નો છોકરો "અપસ્તુ"; અને બીજા કેટલાએક.

"નોદર" નાં ખાનદાનમાંથી "કએ ગુશતાસ્પ"; તેનો બાપ "ઝઇરિવઇરિ"; તેનો બેટો "અસ્પંદીઆર"; અને તેની બાનુ "હુતઓસા"; "વીસ્તઉરૂ"; અને બીજા કેટલાએક.[1]

"હવોવ" નાં ખાનદાનમાં "ફ્રષઓષ્ત્ર", "જામાસ્પ", "ફ્રષઓષ્ત્ર" ના બેટા "હુઉક્ચોથન" તથા "બાદએન", અને "જામાસ્પ" નો બેટો "હઉહઉર્વસ" તથા તેનો બેટો "વરેઝન."

એ સિવાય જરથોસ્તની હયાતી પછી તેના દીનના સંબંધમાં બીજા કેટલાએક નામાંકીત નરોનાં નામો નોંધાયલાંછે. જેવાં કે "અહૂમસ્તૂત" નો બેટો "સએન" કે જેણે બીજા એકસો શાગેરદોને શીખાડ્યા હતા. "વોહુનેમંઙહ" કે જેણે કેટલીએક ગાથાઓ બનાવી હતી અને "ઉસ્ઘ" કુલના દેવપરસ્તો સાથે લડ્યો હતો. "કરેસન" અને તેનું કુટુંબ કે જેઓનું ઘર દોલતમંદ હતું અને જેઓ નવી દીન તરફથી લડાઇમાં ઉતર્યા હતા. "ઉસ્માનર" કે જેણે કેટલાંએક મોહટાં કામો કીધાં હતાં. "ફ્રિયાન" કે જે તુરાની હતો અને જરથોસ્તી દીનમાં આવ્યો હતો. પાછળથી એની ઓલાદમાં "યોઇશ્તિ" પેદા થયો હતો જે "ગોઇતેફરીઆન" કરીબી કહેવાય છે અને જેણે "અખ્તિ" નામના એક જુદદીન સાથે ઘણાએક સવાલ જવાબો કરીને તેને તકરારમાં માત કીધો હતો.

---

1 જુઓ યશતો, ઇ૦.

પેગમબર અશો જરથોસ્તની ઉમર અને મરણ જણાયલાં નથી. કોઇ કહેછે કે સીતોતેર વર્ષની ઉમરે 'બરાતુર' નામના એક તુરાનીને હાથે બલ્ખ શેહરમાં અશો જરથોસ્તનું મરણ થયું હતું. દે મહીનાનો ખુરશેદ રોજ તેનાં ગુજરવાની તારીખ તરીકે આજે જરથોસ્તીઓમાં પવિત્ર ગણવામાં આવેછે.

અશો જરથોસ્તના સદ્ગુણો અને ખુબીઓની પુરતી વખાણ થવી મહાલ છે. તે સાહેબે જે દીન માણસજાતને દેખાડીછે તે કદી નાબુદ થશે નહી. એ દીનનાં મુખ્ય ફરમાનો તમામ માણસજાત કબૂલ રાખેછે અને રાખશે. નેક વિચારવું, નેક બોલવું, અને નેક કામ કરવું; બદ નહી વિચારવું, બદ નહી બોલવું, અને બદ કામ નહી કરવું;—એ કોણ કબૂલ નહી કરશે? ખરેખર અશો જરથોસ્તે માણસોની દુનીઆ કેમ ચાલવી તે વિષે અહુરમઝદે ધારેલો નકશો બાકી ઇનિસાનોને પોતાની દીનની મારફતે દેખાડયોછે અને પોતાના સખુનોની મારફતે સંભળાવ્યોછે. તેટલામાટે, જરથોસ્તી બાળકો! તે દીનનાં ફરમાનો, નીતિઓ, તવારીખ, અને પ્રાલસુશી વગેરે ઘણી ઉલટથી શીખતાં રહેજો. તેથી તમે આ અને આવતી જીંદગીમાં સુખી થશો.

બએતો.

અશો "જરથોસ્ત", "કએ ગુસ્તાસ્પ", વળી "જામાસ્પ",
" ફરશોશતર ",
ભલો જે " મેદીઓમાહ " 'ને ભલી જરથોસ્તની દુખ્તર—
ચળકતાં નામ એ સઘળાં અવસ્તામાં મળે જાહેર,
હકીકત જાણી તે સહુની તવારીખમાં થવું માહેર.
વળી દીને જરાતોસ્તી ભલી તે શીખવી ખંતે—
અમલ તેપર કરીને સરફરાજી પામવી અંતે.

સવાલો.—અશો જરથોસ્તના સાથીઓ વિષેના ગાથાઈ કલામો અર્થ સહીત કહો. જરથોસ્ત કયાં ખાનદાનમાં પરણેઓ હતો? તેની ઓરત અને છોકરાંઓનાં નામો કહો. જરથોસ્તનાં કેટલાંએક પેશાવંદોનાં નામો કહો. જરથોસ્તના સાથીઓ, દોસ્તો, અને મદદગારોમાં મુખ્ય કોણ હતાં? જરથોસ્તના દુશ્મનોમાં મુખ્ય કોણ હતા? જરથોસ્તની સંસારી સ્થિતિ કેવી હતી? જરથોસ્તની જીંદગીમાં જેઓ તેની દીનમાં આવ્યાં હતાં તેઓમાંનાં કેટલાંએકોનાં નામ દેઓ. જરથોસ્તની હયાતી બાદ તેની દીનને ફેલાવનારાઓમાંના કેટલાએકનાં નામ દેઓ. જરથોસ્તની ઊમર અને મરણ વિષે શું જણાએલું છે? અશો જરથોસ્તની તથા તેની દીનની મુખ્ય ખુબીઓ શું શું છે? તેટલામાટે આપણે શું કરતાં રહેવું? ઊપલા પાઠના નીતિસારની કવિતા કહીને સમજાવો.

પાઠ ૨૦ મો.

જરથોસ્તની દીનના મુખ્ય કલામો.

[illegible]

[illegible]

[illegible]

હુમતેમ્ મનો . . . . હૂખ્તેમ્ વચો. . . . . હ્વર્શ્તેમ્ શ્કયઓથ્નેમ્.[1]

અહુનેમ્ચ વઇરીમ્. . . અષેમ્ચ વહિશ્તેમ્. . . યેંગ્હે-હાતાંમ્ચ. . . .[2]

---

૧ યજશને હા ૧૨ ફ૦ ૮. ૨ યજશને હા ૬૧ ફ૦ ૧.

અર્થ.

"નેક વિચારેલો વિચાર... નેક બોલેલો સખુન... નેક કીધેલું કાંમ."

"અહુનવર .... અષેમ વોહૂ .... અને યેંઘેહે-હાતાંમ ..."

પદ.

("નાથ કેસે ગજકો બંધ છોડાયો"—એ રાહપર.)

સાચો[1] જરથોસ્ત ગુરૂ દુનીઆનો,[2]
થયો નહી તેવો, નહીજ થવાનો.[3] ૧

એક ખુદાની પરસ્તેશ[4] જેની
દીનનો મજબૂત પાયો—
તેનો હુમત, હુખ્ત, હુવર્શ્ત[5] મધ્યે
નીતિનો ગંજ સમાયો. ૨

"અવલથી આખર લગી આ જગતમાં
વૃદ્ધિ નાશ લડે જોડી[6]"
કહેછે જરાથોસ્ત "ઉધાર વૃદ્ધિને,
નાશનાં જોરને તોડી."[7] ૩

---

૧ 'અરેઝ્વો અષાઉમ્ સ્પિતમ', આવાં યશત ક૦ ૮૯.

૨ 'રતુશ્ અસ્ત્વઇથ્યો ગએથ્યાઓ', આવાં યશત ક૦ ૮૯.

૩ ફરવરદીન યશત ક૦ ૧૫૨.

૪ 'દએન માઝ્દયસ્નિશ્.'

૫ યજશને ૩૦ ક૦ ૩.

૬ યજશને ૩૦ ક૦ ૩.

૭ "'અષ" અને "દ્રુજ્"—"સ્પેંતોમઇન્યુશ્" અને "અઙ્રો-મઇન્યુશ્." ઇ૦

"જેથી ખુદા રાજી તેજ કરવાં,
માનવી, કામો સવાબી[1].
મનસા ભલીનાં કામનો બદલો
અંતે સહૂને હીસાબી."[2] ૪

"રાજ અહુરમઝદનું તે વધારે
રંકની દાદ લીએ જે."[3]
આ લોક પરલોકમાં છે પનોતું,
નિત્ય સુખામૃત પિયે તે. ૫

"સત્ય છે ન્યામત ઉત્તમ સહૂથી—[4]
ધન્ય તે તનને તે મનને !
ધન્ય, ધન્ય, રે અધિક ધન્ય છે
સત્યસ્વરૂપ સુજનને !"[5] ૬

"પૂજવો પૂજ્ય અહુરમઝદ સ્વામી
અમશાસ્પંદી સિફતથી."[6]
તત્વ ધર્મનાં મુખ્ય એ જાણું
ખાસ જરાથોસ્ત મતથી. ૭

---

૧ "યથા અહૂ વઈર્યો."
૨ યથા અહૂ વઈર્યો.
૩ યથા અહૂ વઈર્યો.
૪ અષેમ વોહૂ.
૫ અષેમ વોહૂ.
૬ યેંઙ્હે હાતાંમ.

પાઠ ૨૧ મો.

સારા સ્વભાવની ખુબીઓ.

[illegible]

[illegible]

[illegible]

યથ–નો આઓઇહાંન્ ઙ્કયાતો–
મનાઓ વહિષ્તો–ઉર્વાનો[1].
હમેશે હુ–હીમ્ બાષ્.[2]

અર્થ.

"કે અમારાં થઇ રહે **ખુશી ભરેલાં**
મન અને ઘણાં ભલાં રવાન."
"હમેશાં **સારા સ્વભાવનો** રહેજે."

એક માણસનો સારો સ્વભાવ તેને પોતાને સુખી રાખવા ઉપરાંત તે જેઓના સંબંધમાં આવેછે તેઓનેબી સુખી કરેછે. સારા સ્વભાવનું માણસ જ્યાં જાય ત્યાં સમાયછે. તેને બધાંઓ ચહાયછે, માન આપેછે, અને દુનીઆમાં આગળ વધતાં તેને ઘણો વાર લાગતો નથી. સારો સ્વભાવ કૂહરાપાને દૂર રાખેછે, મુશ્કેલીને વિસરાવી નાખેછે, અને જીંદગીને લીજત બખશેછે. તે એક ખીલતા બાગ જેવો છે જે પોતાની ચારે ગમ ખુશીની લપટ ફેલાવેછે. તે એક અખુટ ખજાનો છે જે તેના ધરાવનારને શાંતિ અને સુખમાં રાખેછે. તે મનની ખુબસુરતી છે જે દરેક જણનાં દીલને પોતા તરફ ખેંચેછે. તે એક એવો સણગાર છે કે તેની આગળ હીરા

1 યજશને ૬૦ ક૦ ૧૧.   2 લગનના આશીરવાદ.

મોતી અને જર ઝવેરાત કુછ નથી. તેમાં એવી કરામત છે કે તેથી કંકાસ કજીઆનો દેવ હમેશાં હાંકી કહડાયછે. ઘણું કરીને તો સારો સ્વભાવ કોઇને તે ધરાવનારની તરફ અદાવત પકડવાને ઉશ્કેરતો નથીજ—તોપણ જો કોઈ તેની દુશ્મની કરેછે તો સઘળાં જણ તેને તુચ્છકારી કહાડેછે. સારો સ્વભાવ એવું ઉમદા ગોહર છે. માટે જેનો સ્વભાવ કુદરતીજ સારો હોય તેણે તે ખુદાની એક કીમતી બખશેશ જાણીને તે માટે તેનાં શુકરાનાં કરવાં; અને જેના સ્વભાવમાં થોડી અથવા ઘણી ખામીઓ હોય તેણે ઘણી ચોંપ રાખીને તે સુધારવી.

એક બહાદુર અને જંગી પેહલવાન ખુનરેજી ભરેલી લડાઇઓથી દુનીઆને જીતે તે કરતાં વધારે સરસ રીતે એક ખુશરો આદમી માણસોનાં દીલ જીતી શકેછે. ખુશરો આદમી ગોયા એક ગુલાબનું ફુલ છે જેથી સર્વેના આંખને આરામ અને મગજને તાજગી મળેછે. ખુશરોની તરફ સર્વે કોઈ લોહચુંબકની માફક ખેંચાયછે. તેની લીયાકતમાં ગોયા એક એવી મોહિની છે કે તેને સહુ કોઇ વશ થાયછે. ખુશરો કોઇને નાખુશ કરતું નથી. તે પોતે ખુશ રેહવા સાથે સર્વેને ખુશ રાખેછે અને તેનું મલતાવડાપણું તેને લોકપ્રિય કરેછે. ખુશરોઇ તનદરસ્તી અને ઉમરદરાજીનું એક સાધન છે.

"કહેછે કે એકવાર ઇરાનનાં એક શેહરમાં કાંઈ ખોદકામ કરતાં આગળા જમાનાનું અનાજથી ભરેલું એક વાસણ નીકળી આવ્યું. તે અનાજના દાણા તે વખતે ઉગતા દાણાથી સરસ અને વિચિત્ર દેખાવાથી ત્યાંના હાકમે ફરમાવ્યું કે શેહરમાં જે માણસ ઘણો જઇફ હોય તેને પુછો કે એવા દાણા તેણે તેનાં બચપણમાં જોયા હતા ? શોધ કરતાં એક ઘણો વાંકો વલી ગયલો બાલ પાકેલો પીર મર્દ નીકલી આવ્યો.

તેને પેલા હાકમના સીપાઇઓએ ઉપલી બાબત પૂછી. તે બોલ્યો: મને એ વિષે ખબર નથી, પણ મારેથી વડો મારો એક ભાઇ ફલાણે ઠેકાણે રહેછે તેને જઇને પુછો. સીપાઇઓએ તેને શોધી કહાડયો. તે માણસ પેલાના જેવો ઘરડો નહી પણ અઘોર વયનો હોય તેવો દેખાતો હતો. તેને ઉપલો સવાલ પુછતાં તેણે જવાબ દીધો કે હું એ વિષે કાંઇ જાણતો નથી, પણ અમારો સહુથી વડો ભાઇ ફલાણે ઠેકાણે રહેછે તેને એ વિષેની ખબર હશે માટે તેને તે પુછો. તરતજ તેઓ તેની પાસે ગયા. જોએ શું કે તે તો પચીસ વર્ષનો નવ જુવાન હોય તેવો લાલ ચણોઠી સરખો અને સરવનાં ઝાડ જેવાં સીધાં કદનો દેખાયો. તેને જોઇને પેલા સીપાઇઓને ઘણી અજાયબી લાગી. તેઓએ જે પુછવાનું હતું તે રેહવા દઇને પેહલું એ પુછ્યું કે તમે ત્રણ ભાઇઓમાં તું સહુથી વડો જુવાન જેવો દેખાવછે, પેલો વચલો ભાઇ અઘોર જેવો દેખાયછે, અને નાનો ભાઇ ઘણોજ ઘરડો થઇ ગયલો દેખાયછે—તેનું કારણ શું ? પેલા મર્દે જવાબ દીધો કે મારો તથા મારી ઓરતનો સ્વભાવ બહુ સારો છે. તેથી જો કે હું બધામાં ઘરડો છું તોપણ મારી દેહ જરા પણ લથરી નથી. મારા વચલા ભાઇનો તથા તેની ઓરતનો મીજાજ મધ્યમ છે તેથી તેનાં શરીર ઉપર મધ્યમ અસર જોવામાં આવેછે. પણ મારા નાના ભાઇનો સ્વભાવ ઘણો ખરાબ છે અને તેની ઓરતનો સ્વભાવ તો તેથીબી વધારે ખરાબ છે. તે સબબથી તેઓને કદી સુખ મળતું નથી. તેઓ સૂલેહથી બેઠેલાં લડીને ઉઠેછે. નઠારા અને નાસુવાફેક સ્વભાવને લીધે તેઓનાં દીલ હમેશાં રંજીદા અને પરાગંદા રહેછે. એથી મારા નાહના ભાઇને કવખતનો બુઢાપો આવી લાગોછે. ખરાબ સ્વભાવે તેની તનદરૂસ્તીને અને ઉમરને

કોતાહ કરી નાખીછે. આ.અમો. ત્રણ ભાઇઓના દાખલા ઉપરથી માણસોએ ધડો લેવો જોઇએ કે સારો સ્વભાવ તનદરૂસ્તી અને ઉમરદરાજીનું એક મુખ્ય સાધનછે. આ શ્રીમતી નસીહતના સખુનો કેહવા સાથે તેણે તે સીપાઇઓ પેલા દાણા બાબત જે કાંઈ પુછવા આવ્યા હતા તેનોબી ખુલાસો કરીને તેઓને વદાઅ કીધા."

બએત.

ખજાનાની છે ખાન સારો સ્વભાવ—
શેતાળીથી આ ખાન તુજ હાથ લાવ.

સવાલો.—સારા સ્વભાવની ખુબીઓ વિશે અવસ્તાના તથા પાઝંદના કલામો અર્થે સહીત કહો. સારા સ્વભાવની ખુબીઓનું બયાન કરો. સારો સ્વભાવ રાખવા માટે શું કરવું જોઇએ? ખુશઓ તરફ સર્વે કોઇ કેવી રીતે ખેંચાયછે? ખુશખોને કેવા ફાયદા થાયછે? સારા સ્વભાવની અસર તનદરૂસ્તી અને ઊમરદરાજી ઊપર કેવી થાયછે તે વિષેની એક હેકાયત કહો. સારા સ્વભાવની નસીહતની બએત બોલીને સમજાવો.

પાઠ ૨૨ મો.

કરણીના બદલા ઉપરથી ચેતવણી.

𐬀𐬐𐬆𐬨. 𐬀𐬐𐬁𐬌. 𐬬𐬀𐬢𐬵𐬎𐬨. 𐬀𐬴𐬍𐬨. 𐬬𐬀𐬢𐬵𐬀𐬊𐬬𐬉.
𐬭𐬀𐬬𐬁. 𐬵𐬎𐬥𐬀𐬭𐬁. 𐬛𐬁𐬨𐬋𐬌𐬱. 𐬎𐬭𐬬𐬀𐬉𐬯𐬈. 𐬀𐬞𐬈𐬨𐬈. ૧

અકેમ્ અકાઇ વઙુહીમ્ અષીમ્ વઙહુઓવે
રવા હુનરા દામોઇષ્ ઉર્વઐસે અપેમે.૧

---

૧ યજશને હા ૪૩ ફ૦ ૫.

અર્થ.

(અશો જરથોસ્ત કહેછે):—(ઓ અહુરમઝદ !)
"બુરાંને બુરો અને ભલાંને ભલો બદલો
પેદા કરનારની તારી ખુબીથી (મલેછે) **છેલે અંતે."**

ઉપલી ગાથાની લીટીઓમાં આપણા જરથોસ્તી ધર્મનું એક મુખ્ય મત સમાયલુંછે. તે એ છે કે દરેક માણસને સવાબને બદલે ઇનામ અને ગુનાહને બદલે સજા મલશેજ.[1] એજ પ્રમાણે આપણા વંદીદાદ વગેરે પુરાતન કેતાબોમાં લખેલું છે કે માણસ જીવતાં જીવત જે જે કાંઇ ભલાં કે ભુંડાં કામો કરે તે સઘળાંનો હિસાબ તેનાં મરણ પછી ચોથે દહાડે બામદાદ વખતે લેવામાં આવેછે.[2] જેમ દરીઆએ કહાડેલું વરાળરૂપી પાણી, વાદળ, વરશાદ, નદી નાલામાં થઇને અંતે પાછું દરીઆને જઇ મળેછે તેમ આપણે કરેલાં ભલાં કે ભુંડાં કામોનો બદલો અંતે આપણને મળ્યા વગર રેહવાનો નથી.

વળી આપણી પુરાતન કેતાબોમાં લખેલું છે કે એકના સવાબમાંથી બીજાંને હીસ્સો આપવામાં આવતો નથી અથવા એક જો બીજાંને માટે સવાબ કરે તો તે તેને મળે નહી.[3] તેજ પ્રમાણે એકની તરફથી બીજું વચ્ચે પડીને અથવા ભલામણ કરીને તેના ગુનાહની સજામાંથી તેને છોડાવીબી શકે નહી. આપણી દીનને લગતી કેતાબોમાં સવાબને આત્માની તનદરૂસ્તી અને ગુનાહને આત્માના રોગ તરીકે ગણેઆછે. એ વિષે આપણાં શરીરની મીસાલ ઉપરથી ઠીક દાખલો મળેછે.

---

૧ યજશને હા ૪૩ ફ૦ ૫, હા ૩૧ ફ૦ ૨૦ ઇ૦
૨ વંદીદાદ ૧૯ ફ૦ ૨૭, હદોખ્ત નુશક ફ૦ ૧૦—૧૪ ઇ૦
૩ દાદેસ્તાને દીની સવાલ ૭—૮.

એક માણસે એવીપણે ખાધું હોય તો તેની સજામાં તેનાંજ પેટમાં દુઃખે અને તે દુઃખ તેણેજ ખમવા વગર છુટકો નથી. તેનું દુઃખ તેને બદલે બીજું કોઈ ખમવા માંગે તોપણ તેમ બની શકતું નથી. એક બીજો દાખલો લઈએ. એક માણસ રોગી અથવા ઘણું નબલું હોય અને બીજું માણસ તનદુરસ્ત અથવા જોરાવર હોય. એ બેમાંનું પાછલું જોકે પેલાં પેહલાંને પોતાની તનદુરસ્તી અથવા કુવત આપવા ચહાય તોપણ તે અપાતું નથી. એજ પ્રમાણે જો એકનો સવાબ બીજાંને મળે નહી અને એકના ગુનાહની સજા બીજાંને થઈ શકે નહી તો તે તદન વાજબી છે.

સવાબનું ઇનામ અને ગુનાહની સજા કરવામાં ખુદાતાલાનો ઇનસાફ કેવો બારીક છે તે વિષે આપણા દીનને લગતી કેટલીએક કેતાબોમાં લખેછે કે જો એક જણના ગુનાહના જથા સાથે સરખાવતાં એટલો થોડો કે માત્ર આંખની એક પાપણ પુરથી સવાબ વધારે જણાય તો તેનું રવાન મુકિત પામેછે, અને તેજ પ્રમાણે જો એક જણના સવાબના જથ્થા સાથે સરખાવતાં એટલો થોડો કે માત્ર આંખની એક પાપણ પુરબી ગુનાહ વધારે માલમ પડે તો તેનું રવાન ખલાસી પામતું નથી.[૧] હવે આ માત્ર એક તમસીલ છે. પણ એ ઉપરથી આપણે જે ચેતવણી લેવાની છે તે એ છે કે ખુદાતાલા દરેકને તેની કરણી મુજબ બદલો આપવામાં જરાબી તફાવત રાખતો નથી માટે કરણીના બદલા વિષે બેશક રહેવું.

વળી એજ તમસીલને અનુસરીને એક કેતાબમાં એવી ચેતવણી આપવામાં આવીછે કે દરેક જણે ગમે એવું નાહનુંબી સવાબનું કામ હોય તે વગર આળસે તુરત કરી લેવું અને તેમજ ગમે એવા નહાના ગુનાહનું કામ હોય તોપણ તે

---

૧ વીરાફનામું, સદદર, ઇ૦

કરવું નહી. કેમકે કદાચ તે નાહના સવાબનાં કામને લીધેજ તે પાર પડી જાય અથવા તે નહાના ગુનાહનાં કામને લીધેજ પાર પડવાથી રહી જાય.[1] આબી આપણે હમેશાં યાદ રાખવા જોગ ચેતવણી છે. એવી ચોંપ હરેક કામ કરતી વખતે રાખવાથી આપણે ઘણાં નેક કામો કરી શકીએ અને બદ કામોથી પરહેજ રહી શકીએ.

જોકે આ ચેતવણી તો મરણ પછી કરણીના બદલા વિષે છે પણ આ જીંદગીમાં વટીક કેટલીએક વખતે સેહજ ભલાઇના બદલામાં મોહટો ફાયદો અને સેહજ બુરાઇના બદલામાં મોહટું નુકસાન થાયછે એમ ઘણીવાર માણસોએ અનુભવેલું છે. એ વિષેની એક ચાણક ભરેલી વાર્તા શેખસાદીએ કહેલી નીચે મુજબ છે:—

"કેટલાંએક મોહટાં માણસો સાથે એક વાહણમાં હું બેઠેલો હતો. તેની બારદુએ એક નાહનો મછવો ડુબી ગયો. તેમાં બે ભાઇઓ બેઠેલા હતા તે ડુબવા લાગા. એક મોહટાં માણસે એક ખલાસીને કહ્યું કે જો તું આ બે ભાઇઓને જીવતા કહાડે તો તે દરેકનાં ઇનામમાં હું પચાસ દીનાર આપું. ખલાસી તુરત પાણીમાં કુદી પડયો. તેણે એકને બચાવ્યો અને બીજાને પડતો રાખ્યો જેથી તે મરી ગયો. મારાથી બોલાઇ ગયું કે પેલા કમનસીબનાં કીસમતમાં જીવવાનું બાકી નહી હશે તેથી આ ખલાસીએ તેને બચાવવામાં ઢીલ કીધી. ખલાસી બોલ્યો કે કદાચ તેમજ હોય—તોપણ ખરી વાત એ છે કે આ ધણીને બચાવવાની મારાં મનમાં વધારે આતુરતા હતી તેથી મેં એને પેહલો બચાવ્યો. કારણ કે એકવાર રસ્તે જતાં હું થાકી ગયો હતો ત્યારે એણે મને પોતાનાં ઉંટપર સાથે બેસાડી લીધો હતો. અને પેલા મરનારને બચાવવાની મને ઘણી આતુરતા નહી થઇ—કેમકે તેણે

1 સદદર, બાબ ૨ જો.

એકવાર મને વગર કારણે ચાબકા માર્યા હતા. મેં કહ્યું 'ખરૂં છે કે ભલાઇનો બદલો ભલાઈ અને બુરાઇનો બદલો બુરાઈ કોઇ દહાડેબી મળ્યા વગર રહેતો નથી. બને ત્યાં લગી કોઇને દુ:ખ ના દે. કેમકે એ રસ્તો કાંટા ભરેલો છે. ગરીબ અને હાજતમંદનું કામ બજાવ. કેમકે તુંનેબી કોઇ દહાડે તેમજ કામ પડે'."

એજ મતલબની કેટલીએક કેહવતો આપણાં લોકોમાં ચાલુ છે—જેમકે "કરણી તેવી પાર ઉતરણી"; "કરશો તેવું પામશો"; "વાવશો તેવું ચાખશો"; "ભલાંને ભલું અને ભુંડાંને ભુંડું"; "ધર્મીને પુણ્ય અને પાપીને પરાયશ્ચિત"; "પાપ અને પુણ્યમાં કોઇ કોઇનું શરીક નથી." ઇત્યાદિ ઇત્યાદિ.

દો હ રો.

કર્મતણું ફળ ભોગવે, અંતે કર્તા આપ—
જગત વિષે એ છે નિયમ,—કરો પુણ્ય કે પાપ.

સવાલો.—કરણીના બદલા વિષેના ગાથાઇ કલામો અર્થ સહીત કહો. તેની સમજણ આપો. વંદીદાદ વગેરે પુરાતન કેતાબોમાં એ વિષે શું કહેલું છે? તેને એક તમસીલથી સમજાવો. એકનો સવાબ બીજાંને મળે કે નહી? કોઇના વચ્ચે પડવાથી અથવા ભલામણથી એક ગુનેહગાર છુટે કે નહી? આપણાં દીનને લગતી કેતાબોમાં સવાબ અને ગુનાહને કેવા ગણેઆછે? શરીરની મીસાલથી તેની સમજ આપો. ખુદાના ઇનસાફની બારીકી કેવી તમસીલથી સમજાવીછે? તે ઉપરથી આપણે શી ચેતવણી લેવી? બીજી શી ચેતવણી લેવી? આ જીંદગીમાં વટીક કોઇ કોઇ વખતે કરણીનું ફળ મળવા વિષેની શેખસાદીએ કહેલી એક હેકાયત કહો. એજ મતલબની કેટલીએક કહેવતો કહો. આ પાઠના નીતિસારનો દોહરો બોલીને સમજાવો.

પાઠ ૨૩ મો.

કજીઆ ભાંજી સુલેહ કરવાની ખુબી.

........[illegible]

[illegible]......

વઇનીત્ અહ્નિ ન્માને. . . . .
. . . . આક્તિષ્ અનાક્તીમ્.[1]

અર્થ.

"**શીકસ્ત આપે** આ ઘરમાં. . . . .
. . . . . **સુલેહ આણબનાવને.**"

ઉપલા અવસ્તા ઉપરથી જણાયછે કે કુસંપ અને કજીઆ કંકાસ ધિક્કારવા લાયક છે અને કજીઆ મીટાડીને સુલેહ કરવી પસંદ કરવા જોગ છે. માટે આપણને લાજેમ છે કે ઘરમાં, કુટુંબમાં, મોહલ્લામાં, ગામમાં, શેહરમાં, અથવા હરેક ઠેકાણેથી કંકાસ દૂર કરીને સુલેહ કરાવવી. આપણને ખુદા-તાલાએ કજીઆ કંકાસ કરવાને સરજ્યાં નથી પણ સુલેહ સંપજથી રહેવાને સરજ્યાંછે. કજીઆથી હમેશાં ગેરફાયદા થાયછે અને સુલેહ સંપજથી અનેક ફાયદા થાયછે. કજીઆ કંકાસથી દુઃખ થાયછે, બીગાડ થાયછે, ખરાબી વધેછે, અને ઘણાએક નુકસાનકારક દુર્ગુણોને ઉતેજન મળેછે. એથી ઉલટું સુલેહ સંપજથી સુખ મળેછે; આબાદી વધેછે; માણસાઈ, નીતિ, સદ્ગુણ, અને બીજી ઘણીએક ખુદાઈ ખાસીઅતો ખીલેછે.

સિંહ, વાઘ, વરૂ, અને એવાં બીજાં વગડાઉ જાનવરો સુલેહસંપજથી રહેતાં નથી, પણ હમેશાં એક બીજાં સાથે

૧ પજાશને ૬૦ ૬૦ ૫.

લડઆ કરેછે. જે માણસો કજીઆ કંકાસ કરેછે તેઓ આ જંગલી જાનવરો જેવાં છે. ટોળાંમાં રહેનારાં કેટલાંએક ચોપગાંઓ અને પક્ષીઓ એકબીજાં સાથે સુલેહ સંપજથી રહીને સુખ ભોગવે ત્યારે મનુષ્ય જેવાં અહડતાં પ્રાણીઓ કજીઆ કંકાસ કરીને છુટાં પડે એ શું તેઓને થોડું શરમ ભરેલું છે?

કજીઆ કંકાસ ચાલુ રાખવામાં જે કાંઇ મેહનત અને પૈસાનો ખર્ચ થાયછે તે વ્યર્થ જાયછે. એટલુંજ નહી પણ તેનાં માઠાં ફળો સુલેહ કીધા પછીબી કેટલોએક વખત સુધી ચાખવાં પડેછે. કજીઆ ચાલુ રાખવાથી મનપર ફીકર અને આતુરતાનો બોજો રહેછે પણ સુલેહ કરવાથી નચીંતાઇ મળેછે. સુલેહસંપજથી એક બીજાં તરફ વિશ્વાસ વધેછે અને આપણે પોતપોતાનાં કામમાં પુરતાં ધ્યાનથી મશગુલ રહી શકીએ છઇએ. રાજકર્તાઓ વચ્ચે જો સુલેહ રહેછે તો દેશોમાં સુખશાંતિ અને આબાદી રહેછે, વેપાર વનજ વધેછે, અને દુનીઆને ફાયદા થાયછે. એથી ઉલટું જ્યારે તેઓ વચ્ચે લડાઇ થાયછે ત્યારે ઘણાંએક વર્ષોની મેહનતથી એકઠી કીધેલી દોલત પાયમાલ થાયછે, સેંહકડો માણસોના જીવ જાયછે, હજારો બચ્ચાં બાપ વગરનાં રજળતાં થાયછે, અને શેવટે પસ્તાવા સિવાય બીજું કાંઇ હાસેલ થતું નથી. જે માણસ કજીઆ ભાંજીને સુલેહ કરેછે તે મોહટા સવાબનું કામ કરેછે. કેમકે તે ઘણાંએક દુઃખો ઘટાડીને સુખોનો વધારો કરેછે.

જંગલમાં જો ઝાડો એક બીજાં સાથે જોરથી અફડાને આતશ પેદા કરેછે તો તેઓનો પોતાનો અને બીજાં સેંહકડો ઝાડોનો તેથી નાશ થાયછે. પણ જો તેઓનાં લાકડાંનાં સાલ મળીને મોહટી મોહટી ઇમારતો અને સુંદર ઉપયોગી રાચરચીલાં બનેછે તો તેઓ દરેક જોનારની વખાણને પાત્ર થાયછે. બે ઘડા

જો એક બીજા સાથે અથડાઇને ગરમ થઈ જાય તો બંધે અથવા બેમાંનો એક ભાગી જાય—કાંઇજ નહી તો બંધેમાં અથવા એકમાં ગોબો તો પડેજ. પણ જો તેઓ બંધે પાણીથી ભરાઇને ઠંડા રહે તો પનીઆરાંપર બેસીને શોભા પામે. જે કપડું ફાટીને તેનાં ચીરીઆં જુદાં પડેછે તે જોવા ગમતું નથી—પણ ગમે તેટલા સાંધાથી જોડાયલું આખું કપડું હરકોઇનાં પેહરવામાં આવેછે. ચીરાઇને જુદા પડેલા પથરના બડકો ઉપર ઘાસ વઠીક ઉગતું નથી. પણ જોડાયલી મીટીનાં મેદાન ઉપર ખેતરો અને વનો ખીલેછે. છુટી છુટી એકેક લાકડી સેહલથી ભાંગી શકાયછે—પણ તેઓની ભારી બાંધી હોય તો કોઇથી તેમાંની એકબી ભાંજી શકાતી નથી.

ફરેદુનના બેટા સેલમ, તૂર અને એરચ વચે કુસંપ જાગ્યો. તેથી વડા ભાઇઓએ એરચને મારી નાખ્યો. પછી તેના નબીરા મનુચેહરે પોતાના બાવાના કીનામાં સેલમ અને તૂરને કતલ કીધા. એ પ્રમાણે કજીઆ કંકાસે ફરેદુનનું ઘર ખરાબ કીધું. ઇરાનીઓ અને તુરાનીઓ વચ્ચે તેમજ ઇરાનીઓ અને યુનાનીઓ તથા રૂમીઓ વચે ચાલુ રહેલા કજીઆથી સેંહકડો લડાઇઓ થઈ અને લખો ઇનસાનોના જીવ ગયા. અસપંદીઆરે રૂસ્તમ સાથે કજીઓ શોધેઓ તેથી તે પોતે તથા તેના બે બેટા મારેઆ ગયા. ખુસરો પરવીઝ પછી સાસાનીઆન શાહજાદાઓ અને ઇરાની અમીર ઉમરાવો વચે કજીઆ કંકાસ ચાલુ રેહવાથી તેઓની પાદશાહી નબલી પડતી ગઈ અને અંતે આરબોને હાથ ગઈ. એવા એવા તવારીખોના તથા દુનીઆનાં લોકોના સેંહકડો દાખલાઓ ઉપરથી જણાયછે કે જયાંબી કજીઆ કંકાસનું બી રોપાયછે ત્યાં અંતે ખરાબી અને નાશ સીવાય બીજું કાંઈ હાસેલ થતું નથી. માટે હરેક તદબીરથી કજીઓ ભાંજીને સુલેહ કરવી.

ચોપાઈ.

કજીઆનું મોહ કાળું કરો—
સંપ વધારી સાથે ફરો.
કજીઆનાં ફળ કડવાં હોય—
સંપજમાં ન જુએ દુઃખ કોય.

સવાલો.—કજીઓ ભાંજી સુલેહ કરવા વિષે અવરતાના ફલામો અર્થ સહીત કહો. એ ઊપરથી શું અનુમાન નીકળે-છે? ખુદાએ આપણુને કેમ રેહવાને સરજ્યાંછે? કજીઆ કંકાસના ગેરફાયદા અને સુલેહ સંપજના ફાયદા બતલાવો. કજીઓ કરવો એ શરમભરેલું કેમ છે? કજીઆની અને સુલેહની હાલત વચ્ચે મુકાબલો કરો. તેઓ વિષેની કેટલીએક તમસીલો આપો. તેઓ વિષેના કેટલાએક તવારીખના દાખલા આપો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૨૪ મો.

દાનાવોની દોસ્તી અને સલાહ.

[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

અથા હેમ્-ફેરઠવા ર્વા પ્રર્વા. . . . . .[૧]

પેષ્-ગાહ્ ઉ દાનાં મર્દ્ ગેરામી ગીર્, અનજ્ષ્ સખુન્ પુર્સ ઉ અનજ્ષ્ ઉષ્નવ.[૨]

આન્-ચ તેજ્તર્ અસ્પ્ તાજાને અંદર્ આવાયદ્; આને તેજ્તર્ કાર્દ પોલાદીન્ અફ્સાન્ અંદર્ આવાયદ્; આને દાનાતર્ મર્દ્ હમ્પુર્સગી અંદર્ આવાયદ્.[૩]

અર્થ.

(અશો જરથોસ્ત પોતાની બેટી પોઉરૂચીસ્તાને વસીઅત કરેછે કે) "હવેથી તારી અક્કલે **તું પુછપરછ કરતી રહેજે.**"

"**વડીલ અને** ડાહ્યા **પુરૂષને** માન આપતો રહેજે, તેઓથી **મસલહત પુછજે,** અને તેઓ જે કહે તે સાંભળજે."

"ઘણા તેજ ઘોડાનેબી ચાબુક જોઇએછે; ઘણી તેજ પોલાદી છરીનેબી સરાણ જોઇએછે; ઘણા દાના મર્દનેબી **સલાહ લેવી જોઇએછે.**"

દરએક માણસને પોતાની જીંદગીમાં દીન અને દુનીઆને લગતાં અનેક કામો કરવાનાં હોયછે. તેઓમાં કેટલાંએક એવાંબી હોય કે જેમાં બીજાંની સલાહ લેવાની જરૂર પડે. માટે મથાળે ટાંકેલી નસીહતો પ્રમાણે આગલા ઇરાનીઓમાં એવો રેવાજ હતો કે દરેક જણ એક ધર્મગુરૂ અને એક

---

૧ પન્જશાને હા ૫૩ ક૦ ૩.

૨ આદરબાદ મારેસ્પંદનું પંદનામું, ક૦ ૩૭.

૩ શાયસ્ત લાશાયસ્ત, બાબ ૧૦ ક૦ ૨૮.

દાનાવ આદમી પોતાની પસંદગીથી પોતાની સલાહને માટે ઠરાવી મુકતું હતું—ધર્મગુરૂ ધર્મને લગતી સલાહ લેવા માટે, અને દાનાવ આદમી દુનીઆઇ સલાહ લેવા માટે—અને તે ધર્મ સંબંધી બાબતોમાં જરૂર પડવે પેલા ધર્મગુરૂની, અને દુનીઆઇ બાબતોમાં જરૂર પડવે પેલા દાનાવની સલાહ લેવું હતું. આપણે તેઓની નકલ કરવી જોઇએ. કેમકે પોતાથી વધારે ડાહ્યાં અને વાકિફગાર આદમીની દોસ્તી રાખવી અને સલાહ પુછવી એ દરેક માણસના હકમાં ફાયદા ભરેલું-છે. ઉમરે પુગેલાંઓ કરતાં ઉધરતી વયનાં છોકરાંઓના હકમાં તો તે ઘણુંજ ફાયદાભરેલું છે. છોકરાંઓની સમજ અને અજમાયશ પાકી હોતી નથી. માટે તેઓએ દીન તથા દુનીઆને લગતી બાબતોમાં પોતાથી વધારે લાયક, ડાહ્યાં, અને પાકાં માણસોની વાકિફી, અકલ, અને અજમાયશનો લાભ લેવો જોઇએ.

સલાહ લેવાની બાબતમાં યાદ રાખવું કે જેઓ આપણ-થી ઉમરે વડાં હોવાને લીધે આપણાં માનને યોગ્ય હોય તોપણ જો દાનાઇ અને અજમાયશમાં કોતાહ હોય તો તેઓની દોસ્તી અને સલાહથી જોઇતો ફાયદો થાય નહી—પણ જેઓ આપણ-થી ઉમરે નહાનાં હોય તોપણ જો દાનાઈ અને અજમા-યશમાં વધારે હોય તો તેઓની દોસ્તી અને સલાહથી જોઇતો ફાયદો થઇ શકે. માટે ઉમરે વડાં હોય કે ન હોય પણ ડહાપણમાં ચહડતાં હોય તેઓની દોસ્તી કરવી અને સલાહ લેવી. મથાળે ટાંકેલાં વાકયઓમાંબી એજ મતલબની શીખામણ આપીછે અને એનેજ મલતું શેખસાદી કહેછે કે "પોતાથી ચહડતાંની સંગતમાં લાભ સમજ." વળી એક બીજો કવિ કહેછે કે "માણસની મતિ વિશેષ બુદ્ધિવાળાં સાથે રહેવાથી વિશેષતા પામેછે."

દરેક માણસ દરેક બાબતમાં સંપૂર્ણ હોવાનો દાવો કરી શકે નહી. માટે જે બાબતમાં આપણે પોતાને પુરતાં શક્તિવાન સમજતાં નહી હોઇએ તે બાબતમાં આપણથી વધારે સમજનારની સલાહ લેવામાં શરમ ભરેલું કાંઇ નથી.

વળી પોતાથી વધારે વાકિફગારની સલાહથી કામ કરવાનો એક ફાયદો એ છે કે જો તે સલાહ મુજબ કીધેલાં કામમાં નિષ્ફળતા મળે તો વગર સલાહે કરવાથી મળેલી નિષ્ફળતાથી જે પસ્તાવો થાય તે થતો નથી, પણ આપણને દીલાસો રહેછે કે તે નિષ્ફળતા આપણી ભુલચુકથી મળી નહી હતી.

વળી આપણે જેની સલાહ લઇએ તે જો આપણું ભરોસેદાર હોય તો જેમ આપણને તેથી પુરતી સલાહ મળે તેમજ નુકસાન થવાનો સબબપી કદાચજ બને. કેમકે આપણે તેને વગર અચકવે બધું પુછી શકીએ અને તે આપણને પુરતી સલાહ આપવામાંબી કસુર કરે નહી. એથી ઉલટું જો આપણે બેગાનાં કે થોડી ઘણી ઓલખનાં માણસની સલાહ લેવા જઇએ તો કદાચ આપણને તેની સાથે તે વિષે છુટથી બોલવાને આંચકી લાગે, અથવા જો કમસમજ આદમીની સલાહ લઇએ તો તે જેવી જોઇએ તેવી પુરતી નહી મળે.

એવાં એવાં ઘણાંએક કારણોથી જણાયછે કે મથાળે ટાંકેલી નસીહતો પ્રમાણે આગલા ઇરાનીઓ દીન અને દુનીઆની મુશ્કેલ બાબતોમાં સલાહ લેવાને માટે એક ધર્મગુરૂ અને એક દાનાવ દોસ્ત પોતાને માટે હમેશાં ઠરાવતા હતા અને પોતાને નહી જણાયલી દીનની બાબતમાં ધર્મગુરૂની સલાહથી તથા દુનીઆઇ બાબતમાં પેલા દાનાવ દોસ્તની સલાહથી કામ કરતા હતા તે ઘણું ડહાપણભરેલું હતું. અને તે પ્રમાણે સર્વે જણ તેમાં ખાસ જવાન વયનાં અથવા કાચી સમજનાંએ ચાલવું ફાયદા ભરેલું છે.

બંએતાં.

સલાહ દાનાવની પુછો હમેશાં—
નફો તેથી થશે તમને જગતમાં.
ભલા દાનાવની જે રેહનુમાઇ—
સીહા રાતે ગણો જેમ રોશનાઇ.

સવાલો.—"દાનાવોની દોસ્તી અને સલાહ" એ વિષેના અવસ્તાના તથા પાઝંદના કલામો અર્થ સહીત કહો. સલાહ લેવાનું કારણ શું? સલાહ લેવા વિષે આગલા ઇરાનીઓમાં કેવો રેવાજ હતો? શું આપણે તેઓની નકલ કરવી જોઇએ? શા માટે? સલાહ લેવી એ કોણના હકમાં વધારે ફાયદા ભરેલું છે? કારણ? શું ઊમરે વડાંનીજ માત્ર સલાહ લેવી જોઇએ? એ વિષે શેખસાદી અને બીજાઓ શું કહેછે? સલાહ લેવા જવાની શરમ લાગે તો? સલાહ મુજબ ચાલતાં નિષ્ફળતા મળે તેનું કેમ? ઓળખાણવાળાં અને બેગાનાંની સલાહ વચ્ચે મુકાબલો કરો. દાનાવ અને કમસમજની સલાહ વચ્ચે મુકાબલો કરો. આ પાઠનો નીતિસાર તથા તેની બએતો સમજાવો.

પાઠ ૨૫ મો.

શીરીન જુબાન અને તોછડાઈ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

. . . . અઝીમ્ય° વચ મુયાઓ નેરેબ્યસ્ન નાઇરિબ્યશ્વ. . . . . .[१]

સખુને ચર્વ્ ગુ. ગવ્હન ચર્વ્ દાર્. ચંદ્ તવાન્ હાદ્ મર્દૂમ્ પ સખુન્ મ આજાર્.[२]

અર્થ.

" . . . . મરદોને અથવા ઓરતોને **માનપૂર્વક વચને તું બોલજે. . . . "**

"સખુન મીઠો બોલજે. **જુબાન શીરીન** રાખજે. બને ત્યાંસુધી **સખુને** કરી આદમીને **દુઃખી મા કરતો."**

જેમ બુલબુલનો રાગ કાનને મધુર અને ગધેડાંનું ભુકવું કઠોર લાગેછે તેમ શીરીન જુબાન સાંભળનારનાં દીલને ખુશ કરેછે અને તોછડાઇ તેને નાખુશ કરેછે. તમે વિચાર કરો કે બોલવાની શકિતને લીધે તો આપણે બીજાં પ્રાણીઓ કરતાં સરસ ગણાઇએ છઇએ. હવે જો તોછડાઇથી તેનો આડો ઉપયોગ કરીએ તો આપણ કરતાં મુંગાં પ્રાણીઓ બેહતર ગણાય. માટે બોલવામાં શીરીન જુબાન વાપડવાની ખાસ જરૂર છે. કોઇને માઠું લાગે તેવી તોછડાઇથી બોલવું નહી જોઇએ. શીરીન જુબાનથી સાંભળનારનું મન હરણ કરી શકાયછે. જો કોઇ માણસની સાથે વાતચાત કરતી વખતે પ્રથમથીજ આપણે તેને સભ્યતાથી કાંઇબી કહીશું તો તે કાન ધરીને સાંભળશે, પણ જો તેની સાથે તોછડાઇથી બોલશું તો તે કહેલું જોકે સારૂં અને ખરૂં હશે તોબી તે

---

૧ નીરંગ કુસ્તી વેતરવાની.

૨ આદરબાદ મારેસ્પંદનું પંદનામું. ક૦ ૪૫, ૬૨, ૬૩.

સાંભળશે નહી. શીરીન જુબાન દુશમનને દોસ્ત બનાવે અને તોછડાઈ દોસ્તને દુશમન કરે. શીરીન જુબાન અશરાફી દેખાડેછે—તોછડાઈ રજાલાપણાંની નીશાન છે. શીરીન જુબાનથી ગમે તેવું સરકશ તાબે થાયછે—તોછડાઇથી ગમે તેવું ખમાઉબી છછણી પડેછે.

એક માણસે કોઈ સારાં અને મોહટાં કામો નહી કીધાં હોય તોપણ જો તે શીરીન જુબાન વાપડેછે તો બીજાંઓ તેથી રાજી રહેછે. બલકે કેટલીએક વખતે કોઈ ઉપયોગી કામ નહી કરવા છતાં તે માન પામેછે. બીજા હાથ ઉપર એક માણસ સારાં અને મોહટાં કામો કરવા છતાં જો બોલવામાં તોછડાઇ વાપડેછે તો તેની બધી ખુબીઓ ધોવાઈ જઇને સામણો તેને અપજશ મલેછે, લોકો તેની તરફ ધિક્કાર રાખેછે, તેની સાથે બોલવાના અખાડા કરેછે, અને જેમ બને તેમ તેની સોડથી વેગલાં રહેછે.

જેમ સાકરમાં લપેટેલી કડવી દવાબી ગળે ઉતારી શકાયછે તેમ શીરીન બોલોમાં કહેલી અણગમતી શીખામણબી સાંભલી શકાયછે. જેમ લીજ્જતદાર પણ વણસાએલી વાણીથી મોહડું ફેરવીએ છઇએ તેમ ખરી અથવા ફાયદા ભરેલી પણ તોછડાઇથી કહેલી વાત સાંભળવા ગમતી નથી.

જેઓ કેળવણી લીએ તેઓથી તો શીરીન જુબાનની ખાસ આશા રખાયછે. તોછડાઈ કેળવણીને ઝાંખ લગાડેછે.

શીરીન જુબાનથી કજીઓ કંકાસ થવાનો અટકાવ થાયછે, પણ તોછડાઈ કજીઓ ઉત્પન્ન કરવાને કારણ આપેછે. શીરીન જુબાન નેકીનું જેવર અને ખુબીનો શણગાર છે. શીરીન જુબાન બોલનારની ખામીઓ ઉપર પરદો નખાવેછે પણ તોછડાઇ બોલનારની બીજી એબોને સામણી યાદ દેવાડેછે. તોછડાઇ વાપડનાર ઉપર ખરાબ સ્વભાવનું, હલકી

બુનીઆદનું, અથવા હલકી સોહબતમાં ઉછરવાનું ગુમાન જાયછે; પણ શીરીન જુબાનથી બોલનારની ખાસીઅતો, ખાનદાન, અને ઉધરવું ઉંચે દરજજેનુ ગણાયછે. સુધરેલાં દેશોમાં સભ્ય માણસો પોતાથી ઉતરતી પદવીનાંઓ સાથેબી તોછડાઇથી બોલતાં નથી.

"એકવાર સીકંદર રૂમીને કોઇએ પુછ્યું કે 'બીજા પાદશાહો પાસે ખજાના, લશ્કર, વગેરે બીજાં સાધનો તારા કરતાં વધારે હોવા છતાં તેઓને તારે જેવી ફતેહો તારી માફક ઘણીજ ટુક મુદતમાં અને સેહલાઇથી મળી નહી તેનું કારણ શું?' તેણે જવાબ દીધો કે બીજાં કારણો સાથે એક કારણ આબી હતું કે હું કદી બીજાંઓને વિષે તોછડાઇથી બોલતો નહી હતો." કેહવત છે કે "જુબાન શીરી તો મુલકગીરી."

આપણે બીજાંને પસંદ પડે તેવું શીરીન બોલવું એ ખરૂં છે તોપણ યાદ રાખવું કે તે જુઠું અથવા ખુશામદ ભરેલું નહી હોવું જોઇએ.

બએતો.

ચાર આંગળની જુબાં મુખમાં વસે—
માનવી તેથી રડે, તેથી હસે.
જો સખુન કડવાસથી બોલે જુબાન,
જાણવી કડવાં ફળોની તે નીશાન.
જો સખુન મીઠા ઉચારે મુખ થકી,
જાણવું પ્યારૂં થશે તે જણ નકી.

સવાલો.—"શીરીન જુબાન અને તોછડાઇ" એ વિષેના અવસ્તાના તથા પાઝંદના કલામો અર્થ સહીત કહો. શીરીન જુબાન અને તોછડાઇની એકાદ તપસીલ કહો. માણસ જો વાચાથી હેવાન કરતાં ચઢતું છે તો તેનો ઊપયોગ કેમ કરવો

જોઇએ ? શીરીન જુબાનથી શા ફાયદા અને તોછડાઇથી શા ગેરફાયદા થાયછે ? શીરીન જુબાન વાપડનાર અને તોછડાઇ વાપડનાર કેવાં ફળો પામેછે ? શીરીન જુબાન અને તોછડાઇ કેળવણીના સંબંધમાં કેવી છે ? એજ બાબતોના બીજા કેટલાએક ફાયદા અથવા ગેરફાયદાઓ કહો. એ બાબતની સીકંદરની હેકાયત કહો. શીરીન બોલવામાં જુઠું અથવા ખુશામદ ભરેલું બોલાય કે ? આ પાઠના નીતિસારની બેતો બોલીને સમજાવો.

પાઠ ૨૬ મો.

જુગારની બદી.

[illegible]

[illegible]

દસ્ત ગેઉષ્ ખાદ્રોનહીમ્.[1]

અઝ્ ફરારૂની ખાસ્તે અંદોજ્.[2]

અર્થ.

"આપો (અમુને) ગોસ્પંદનાં (જેવું) **જાત મેહનતનો ખોરાક મેલવનારપણું** (યાને હલાલ રોજી રજક મેલવવાની આદત.)

"**હલાલ રસ્તે** માલ મેળવ.

મથાળે ટાંકેલાં અવસ્તા અને પાઝંદ વાકયઓ શીખાડેછે કે જેમ ગોસ્પંદો ઉપયોગી મેહનત કરેછે તેમ જાત મેહનતે અને હલાલ રસ્તે સારો ધંધોધાપો કરીને માણસે ગુજરાન અથવા પૈસો મેળવવો તેજ વાજબી છે. તેથી ઉલટી હરામ રીતે જે

---

1 માહ બખતાર ન્યાયશ, ક૦ ૧૦. 2 લગનના આશીરવાદ.

કાંઇ મેળવવામાં આવે તે ગેરવાજબી છે. જુગાર એવી એક હરામ રીતિ છે. ધંધા ધાપા અને વ્યાપારમાં એક ચીજની બરાબર કીમત આપીને તે ચીજ લેવામાં આવેછે તેથી તે કામ ખુદાની નજરમાં, દુનીઆની નજરમાં, અને સરકારની નજરમાં ગુનાહભરેલું નથી. પણ જુગાર ધંધા ધાપા અને વ્યાપારથી ઉલટો અને તેઓનો શત્રુ છે. જુગારમાં નાણું અથવા ચીજ તેનો બદલો આપ્યા વગર ફકત પાસો પડવે લેઇ લેવામાં આવેછે. જુગાર ચોરી તથા લુટ કરતાંબી વધારે બુરૂં કામ છે. કારણ કે ચોર એક જણની ચીજ તે નહી જાણે તેમ લઇ મુકેછે, લુટારો તે જુલમ જબરસ્તીથી છીનવી લીએછે, પણ જુગારી તો તેની જાણથી અને જુલમ જબરસ્તી વગર માત્ર એક અકસ્માત બનાવનો લાભ લઇને તે લેઇ મુકેછે. તેથી તે ખુદાની, દુનીઆની, અને સરકારની નજરમાં ગુનાહ ભરેલો છે.

વ્યાપાર ખેતી, હુન્નર, વગેરેને ઉતેજન આપીને એકને ઠેકાણે સો ચીજોની વૃદ્ધિ કરેછે. જુગાર એકબી ચીજ ઉપજાવવામાં મદદ કરતો નથી પણ ઓર માણસને આળસુ અને નસીબને ભરોસે રેહનારૂં બનાવેછે. તે તેને હલાલ રસ્તો છોડાવીને હરામ રસ્તે ચલાવેછે. તેથી તે ગુનાહ ભરેલો છે.

ધંધાદારની તથા વ્યાપારીની હાલત આખી જીંદગીમાં કોઈ વખતેજ તંગી અથવા નાદારીમાં આવેછે પણ જુગારી હમેશાં દરીદ્રી રહેછે. કોઇવાર તે કાંઈ જીતેછે તો તે લાંબો વખત તેની સોડે રેહતું નથી. થોડા વારમાં તે પાછું હારી આવેછે. તે અને તેનાં બાયડી છોકરાં ભૂખે મરેછે અને વસ્ત્રવિનાનાં ફરેછે. જુગારીને કોઈ કાંઇ ધીરતું નથી. તેની ઉપર સહુ ધિક્કાર નાખેછે. જુગારનાં કુવ્યસનમાંથી બીજાં અનેક કુવ્યસનો લાગુ પડેછે. જુગારી પાસે જ્યારે જુગાર

રમવાનું કાંઈ નહી હોય ત્યારે. તે બીજાંની ચોરી કરેછે. પણ તેમાં જલદીથી સપડાઈને કેદખાને જાયછે અને સખત મજુરી ભોગવેછે. ઘણીવાર જુગારીઓ પોતપોતામાં મરામ- ને લોહીલુહાન થાયછે. જુગારીને મંડળીમાં કાંઇ આબરૂ હોતી નથી. જુગારીઓ ઘણું કરીને ઉડાઉ હોયછે. કારણ કે એકજ દાવમાં તે જબરો સપાટો મારશે એવી ખોટી ઉમેદથી તે પોતાની પાસેનું કરકસરથી બચાવવાની કાલજી રાખતો નથી. અને તે ખરા પસીનાથી પૈસો પેદા કરતો નથી તેથીબી તે પોતાના પૈસાની કદર જાણતો નથી.

કેટલાએક એવું સમજેછે કે જુગાર રમવો એ ખોટું છે પણ કેટલીએક જાતનો સટો ખેલવો અથવા શરત બકવી એ ખોટું નથી. પણ આ તેઓની મોહટી ભૂલ છે. સટો અને શરતબી એક જાતનો જુગાર છે. કેમકે તેમાં એક બીજાની કીમત આપાને તે ખરીદવા જેવું થોડુંજ હોયછે. ઘણું કરીને તો સટામાં અથવા શરત બકવામાં કોઈ એક બનાવનું એક કે બીજી તરફ પરિણામ આવવું જોઇએ તેમાંનું કે તે એક પરિણામ કસીબી ખાતરી અથવા આધાર વગર ઘણું કરીને માત્ર નસીબને ભરોસે અગાઉથી સટાબાજો કહી રાખેછે. પછી જેના કેહવા મુજબ બનેછે તે સામાવાળાનું નાણું લઇ લીએછે. એ કામમાં કોઇબી ચીજની પેદાશ અથપા ધંધા અથવા વ્યાપારને ઉતેજન મળતું નથી પણ આળસુ રહીને ફકત એક હાથનું નાણું બીજે હાથ ફેરવવામાં આવેછે. કેટલીએક વખતે તો સટા અને શરતોમાં લોકો ખુઆર થઇ જાયછે. મુંબઇમાં ઈ૦ સ૦ ૧૮૬૫ નાં વરશમાં શેરોનો સટો અતિશય ચાલીઓ હતો તેમાં ઘણાંએકો પાયમાલ થઈ ગયાં હતાં. સટો અને જુગાર એવા નાશકારક છે માટે તેઓથી હમેશાં દૂર રેહવું.

બએતો.

બુરૂં છે વ્યસન માનવીનું જુગાર—
જુગારે કરોડોને કીધાંછે ખુઆર.
જુગારી હમેશાં પરેશાન હાલ—
જુગારી બને આખરે પાયમાલ.

સવાલો.—"જુગારની બદી" નું અનુમાન નીકલે એવા અવસ્તાના તથા પાઝંદના કલામો અર્થ અને અનુમાન સહીત કહો. જુગાર ગુનાહ કાંય ગણાયછે? ચોરી તથા લુટ કરતાંબી જુગાર વધારે ખરાબ કેમ છે? જુગાર અને વ્યાપાર ધંધા વચ્ચે મુકાબલો કરો. જુગારીની અને ધંધાદારીની હાલત વચ્ચે મુકાબલો કરો. જુગારનાં કુવ્યસનથી બીજાં કયાં કુવ્યસનો લાગુ પડેછે? સટાબાજી અને શરત બકવામાં જુગાર જેવું કેમ છે તે સમજાવો. સટાબાજીમાં ખુઆર થવાનો એક દાખલો આપો. આ પાઠના નીતિસારની બએતો બોલી સમજાવો.

પાઠ ૨૭ મો.

લાલચને તાબે થવું નહી.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

અનાઇષ્ વાઓ નોઇત્ અહુરા મઝ્દા અષેમ્ચા યાનાઇષ્ ઝરનએમા.[૧]

અપસ્તવહુહ વહુહીમ્ દએનાંમ્ માઝ્દયસ્નીમ્ વિનદાઇ યાનેમ્ યથ વિનદત્ વધઘનો દહુપઇતિષ્ પઇતિ અહ્માઇ અવષત યો સ્પિતામો ઝરથુષ્ત્રો નોઇત્ હે અપસ્તવાને.[૨]

અર્થ.

(અશો જરથોસ્ત કહેછે) "ઓ અહુરમઝદ! ઓ રાસ્તી! **આ (લલચાવનારી) બખશેશોને** લીધે તમુને આજુરદા **નહી** કરીએ."

"તજી દે ભલી માજદયસ્ની દીનને (અને તેના બદલામાં) મેળવ **બખશેશ** જેમ મેળવી હતી વધઘન દેશપતિએ. જવાબ તેને દીધો સપેતમાન જરથોસ્તે કે **નહી** તજુ **તે** (બખ્શેશ મેળવવા) **ને** માટે."

છોકરાંઓ! ઉપલા અશો જરથોસ્તના કલામો હમેશાં યાદ રાખજો. એ કલામોમાં જરથોસ્તની ફતેહની કુંચી હતી અને એઓમાંજ દરેક માણસની ફતેહનું મુખ્ય સાધન રહેલું છે. જરથોસ્તની ફતેહ, કીર્તિ, અને હમેશ લગીની નેકનામીનો પાયો લાલચને તાબે નહી થવાને લીધે રચાયો હતો. વંદીદાદની ઓગણીસમી પરગરદ ઉપરથી માલુમ પડેછે કે માણસજાતને ખરો માર્ગ દેખાડવાની હીલચાલ શરૂ કરતાંજ જરથોસ્તને તે કામથી પાછો રાખવા સારૂ ચોકસ પક્ષ તરફથી પ્રથમ ધમકી આપવામાં આવી. તેની અસર નહી

૧ યજશને ૨૮ ક૦ ૯.
૨ વંદીદાદ ૧૯ ક૦ ૬—૭.

થવાથી પટામણી કરવામાં આવી. પણ જરથોશ્ત તેથીબી ડગેઓ નહી. ત્યારે તેને બેશુમાર ખજાનો અને આપઅખત્યાર પાદશાહી આપવાની લાલચ દેખાડવામાં આવી. તેનેબી તે મહાગુરૂ તાબે નહી થયો. એથીજ તે સાહેબની કીર્તિ જાવેદાન લગી રેહવા પામીછે. વિચાર કરો કે જો જરથોશ્ત નબળાઈ દેખાડીને આ બુરી લાલચના ફરેબમાં ફસતે તો તેની હાલત કેવી થતે. તે પેલા ફરેબકારોની નજરમાં, દુનીઆની નજરમાં, અને તેમજ પોતાની નજરમાં, બેવજન થતે. તેને મેળવેલો ખજાનો અને પાદશાહી તેને સુખને બદલે દુઃખનું કારણ થઈ પડતે. માટે જો તમને તમારી હુરમત અને વકકર જાળવી રાખવાં હોય, જો તમે તુરતના લાભને ખાતર હમેશનું દુઃખ મેળવવાથી બચવું હોય, તો તમે લાલચના ફરેબમાં ફસવાથી પરહેજ રહેજો.

લાલચ સાકરનું પડ ચઢાવેલી વિખની ગોલી છે જે મોહડાંમાં મીઠી લાગેછે પણ ગળે ઉતરવા પછી જીવની ઘાત કરેછે. લાલચ સુગંધી ફુલોની છાબ છે જેને તલીએ ઝેરી નાગ છુપેલો છે. લાલચ એક સલામતીનો ટાપુ દેખાયછે પણ ખરેખર તો તે માણસની આ અને પેલી જીંદગીની આબરૂની ફીશતીનો નાશ કરનારો ખડક છે. લાલચને તાબે નહી થવું એ એક ઉમદા સદગુણ છે, એક દુરઅંદેશ દહાપણ છે, એક પહેલવાની બહાદુરી છે. જે માણસ લાલચને તાબે થાયછે તે પોતાની આ તેમજ આવતી જીંદગીની ફતેહનો નાશ કરેછે. જેઓ તેને તાબે થયાં તેઓએ પોતાનું નામ ડુબાવ્યુંછે પણ જેઓએ તેને પોતાને તાબે કીધી તેઓ પોતાનું નામ માન સાથે કાયમ રાખી ગયાંછે.

આ દુનીઆમાં માણસને ઘણીવાર લાલચો ખરો માર્ગ છોડવાને લલચાવેછે. તેઓ બે તરેહથી માણસોને ફસાવવા-

નું કરેછે—કાંઇ મેળવવાની ઉમેદ આપીને અથવા કાંઈ ખોવાની ધાસ્તી દેખાડીને. પૈસાની, હવસની, હકુમત અને અખતીઆરની, અથવા પરપોટા સમાન થોડાવારની પ્રખ્યાતિ મેળવવાની, અને એ વગેરે બીજી તરેહવાર લાલચોથી માણસનાં મનની મજબુતીની પરીક્ષા થાયછે. તેમાંથી ઘણાં થોડાં ફતેહમંદીથી પાર પડેછે. બાકીનો મોહટો ભાગ તો કોઇ નહી ને કોઈ લાલચને તાબે થઇને પોતાનાં બંને ભવનાં સુખનો નાશ કરેછે. જેઓ તેને તાબે નહી થાય તેઓને ધન્ય છે—જેઓ તેની સામણે મજબુત રહે તેઓપર આફરીન છે. કારણ કે ઘણાં સાધારણ માણસોજ નહી પણ ચહડતી પંક્તિનાં માણસો પણ તેના ફરેબમાં ફસેઆંછે અને ફસેછે. એવાં સઘળાંઓની આબરૂ ઉપર હમેશની કાળા ટીલી રહી જાયછે. લાર્ડ બેકન જેવો નામાંકીત ફીલસુફ જેને હાલની અગ્રરાઈ વિદ્યાઓનો પાયો નાખ્યો તે પોતાના ન્યાયાધીશના ઓધા ઉપરથી લાંચ લેવાની લાલચને વશ થયો તેથી તેની તમામ કીર્તિને હમેશની ઝાંખ લાગીછે. શાહનામાંની પાછલ સોસન રામશગરનું દાસ્તાન જોડાયલું છે તેમાં તુસ વગેરે ચાર નામીચા પેહલવાનો એક પછી એક નઠારી લાલચને લીધે કેદ પડવાનું વર્ણન મળેછે. તેજ પ્રમાણે સેંહકડો આદમીઓ બુરા હવસની લાલચમાં ફસીને ખુઆર થઇ ગયાછે. બુરી લાલચને તાબે થઇને સદાની બદનામી હાસેલ કરવાના તેમજ તેને તાબે નહી થઇને હમેશની નેકનામી મુકી જવાના દાખલા આપણા પારસી ન્યાગાનોની પડતીના વખતમાં આપણને જે મળ્યાછે તે દરેક જરથોસ્તીએ યાદ રાખીને તે ઉપર અમલ કરવો જોઇએ. સાસાનીઆન તખ્તાનો છેલો પાદશાહ યઝદજરદ જ્યારે આરબોના હાથ ઉપર શીકસ્ત ખાતો ખાતો જીહુન નદીનાં મર્વ તરફ નોઠા ત્યારે તે શેહરના હાકેમ

"માહુએ સુરી" એ પોતે પાદશાહી લેવાની બુરી લાલચથી "બુસરો" નામનો એક આટો દળનાર કે જેને ત્યાં યઝદ-જરદે આશરો લીધો હતો તેને હાથે તે પાદશાહને કતલ કરાવ્યો. આ મહા જબુન ગુનાહને લીધે "માહુ" જોકે ઇરાનનો પાદશાહ તો થવા પામેઓ નહી અને સમરકંદના હાકેમ "બેજન" ના હાથપર મારેઓ ગયો, તોપણ તે અને તેની ઓલાદ ઉપર નીમકહરામીની લીઆનતનો વરસાદ વરસેઓ જે હમેશ લગી વરશતો રહેશે. બીજા હાથ ઉપર જરથોશ્તી પાદશાહી ખતમ થવાને લીધે આપણા ઇરાની ન્યાગાનોને એવો પ્રસંગ આવી પડયો કે યા તો તેઓએ પોતાનો ધર્મ છોડવો કે યા તો પોતાનું સર્વસ્વ ખોઇને વતનથી બેવતન થવું. તે વખતે તે સાચા એકીનના જરથોશ્તીઓએ પોતાનાં ઘરબાર, વાડીવજીફા, માલમતા, અને દોલત દબદબાથી હાથ ઉઠાવીને ધર્મને માટે સબુરીથી દુઃખ દરદો ખમતા પોતાનું પ્યારૂં વતન છોડીને આ પારકાં હીંદુસ્તાન દેશમાં આવી વસ્યા. તેઓ એ પ્રમાણે બુરી લાલચને તાબે નહી થયા તેથી જોકે તેઓને કેટલીએક મુસીબતો ખમવી પડી તોપણ તેઓનાં તે કામની વાખ્વાખી આજ-લગી રહીછે. જરથોશ્તી છોકરાંઓ! તમારી રગોમાં તે માનવંત ન્યાગાનોનું લોહી ફરતું છે. માટે જ્યારેબી બુરી લાલચ તમારાં દીલને ફરેબ દેવા માંડે ત્યારે તેઓની મીસાલે તેને તાબે થશો મા.

દોહરો.

લાલચને તાબે થતાં, માણસનું પત જાય—
જે લાલચથી દૂર તે, અંતે સુખીયું થાય.

સવાલો.—"લાલચને તાબે થવું નહી" એ વિષેના ગાથા અને વંદીદાદના કલામો અર્થ સહીત કહો. જરથોસ્તની ફતેહ શામાં હતી તેનું બયાન કરો. જો તે લાલચને તાબે થતે તો તેની હાલત કેવી થતે? લાલચને લગતી કેટલીએક તમસીલો આપો. લાલચો માણસોને કેવી રીતે ફસાવેછે? જેઓ ફસેછે તેઓનું શું થાયછે? જેઓ નહી ફસે તેઓ કેવાં ગણાયછે? લાલચમાં ફસીને આબરૂ ગુમાવેલાં કેટલાંએકોના દાખલા આપો. લાલચમાં નહી ફસેલાં કેટલાંએકોના દાખલા આપો. આ પાઠનો નીતિસાર તથા તેનો દોહરો બોલીને સમજાવો.

પાઠ ૨૮ મો.

કેફના અવગુણો.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

વીસ્પે ઙિ અન્યે મઇધ્યાઓઙ્હો
અએષ્મ હચઇન્તે ખ્રવીમદ્રવો.[૧]

મએ પ પેમાન્ ખુર; ચે કો મએ અપેમાન્ ખુરેદ્,
વોસ્-આઇન્ વનાહ્ અન્જશ્ આયદ્.[૨]

---

૧ યજશ્ને ૧૦ ક૦ ૮.

૨ આદરબાદનું પંદનામું ક૦ ૧૧૧.

અર્થ

"બધી જાતની, બચીત, (હોમ) સિવાયની **કેફ઼ી 'અએશ્મ' (ખરાબ જુસ્સો) સાથે દોરતી રાખેછે ઘાતકી હથીઆરવાળા."**

"શરાબ અંદાજાથી પી. કેમકે જે કોઈ બેઅંદાજે શરાબ પીએછે તેથી ઘણી જાતના ગુનાહ થાયછે."

ઉપર ટાંકેલા પેહલા અવસ્તાઈ કલામો ઉપરથી જણાયછે કે આપણા પુરાતન ન્યાગાનો જેબી કેફ઼ કરવાથી બુરી ખાહેશો જેવી કે હવસ, ગુસ્સો, ઇત્યાદીને ઉત્તેજન મળે તેને ધિક્કારતા હતા. તેઓ માત્ર હોમના રસને પસંદ કરતા હતા કે જે એક નરમ, ખુશકારક, પુષ્ટિદાયક પીનું હતું. હીરોદોટસ કહેછે કે મ્હોટા શેહનશાહ કુરૂશ (સાયરસ) ના જમાનાના પારસી લોકો તમામ જાતની કેફ઼ કરવાથી પરહેજ રહેતા હતા. તેઓ કોઇની જાતની કેફ઼ નહી કરતા હતા તેથી તેઓ તન અને મનથી ઘણા સુખી હતા. એટલુંજ નહી પણ તેઓએ તે જમાનામાં જણાયલી દુનીઆનો મોહટો ભાગ ફતેહ કીધો હતો. પાછળા જમાનાની જરથોશ્તી કેતાબો જેવી કે દાદેસ્તાને દીની વગેરેમાં લખેલું છે કે દારૂ વગેરેની કેફ઼ કરવાથી કોઈ માણસ જે કાંઈ ખોટું કામ કરે તેનો ગુનાહ જેમ તેને લાગે તેમજ તેને તે ચીજ પાનાર, ખવાડનાર, અથવા વેચનારનેબી લાગે. મઈન્યોઇ ખેરદ કેતાબમાં કહેછે કે "જે કોઈ બેઅંદાજે શરાબ પીએ તેને આટલાબધા અવગુણો થાયછે. અકલ, હુશીઆરી, બુદ્ધિ, તોખ્મ, અને લોહી ઘટેછે. બીમારી પોંહચેછે. રંગ ફેરવાયછે. જોર અને તવાનાઇ ઘટેછે. ખુદાની

નેમાજ અને સેતાયશ ફરામોશ થાયછે. ચશમની રોશણી, કાનનું સાંભળવું, અને જુબાનનું બોલવું શક્તિમાં કમતર થાયછે. તનદરૂસ્તી અને ઉમરદરાજીને હાની પોંહચેછે. સુસ્ત પડી રહેવાની આદત પડેછે. જે કાંઇ બોલવાનું અને કરવાનું તે અટકી રહેછે. ખુશ ખુઆબથી સુવાતું નથી. બેદાર થવા પછી બેચેની રહેછે. તેથી પોતે, બાયડી, છોકરાં, દોસ્તો અને સગાંવાહલાં દલગીર અને દુ:ખી રહેછે, અને હરીફો તથા દુશમનોને ખુશાલી ઉપજેછે. ખુદા તેથી રાજી નથી. તેનાં તનને બેહુરમતી અને રવાનને બદી હાસેલ થાયછે." આ સઘળી અવસ્તા, ગ્રીક, અને પેહલવી કેતાબો-ની ભેગી શહાદતો ઉપરથી એવો સારાંશ નીકળેછે કે પુરાતન જમાનેથી જરથોસ્તીઓમાં કેફને અવગુણકારક ગણીને તેને જરૂરજોગી અથવા જેમ બને તેમ કમતર ખપમાં લેવાની નીતિ પસંદ હતી.

હરએક કેફી વસ્તુ કોઇ બીમારી અથવા દરદની વખતે દવા તરીકે તબીબે ફરમાવવાથી લેવામાં કશી અડચાણ નથી. પણ તેને બીજે વખતે શોકને ખાતર લેવી નહી જોઇએ. કેમકે કેફી વસ્તુઓની ખાસીઅત એવી છે કે જો એક દીવસ તમે એક કેફ કીધો તો બીજે દહાડે ઘણું કરીને તેની તલબ એવી થાયછે કે જાણે તે વગર તમુને ચાલે નહી. જો બીજે દહાડે, ત્રીજે દહાડે, એ પ્રમાણે તે કેફ ચાલુ રાખી તો થોડા વખતમાં તેનું વ્યસન થઇ લાગેછે જેને છોડવું બહુ મુશકેલ થઇ પડેછે. ખચીત વગર જરૂરે કેફ કરવી એ સારૂં તો નથીજ. કેમકે દારૂ, તાડી, અફીમ, ભાંગ, ગાંજો, તંબાકુ, વગેરે અનેક જાતની કેફોનાં વ્યસનોથી માણસ જાતની તન, મન અને ધનની ખરાબી સીવાય બીજું કાંઇ થતું નથી. કેફી વ્યસનોથી ફાયદો એકબી નથી પણ ગેરફાયદા અનેક છે.

ગાંઠેથી ગ્રથ ગુમાવવું; મોહડું, પેટ, તથા શરીર બાળવું; અને હાથે કરીને દીવાનાં બનવું; એ કેફનો નતીજો છે! કેફીના પૈસા, દેહ, આબરૂ, અને ધર્મ એકી વખતે ફના થાયછે. તે પોતાની દીન તથા દુનીઆની ફરજો બજાવવાથી પછાત પડેછે, બીજાં-ઓમાં તેની ફજેતી થાયછે, અને ઘણી વખતે તે ખુદાના અને સરકારના મોહટા અપરાધો કરેછે. કેફી માણસથી પોતાના ધંધા ઉપર બરાબર ધ્યાન અપાતું નથી જેથી તેની કમાઈ ઘટેછે. તેનાં ઘરમાં રફતે રફતે કંગાલીઅત આવેછે અને બાયડી છોકરાં ભૂખે મરેછે. એ ઉપરથી કેહવતો છે કે. "એક કેફ, હજાર હેફ"—"જે પીએ શરાબ, તેનું ખાનું ખરાબ"—વગેરે.

કેફી વ્યસનવાળાંઓ એતબારને લાયક નથી. તેઓને ભરોસે ઘણીવાર ખતા ખાવી પડેછે. તબરી નામનો એક આરબ તવારીખનવેસ કહેછે કે યઝદેજરદ શેહરીઆરની પાદશાહી આરબોએ લેઇ લીધા પછી કેટલાંએક વરસો લગી જે ઇરાનીઓને પોતાનાં સ્વદેશની લાગણી અને અભીમાન હતાં તેઓ આરબોને બહુ ધિક્કારતા હતા અને તેઓને દેશ-માંથી હાંકી કહાડવા માટે કેટલીએક વખતે તેઓએ છુપો સંપ કીધો હતો પણ તે જણાઇ જવાથી તેઓને નિષ્ફળતા મળી હતી. કહેછે કે એકવાર ચોકસ ઇરાનીઓએ કીધેલા એકસંપમાં તેઓ બચાત ફાવ્યા હતે પણ તેઓમાંના એક જણની દારૂ પીવાની આદતે તેઓને નિષ્ફળતા આણી હતી. એવું બન્યું કે તે શખસ કાંઇ સંજોગને લીધે આરબોને હાથે કોઈ બીજાંજ કારણથી કેદ પકડાયો. આરબો પોતાના ધર્મનાં ફરમાન પ્રમાણે તેને દારૂ આપતા નહી હતા અને તેને તો દારૂ પીધા વગર ચાલતું નહી હતું તેથી તેણે કબુલાત આપી દીધી કે જો તમે મને દારૂ લાવી આપો તો હું તમુને એક

અગતની વાતથી વાકેફ કરૂં. આરબો તે ઉપરથી ચેતી ગયા અને તેને સારીપેઠે દારૂ પાયો. પછી જ્યારે તે તેની પૂર ખુમારીમાં હતો ત્યારે આરબોએ તેનો ભેદ પુછી લીધો, અને તાબરતોબ જોઈતા ઉપાયો લઈને બીજા એકસંપ કરનારાઓને પકડી લીધા. એ પ્રમાણે એક દારૂનાં વ્યસનની બદીને તાબે થએલા ઉપર એતબાર રાખવાથી પેલા બધા દેશહિતકારી નરો પોતાની વાજબી મુરાદમાં નાસીપાસ થયા !

ચોપાઈ.

કેફી ગુમાવે તન મન ધન—
કેફી જાણો પામર જન.
કેફીનો વિશ્વાસ ન થાય—
કેફી સંગે આબરૂ જાય.
કેફ મનુષને બુરો શાપ—
કેફ ખરાબી કરે અમાપ.
કેફ તણા બહુ અવગુણ જોઈ—
કેફ કદી નવ કરશો કોઈ.

સવાલો.—"કેફના અવગુણો" વિષેના અવસ્તાના તથા પાઝંદના કલામો અર્થ સહીત કહો. એ કલામો ઉપરથી આગળા ઈરાનીઓ વિષે શું માલુમ પડેછે? તેઓ વિષે હીરોદોટસ શું કહેછે? દાદેસ્તાને દીની કેતાબમાં કેફના ગુનાહ વિષે શું કહેલુંછે? મઈન્યોઈ ખેરદમાં કેફના અવગુણો વિષે શું કહેલુંછે? કેફ વિષે અવસ્તા, ગ્રીક, અને પેહલવી લખાણોપરથી શું સારાંશ નીકલેછે? આપણે કેફી વસ્તુનો ઊપયોગ કેમ કરવો? કેફનું વ્યસન કેમ લાગુ પડેછે? કેફી વ્યસનોથી શું શું ગેરફાયદા થાયછે? એ વિષેની કેહવતો કહો. કેફી વ્યસનવાળાંઓ એતબારને લાયક નથી તેનું કારણ? તબરી નામના એક તવારીખનવેશે એ વિષે શી વાત કહેલીછે? કેફ વિષેની કવિતા બોલિને સમજાવો.

પાઠ ૨૯ મો.

તન રૂપી મેહલમાં રવાન રૂપી પાદશાહ.

[illegible] ......

[illegible]

.... અસ્ત્વંતેમ્ દદાઓ ઉશ્તનેમ્.[૧]

પાકીએ તન્ ઉ અશોઇએ રવાન્.[૨]

અર્થ.

"......... (ઓ મઝદ!) તેં **જાનને તન-વાળો** કીધો."

"**તનની** પાકી અને **રવાનની** નેકી."

તન એટલે શરીર અને રવાન એટલે આત્મા. તન ગોયા એક મેહલ છે અને રવાન તેમાં રેહનારો પાદશાહ છે. કાન, નાક, આંખ, જીભ, અને ચામડી—એઓ ગોયા તનરૂપી મેહલના પાંચ દરબાનો છે. કાન અવાજથી, નાક વાસથી, આંખ દેખવાથી, જીભ સ્વાદથી, અને ચામડી લાગવાથી, બાહેરની ખબર રવાન પાદશાહને અંદર પોંહચાડેછે. તેને એક જગાએથી બીજી જગાએ જવા સારૂ પગ આપ્યાછે અને કામ કરવા સારૂ હાથ આપ્યાછે. એ ચમત્કારીક મેહલ તેમાંના ચાકર નફરો સુધાં ખુદાતાલાએ રવાનને તેમાં રહીને પોતાની કારકીરદી કરવા સારૂ બનાવી આપ્યોછે. એવી ઉત્તમ કારીગરીનું અને જોઇતી સગવડો કરી આપનારૂં શરીર ખુદાતાલાએ બખશ્યુંછે તેથી તેનો આપણી ઉપર કેટલોબધો આભાર છે!

---

૧ યજશને ૩૧ ક૦ ૧૧. ૨ યતેત ઇરાની.

વળી શરીરમાં હમેશાં ઘસારો થયા કરેછે તેની ખુટ પુરીને તેને પાછું ટકાઉ કરવાની જરૂર પડેછે. તે પુરણી લોહીથી થાયછે. લોહી બનાવવા સારૂ ખોરાક અને પાણી જોઇએ અને તેને આખાં શરીરમાં ફરતું રાખવા સારૂ ફેફસાંની ધમનમાં હવા જોઇએ—તે સઘળુંબી ખુદાતાલા પુરૂં પાડેછે. ખોરાક પકાવવા સારૂ આતશની બખશેશ છે. તે ચાવવા સારૂ દાંત આપ્યાછે. વળી તન બીમાર થાય ત્યારે તેનો ઉપાય કરવા સારૂ જાતજાતની દવાદારૂ આપીછે. તનને ઢાંકવા સારૂ જમીનમાંથી કપાસ, ઘેટાં ઉપરથી ઉન, અને કીડાના ઉદ્યોગથી રેશમ તે આપેછે. દુનીઆમાં ગરમી અને અજવાળું જોઇએ તે માટે તે સાહેબે ઉતમ કારીગરીના અતિશે ફાયદેમંદ ખુરશેદ પેદા કીધોછે. આપણી ઉપર તે સાહેબના ઉપકારો કેટલા બેહદ અને બેશુમાર છે !

આ સઘળી ઉમદા બખશેશો તે સાહેબે આપણી ઉપર કીધીછે તેઓને આપણે કેવે રસ્તે વાપડવી જોઇએ ? સારે રસ્તે કે ખરાબ રસ્તે ? અલબત સારેજ રસ્તે. નહીં તો આપણે ખુદાતાલાના મોહટા ગુનેહગાર થઇએ છઇએ. એટલા માટે અવસ્તામાં ફરમાવ્યુંછે કે "ઓ મઝદયસ્નાન જરથોસ્તીઓ ! ઘટતાં, વખત સરનાં, અને નેકકામો કરવાને માટે તથા અણઘટતાં, કવખતનાં, અને બદ કામો તરક કરવાને માટે તમારા હાથ, પગ, અને અકલ હુશીઆરી મજબુતીથી વાપડો ! આ જીંદગીમાં સારો ઉદ્યમ કરો અને તંગીમાં આવેલાંઓને મુશ્કેલીમાંથી છોડવો !"[1]

બેચીત આ ફરમાન રવાન પાદશાહને પોતાની ફરજો બજાવવાની ખાસ ચેતવણીઓ આપેછે. કેમકે જો ખુદાતાલા એકને પાદશાહીની દોલત આપેછે તો તેની પોતાનીજ

---

૧ વીસ્પરદ કરદો ૧૫ મો, ક૦ ૧ લો.

મોજ મજાહને ખાતર આપતો નથી પણ રાત દીવસ બીજાં-ઓનાં સુખ અને સલામતીનો વધારો કરવાની તેની ફરજ બજાવવામાં મદદ થવાને માટે આપેલછે. તેજ પ્રમાણે દરેક રવાનરૂપી પાદશાહનેબી તનરૂપી મહેલમાં વસીને પોતાની કારકીરદી ચલાવવાની તક આપીછે તે ફકત તેને પોતાના સ્વાર્થને ખાતરજ નહી ચલાવવી જોઇએ પણ તેમાં તેણે બીજાંઓને સુખશાંતિ તથા મદદબી આપવાં જોઇએ. જેમ પાદશાહની ફરજ પોતાના મેહલની સંભાળ જોડે બીજાં ગરીબોની પરવરશી તથા કમજોરોની પાસબાની કરવાની અને પાદશાહી ખુબ રવેશે ચલાવવાની છે તેમજ દરેક જણે પોતાનાં તનની પાકી અને દરૂસ્તી જોડે બીજાં ગરીબોની પરવરશી તથા અશકતોની સંભાળ[1] કરવાની અને જીંદગીની કારકીર્દી નેકીથી ચલાવવાની જરથોસ્તી દીનમાં ફરજ જણાવીછે.

હરિગીત છંદ.

આત્મા રાજા ગણો તન મેહલમાં વસ્તો ખરે—
ફર્જ તેની છે કે તેનું રાજ નેકીથી કરે.

સવાલો.—તન અને રવાનના સંબંધ વિષેના અવસ્તાના તથા પાઝંદના કલામો અર્થ સહીત કહો. રવાન તનનો પાદશાહ અને તન તેનો મેહલ કેમ ગણાય તે સમજાવો. શરીરને લગતી ખુદાએ કીધેલી ઊમદા બખશેશોનું બયાન કરો. આપણે તેઓને કેવી રીતે વાપડવી જોઇએ? અવસ્તામાં તે વિષે શું ફરમાવ્યુંછે? તે ઊપરથી આપણે શી ચેતવણી લેવી જોઇએ? આ પાઠનો નીતિસાર તથા,તેની કવિતા બોલો.

---

૧ યથા અહુવઇર્યો.

પાઠ ૩૦ મો.

તારી જીનદગી ફકત તારે માટે નથી.

[illegible]

[illegible]

. . . .

[illegible]

અવ પધો અવ ઝસ્તે
અવ ઉષિ દારયધ્વેમ્
....
ઉયમ્ન અનુયમ્નાઇષ્ દસ્તે.[૧]

અર્થ.

"પગો, હાથો, (અને) હુશીઆરી **તયાર રાખો** .... **બેમદદોને મદદ પામતા કરવાને.**"

બએત.

(મીઝાન્—ફઉલન્ ફઉલન્ ફઉલન્ ફઉલ્.)

કરી પાક દાદારે પેદા જેહાન,
કીધો આદમી તુજને રાજા સમાન.
અજબ તારૂં મન છે, અજબ છે જબાન,
અજબ હાથ, પગ, હોશ, અકલ, રવાન.
બધી એ નવાજેશ ફકત તારે કાજ,
ન માનું કરે તે ગરીબાંનવાજ.

૧ વીસપરદ કરદો ૧૫ ક૦ ૧.

મને તું વિચારે "હુમત" જો વિચાર,
ન ખુદનો ફક્ત, સર્વનો કર શુમાર.
જબાને ઉચારે જો "હુખ્ત" કલામ,
તો ખુદ સાથ પરનું ન ભૂલીશ નામ.
કરે હાથથી જો તું "હૂવર્શ્ત" નેક,
ન કરજે ફરામૂશ બીજાંને છેક.
કરી તર્ક "દુશ્મત," "દુજ્હૂખ્ત" સદા,
અને "દુજ્વરશ્તે" જે બંદ બેવફા,
હમેશાં મનુષ ભાઇબંધોથી ખાસ,
તું કોશેશ કરીને તજાવ એ ખવાસ.
મદદ કર ઘટે નેકને તો શેતાબ,
ફરજીઆતનો ખાસ છે એજ બાબ.

પાઠ ૩૧ મો.

ખુશામદની બદી.

૭૪ [illegible] . . . . . . [illegible]

ઉઝ્-વરેઝાઇ . . . . મિથોખ્તનાંમ્ચ.[૧]

અર્થ.

મિથ્યા બોલવાં . . . . તજું.

ખુશામદ એટલે કોઇને ખુશ કરવા માટે કાંઇ ગેરવાજબી બોલવું અથવા કરવું. ખુશામદ કરનાર ખોટી તારીફ કરેછે, અને ખોટું બોલવાનો જરથોસ્તી દીનમાં ગુનાહ છે; માટે દરએક જરથોસ્તીની ફરજ છે કે તેણે કદીબી કોઇની ખુશામદ કરવી નહી પણ હમેશાં આપઆબરૂચારીથી જેબી ખરેખરૂં દીસે તે કહેવું અને કરવું.

---

૧ વીસ્પરદ ૨૦, ક૦ ૨ જો.

જેમ આપણે કોઈની ખુશામદ કરવી નહી તેમજ કોઈ આપણી ખુશામદ કરે તેથી ભોળવાઈની જવું નહી— પણ પોતાની સારી સમજને ખુશામદના ફાંદામાં પડવાથી બચાવવી અને ચાપલુસીની સાકરમાં લપેટેલી નાશની ગોળી ગળી જવાથી હુશીઆર રહેવું. જે માણસ ખુશામદને ખરી માનીને ફુલાઈ જાયછે તેની અકલને અંધાપો આવીને તે ખરાબીઓના કુવામાં તુટી પડેછે.

ખુશામદ ઘણું કરીને લોભી માણસો કરેછે જેઓ પૈસાના અથવા હરએક બીજી મતલબના લોભથી બીજાંની નાલાયક વખાણ અથવા ખોટી તરફદારી કરવામાં તૈયાર રહેછે.

ખુશામદ કરવી એ બહુ નીચ કામ છે. ચાપલુસી ભરેલી જુઠી ખુશામદથી ઘણું મેળવવું તે કરતાં આપઆબરુ-આરીથી ગરીબ રહેવું ભલું. ખુશામદીયું માણસ પોતાનો વક્કર ખોઈ બેસેછે. આસપાસનાં બીજાં માણસો તેને વિષે હલકું મત બાંધેછે. એટલુંજ નહી પણ તે જેની ખુશામદ કરેછે તેબી જો હુશીઆર હોયછે તો પોતાની મેળે સમજી જઇને પેલાં ખુશામદીઆંને મનમાં ધિક્કારેછે.

જે શખસમાં ખુશામદ કરવાની બદી હોયછે તેથી ઘણા અવગુણ થાયછે. ખુશામદખોર કોઈ એકનું મોહ રાખવા સારૂ અથવા બીજા હરએક સબબથી તેને નહી ઘટે તેટલી તેની વખાણ કરેછે જે કાંઇજ નહી પણ જુઠું બોલવા બરાબર છે; અથવા તેને રાજી રાખવા સારૂ કોઈ અણઘટતું કામ કરવામાં તે આચકો ખાતું નથી જેથી તે પોતે ગુનેહ-ગાર થાયછે.

કહેછે કે ઉંદર જે માણસને કરડવાનો હોયછે તેને પ્રથમ ગીલી આવે તેવી ઠંડી ફુંકો મારી તે પછી એકદમ કરડીને તેનું લોહી કહાડેછે. ખુશામદીયું માણસ આ ઉંદર જેવું

સમજવું. તે આપણાં દીલને ખુશ લાગે તેવી ખુશામદ કરેછે ત્યારે આપણે ગફલતની ખુમારીમાં રહીએ છઇએ. પણ પછી જ્યારે ખરાબી થઇ રહેછે ત્યારેજ આપણી આંખો ઉઘડેછે. ખુશામદીયું માણસ મચ્છર સાથે સરખાવી શકાયછે, જે માણસના કાન આગળ બારીક અવાજે ગાયન કરેછે. પણ જ્યારે તે કાણના વેહમાં દાખલ થાયછે ત્યારે તે ચોંકીને તેને કહાડી મુકેછે. એજ પ્રમાણે ખુશામદીયું માણસ પોતાની ખુશામદોથી બીજાંને ખુશ કરેછે પણ જ્યારે તેથી તેની હાની થાયછે ત્યારે તે તેને પોતાની પાસેથી દૂર કરેછે.

ખુશામદીયું કોઇબી રીતે કામનું તો નથીજ પણ ઘણી રીતે ગેરફાયદા કરનારૂં છે. તે આપણી ખોટી વખાણ કરેછે. જેથી આપણી પોતાની ખરી હાલત વિષે ખોટા ભુલાવો ખાઇએ છઇએ. એટલુંજ નહી પણ તેથી આપણી ખામીઓ આપણાં જાણવામાં આવતી નથી. માણસજાતની ખાસીઅત એવી છે કે દરએક જણને પોતાની ખામી ઓછીજ દેખાયછે—જેમાં સો ખામીઓ હોય તેને તેમાંની પાંચ ભાગ્યે દેખાયછે—જ્યારે બીજાંઓથી તેની ખામીઓ તેને દેખાડવામાં આવેછે ત્યારેજ તે પૂરેપૂરી જાણેછે. હવે ખુશામદીયું માણસ આપણી ખામીઓ દેખાડતું નથી તો નથી પણ જે થોડી ઘણી આપણી ખામીઓ આપણે જોઇ શકીએ તે જોવાની શકિતબી પોતાની ખોટી વખાણોએ લઇ મુકેછે. એ પ્રમાણે ખુશામદીયું માણસ આપણને કશી રીતે ઉપયોગી નહી હોવા સાથે સામું નુકસાનકારક છે.

જેમ મધમાખો સુગંધી ફુલોનો રસ ચુસીને તેઓને ફીકાં બનાવી દીએછે, જેમ સાધારણ માંખીઓ મીઠાં પકવાનો ઉપર બેસીને તેઓને ખરાબ કરી નાંખેછે, તેમ ખુશામદીઆંઓ પાદશાહો, અમીરો, તવંગરો વગેરે મોહટાં

માણસોની આસપાસ ભમીને તેઓને ખરાબ કરેછે. માટે મોહટાં માણસોએ તેઓની ઝેરી અસરથી હમેશાં સંભાળ રાખવી અને પોતાની પાસે ખુશામદ નહી કરે તેવાંઓનેજ રહેવા દેવાં. બીનખુશામદીઆ સાથીથી કેવો ફાયદો છે તે નીચલી હેકાયત ઉપરથી જણાયછે.

" કહેછે કે પાદશાહ નોશીરવાન પોતાની પાદશાહીની શરૂઆતમાં જુવાનીને લીધે એશઆરામમાં ઘણો મશગુલ રહેતો હતો, જેથી પાદશાહી તથા ઇનસાફનાં કામોપર તેથી પુરતું ધ્યાન અપાતું નહી હતું. એક દહાડે તે બુઝરચે મેહર સાથે શીકાર કરવા ગયો હતો ત્યાં જંગલમાં તેણે જોયું કે ઘુવડોની બે હાર એક બીજીની સામણે બેઠી હતી. પાદશાહે પુછ્યું કે આ ઘુવડો શું કરતાં હશે ? બુઝરચે મેહરે ભેદ ભરેલી રીતે જવાબ દીધો કે આ તેઓની શાદીની મીજલસ છે જેમાં એકનો બેટા અને બીજાંની બેટીનાં લગન થાયછે. એક તરફથી પેહરામણી અને બીજી તરફથી રીત જણાવવામાં આવેછે. બંને તરફથી કબૂલાત અપાવવામાં આવેછે કે જો પાદશાહ નોશીરવાન તખ્તપર કાયમ રહેશે તો વરના બાપ તરફથી વહુને પેહરામણીમાં અને કન્યાના બાપ તરફથી જમાઇને રીતમાં એકકું વેરાન થતું ગામ બેફીકરાઇથી પડી રહેવાને આપવામાં આવશે. આ ઉપરથી નોશીરવાન ચેતી ગયો કે તેની પાદશાહીમાં અંધેર ચાલેછે અને આબાદીને બદલે વેરાણી પંથરાતી ચાલીછે. તેણે પોતાના બીનખુશામદીઆ વજીરનો ઉપકાર માન્યો અને તુરત પાછો ફરીને પોતાનાં પાદશાહી તથા ઇનસાફનાં કામો ઉપર એટલું બધું ધ્યાન આપવા માંડયું કે તેનો તમામ મુલક આબાદ થવા સાથે તેનું નામ અદલ ઇનસાફમાં અમર રહી ગયુંછે."

બીજા હાથ ઉપર ખુશામદીઆઓ કેવે ખોટે રસ્તે દોરેછે તેનો

એક દાખલો હખામનીઆન પાદશાહ કબુજીય (કમબાઇસીસ) ઉપરથી મળેછે. હીરોડોટસ કહેછે કે તે જમાનાનાં ઇરાનીઓ-માં એકજ માબાપનાં ફરજંદો વચ્ચે શાદી કરવાની મનાઇ હતી. પણ કબુજીયને પોતે તેવું લગન કરવાની ઇચ્છા થઇ તેથી તેણે તે વિષે પોતાની દરબારના દાવરોનું મત પુછ્યું. તેઓએ ખુશામદથી પાદશાહને ખુશ રાખવા સારૂ એવો ફતવો આપ્યો કે જોકે ઇરાનીઓના ધર્મ તથા રેવાજ પ્રમાણે એવાં લગ્ન થઈ શકે નહી તોપણ પાદશાહ આપઅખતીઆર છે તેથી તે તેને ગમે તે કરી શકે. આ ખુશામદ ભરેલા ખોટા ફતવાની મદદથી કબુજીયને તે ખોટું કામ કરવાને ફાવ્યું. હવે જો તે પાદશાહે પ્રથમથીજ પોતાને ત્યાં ખુશામદીઆ દાવરો રાખ્યા નહી હતે તો તેને આવી ખોટી સલાહ નહી મળતે. ખરા અને સુધા દાવરો ઉપલા દાનાવ બુઝરગ્યે મેહરની મીસાલે પોતાના પાદશાહને કોઇબી રીતે ખોટે રસ્તેથી ફેરવીને ખરા માર્ગ ઉપર ચલાવતે.

આપણે ખુશામદથી પરહેજ રહેવું એટલુંજ નહી પણ કોઇ હરએક રીતે આપણી ખુશામદ કરે તેથી ભોલાવુંબી નહી અને તેથી દૂર રહેવું; અથવા જો તેમ નહી બનતું હોય તો તેને શરૂથીજ ખુશામદ કરતું અટકાવીને માત્ર જેટલી ઘટે તેટલી તેની સલુકાઇ કબૂલ રાખવી.

હરિગીત છંદ.

છાછરે છૂપો ખડક જાણો ખુશામદ હર જગે—
નાવ જીંદગીની ચલાવો દૂર તેથી ભવજળે.

સવાલો.—ખુશામદની બદી તજવા વિષે અવસ્તાનો કલામ અર્થ સહીત કહો. ખુશામદ એટલે શું ? ખુશામદ કરનાર શાનો ગુનાહ કરેછે ? દરેક જરથોસ્તીની એ વિષે શું

ફરજ છે ? કોઇ આપણી ખુશામદ કરે ત્યારે શું કરવું ? જે ખુશામદથી સાવધ નહી રહે તેની કેવી દશા થાયછે ? ખુશામદ ઘણું કરીને કોણ કરેછે ? તે શી મતલબે ? ખુશામદ કરવી એ કેવું કામ છે ? ખુશામદથી ઘણું મેળવવા કરતાં શું ભલું છે ? ખુશામદીયાંની હાલત કેવી હોયછે ? ખુશામદથી કેવા અવગુણો થાયછે ? ખુશામદ વિષેની કેટલીએક તમસીલો આપો. ખુશામદીઆંની સંગત રાખવાથી થતા ગેરફાયદા સમજાવો. માખીઓની તમસીલોથી ખુશામદીઆ સોબતીના અવગુણો સમજાવો. બીનખુશામદીઆ સાથીથી ફાયદો થાયછે તેની એક હેકાયત કહો. ખુશામદીઆ સાથીથી ગેરફાયદા થાયછે તેની એક હેકાયત કહો. આ પાઠનો નીતિસાર તથા તેની કવિતા કહી સમજાવો.

પાઠ ૩૨ મો.

ખુદા બુરાંનો મદદગાર નહી.

[illegible]

દ્રવતો નોઇત્ અહ્મિ.[૧]

અર્થ.

"હું બુરાને લગતો નથી."

મયાલે ટકેલા અવસ્તા હોમ યશતમાંના છે જેમાં એકથી વધારે ઠેકાણે જણાવ્યુંછે કે હોમના ફાયદા જેટલા ભલાંઓને મળી શકે તેટલા બુરાંઓને મળી શકતા નથી.[૨] કેટલીએક યશતોમાં[૩] જુહાક, અફ્રાશીઆબ, વગેરે કેટલાએક શખશો વિષે જણાવ્યુંછે કે તેઓએ ઘણીજ ક્રિયાઓ

---

૧ યજશને ૧૦ ફ૦ ૧૬.

૨ યજશને હા ૯, ૧૦, ૧૧.

૩ આવાં યશત ફ૦ ૨૯—૩૧; ૪૧—૪૩; ૫૭—૫૯ ઇત્યાદિ, ઇત્યાદિ.

કરી તોપણ તેઓએ માગેલી બદ મુરાદો બર આવી નહી. અશો જરથોસ્ત ગાથામાંની પોતાની મોતેબર વચ્ચજમાં જે બોધ આપેછે[૧] કે રોજે અવળથી ભલાઇનો અને બુરાઇનો એવા બે પક્ષ છે જેઓ કદી એક બીજાને અનુસરતા અથવા દોસ્તી રાખતા થાય નહી તે ઉપરથી કુદરતી રીતે અનુમાન નીકળેછે કે ખુદાતાલા જે ભલાઇના પક્ષનો છે તે બુરાનો મદદગાર નહીજ થવો જોઇએ. તમામ અવસ્તામાંથી એકજ સારાંશ નીકળેછે કે ખુદા બુરાનો મદદગાર નથી.

આ પ્રમાણે ખુદાતાલા અથવા તેને લગતું કોઇબી બુરાનો મદદગાર થવાને રાજી નથી એમ જે અવસ્તા શીખવેછે તે બરહક છે તેની કેટલીએક સાબેતીઓ છે.

જેબી કોઇ બુરી મુરાદ ચહાય કે તેજ ઘડી તે બુરૂં માણસ કરેછે અને ખુદાનો પક્ષ બુરાઇથી વેગલો છે તેથી તે બુરાનો મદદગાર થઇ શકે નહી. જો તે બુરૂં ચહાનારનો મદદગાર નહી થાય તો બુરૂં બોલનારનો અને બુરૂં કરનારનો તો કેમજ થાય ?

ખુદાવંદતાલા બુરાનો મદદગાર નહી થાય, બુરી મુરાદ બર નહી લાવે, અને બુરાને તરક કરી મુકે, એ કુદરતી છે. કેમકે બુરૂં માણસ તેની સામણે એક બળવાખોર છે, તેને મદદ કરવી તે તેને પોતાને નુકસાન કરવા બરાબર થાય. બુરાઇ ખુદાની મરજીની વિરૂદ્ધ અને તેને નાપસંદ છે તેથી બુરી મુરાદ બર લાવવી તે ખુદાએ પોતાને જે ચીજ નાપસંદ તે પોતાને હાથે કીધેલી કેહવાય.

બુરાઇ સાથે ખુદાને કશો સંબંધ નથી. જો આસમાન અને જમીનને મેલાપ હોય, જો આતશ અને પાણીને

---

૧ યજશને ૪૫ ફ૦ ૨.

દોસ્તી હોય, તો ખુદા અને બુરાંને સંબંધ હોય. બુરાઈ ખુદાની દુશમની છે તેથી જો ખુદા બુરાંને તરફ નહી કરે, તો તેણે પોતે પોતાની સામણે લડાઈ કરવા બરાબર થાય.

બુરૂં માણુસ ખુદાનો કાયદો તોડેછે, તેની નાફરમાની કરેછે, અને તેને નાખુશ થવાનો સબબ આપેછે, તેથી તે તેની મદદ મેળવવાને નાલાયક છે.

જેઓની ખાસીઅત એક બીજા સાથે મલતી હોય તેઓ એક બીજાંની મદદ મેલવેછે અથવા મેલવવાની આશા રાખેછે. હવે ખુદાની ખાસીઅત તો નેકીની છે તેથી જો તે મદદ કરે તો માત્ર નેકોનેજ કરે, બુરાંઓને કદી કરે નહી. જે કામ કરવું તેની ખાસીઅતથી તદન ઉલટું છે તેની આશા તેથી રાખવી ફોકટ છે.

ખુદાતાલા આલમનો પાદશાહ અને ઇનસાન જાતનો બાપ છે. એક પાદશાહ પોતાની રઇઅતને અથવા એક બાપ પોતાનાં બચ્ચાંને બુરૂં કામ કરવામાં મદદ કરે તો તે ધિક્કારને પાત્ર થાયછે. ત્યારે ખુદાતાલા જે તમામ ખુબીઓનો ખાવંદ છે તેથી એવું ધિક્કાર ભરેલું કામ થવાની આશાજ કેમ રખાય?

એમ છે માટે દરએક જણે યાદ રાખવું કે કાંઈબી બુરાઇમાં તેને ખુદાની મદદ મલશે નહી એટલુંજ નહી પણ જો તે બુરાઇની આદત નહી છોડશે તો તેને ખુદા તદન તજી મુકશે.

કોઈબી ઇનસાન જો એવું સમજે કે ખુદાની મદદ ઉપર તેને હક છે તો તે તેની મોહટી ભુલ છે. માણસને ખુદાની મદદ એક હક તરીકે નહી પણ ઉપકાર તરીકે મલી શકેછે. કેમકે ખુદાએ માણસને મરજીનું છુટાપણું આપીને તેને પોતાની કોશેશ મુજબ ફળ પામવા ઠરાવ્યુંછે. એથી કરીને

તેણે ખુદાથી મદદ મેળવવાનો દાવો રહ્યો નથી. તોપણ તે સાહેબ જે ગેબથી મદદ કરેછે તે માત્ર એક વધારે ઉપકાર કરવાની બખશેશ તરીકે કરેછે. હવે આ બખશેશ તેણે માત્ર નેક માણસોને કરવા અને બદ માણસોને નહી કરવા ઠરાવ્યુંછે એમ અવસ્તા જણાવેછે તેમાં તે સાહેબની કેટલી બધી ખુબી, ડાહપણ, અને દયા સમાયલાંછે તે જુઓ ! મરજીનું છુટાપણું આપતાં ઠરાવેલુંછે કે દરેક જણ તેનો જેવો ઉપયોગ કરે તેવો બદલો મેલવે—નેકી કરે તો ઇનામ મેલવે અને બદી કરે તો સજા પામે. હવે મરજીનાં છુટાપણાં સાથે એવી શરત જોડાવા પછી જો ખુદા આદમીને નેકી કરવામાં મદદ કરે તો તેને ઇનામ મેળવવામાં મદદ થાયછે, પણ જો તે તેને બદી કરવામાં મદદ કરે તો તેને વધારે સજા મેળવવાનો સબબ થઇ પડે. એટલામાટે ખુદાતાલાએ બદીમાં મદદ નહી કરવાનું જે ઠરાવ્યુંછે તેમાં તેનું અપાર ડાહપણ અને દયા નહી તો બીજાનું શું સાબેત થાયછે ?

બએત.

બદીમાં મલે નહી ખુદાની મદદ—
બદોની હમેશાં દુઆ થાએ રદ.

સવાલો.—ખુદા બુરાંનો મદદગાર નથી તે વિષેનો અવસ્તાનો કલામ અર્થ સહીત કહો. એ વિષે અવસ્તામાંથી મલતી બીજી શહાદતો શું શું છે ? એ વિષે તમામ અવસ્તામાંથી શું સારાંશ નીકળેછે ? એમ શીખવેલું બરહક છે તેની સાબેતીઓ સમજાવો ? ખુદાએ નેકોને મદદ કરવામાં અને બદોને મદદ નહી કરવામાં શું ડાહપણ વાપડયું છે ? આ પાઠના નીતિસારની બએત બોલો.

પાઠ ૨૩ મો.

અથોરનાન તરફ કેવી રીતે વર્તવું ?

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

આથ્રવ નાંમ અહિ આથ્રવતેમ નાંમ અહિ.[1]
ઉશ્તા નો ઝાતો આથ્રવ યો સ્પિતામો ઝરથુશ્ત્રો.[2]
(આથ્રવનો). . . યોઇ યેયાં દૂરાત્ અષો-ઇષો દખ્યુનાંમ્.[3]

રદાં ઉ મોવદાં ઉ દસ્તૂરાં ઉ એરવદાં આજૂરદે એસ્તમ્. . . . પ પતેત્ હોમ્.[4]

---

૧ અહુરમઝદ યશ્ત ક૦ ૧૨.

૨ ફ્રરવરદીન યશ્ત ક૦ ૯૪.

૩ યજશને હા ૪૨ ક૦ ૬.

૪ પતેત ઇરાની.

અર્થ.

"**અથોરનાન** નામે હું છું—સર્વોપરિ **અથોરનાન** નામે હું છું."

"મુબારકબાદી (છે) આપણને! (કે) જરથોસ્તે સપેતમાન જેવો **અથોરનાન** પેદા થયો."

"(**અથોરનાનો**) જેઓ દેશોની અશોઇ ચહાતા દૂર લગી વારેઘડીએ જાયછે."

"**દીનના સરદારો, મોબેદો, દસ્તૂરો અને એરવદોને** મેં આજુરદા કીધા હોય . . . . . તેનો પસ્તાવો કરૂં છું."

અથોરનાન એટલે જરથોસ્તી ધર્મગુરૂ. જે જરથોસ્તી ધર્મગુરૂ સાચું બોલે,[1] ભલી અકલ શીખે, બીજાંઓને મુસ્કેલીમાંથી છોડવે, આવતી દુનીઆમાં બેહસ્ત મેળવવાનો રસ્તો બતાવે[2]—અને એ વગેરે બીજી ઘણી અશોઇ ભરેલી ખુબીઓ ધરાવે તેને અથોરનાન કહેવો. અથોરનાનનો દરજ્જો અવસ્તામાં કેટલો મોહટો ગણેલોછે તે મથાળે ટાંકેલા ફકરા ઉપરથી જણાયછે જેમાં ખુદ દાદાર અહુરમઝદ તથા અશો જરથોસ્તને અથોરનાનનો એલકાબ આપ્યોછે. અથોરનાનોની બુજરગીનું કારણ મજકુર એક ફકરા ઉપરથી એવું માલુમ પડેછે કે તેઓ દેશમાં અશોઇનો ફેલાવો કરેછે. યાને માણસોને દીનની રાહે ચલાવીને આ તેમજ આવતી જીંદગીમાં સુખી કરેછે. અવસ્તામાં અનેક ઠેકાણે અથોરનાનને બીજા પેશાવાળાઓની ઉપર શ્રેષ્ઠાઈ આપેલીછે તે

---

૧ વંદીદાદ ૯ ફ૦ ૨.

૨ વંદીદાદ ૧૮ ફ૦ ૬.

ઉપરથી એવો સારાંશ નીકળેછે કે દરેક જરથોસ્તીએ અથોર-નાન તરફ પુરતાં માનથી વર્તવું જોઇએ. પુરાતન ઇરાનીઓ અથોરનાન વર્ગને અતિ માનવંત ગણતા હતા તેથી તેઓ "આશ્રવ—પુશ્રિષ્" એટલે "અથોરનાની પસુજ્ઞતનું બચ્ચું" ઘણું ચહાવા જોગ ગણતા હતા. તેઓ અથોરનાનને આજૂરદા કરવું ગુનાહ ભરેલું સમજતા હતા એમ મથાલે ટાંકેલાં છેલ્લાં વાક્ય ઉપરથી જણાયછે. વળી તેઓ એવું સમજતા હતા કે જજમાનોના આત્માનું ભલું કરવાની ફરજ અથોર-નાનોને શીર છે, અને તેના બદલામાં તેઓનાં ગુજરાનનો બંદોબસ્ત રાખવાની અને તેઓને માન આપવાની બેહદીન જજમાનોને ફરજ છે.[૧] સાસાનીઆન તબકાના પાદશાહોએ તો ચોકસ કાબેલ અથોરનાનોને રાજકારોબારમાં વજીરાતને દરજ્જે ચહડાવ્યા હતા તે વિષે તવારીખનાં અને બીજી કેતાબોમાંથી ઘણી શહાદતો મળેછે.

જેમ માણસોના જાનમાલની પાસબાની કરવી રાજના અમલદારોનું કામ છે તેમ તેઓના આત્માઓની પાસબાની કરવી ધર્મગુરૂઓનું કામ છે. રાજકારોબારીઓ માણસોનો દુનીઆઇ કારોબાર બરાબર ચલાવવાની ફીકર રાખેછે—પણ ધર્મગુરૂઓ તેઓની આ તેમજ આવતી જીંદગીની બેહતરી તેઓને દેખાડેછે. હવે જો આપણે રાજના અધિ-કારીઓને ઘટતું માન નહી આપીએ તો તે ખુદ રાજકર્તા-નો તરફ ગેરવર્તણુક ગણાયછે તેમજ જો આપણે ધર્મગુરૂઓને ઘટતું માન નહી આપીએ તો તે ખુદ ધર્મને અપમાન આપવા બરાબર ગણાય. માટે ધર્મગુરૂઓને માન આપવું જોઇએ.

જેઓ પોતાના ધર્મગુરૂઓનું માન જાલવતાં નથી તેઓ પોતાના ધર્મનું માન જાળવતાં નથી. એક ધર્મગુરૂ તેના

---

૧ દાદેસ્તાને દીની સવાલ ૪૩ મો.

ધર્મના એક પ્રતિનિધી જેવા છે તેથી તેને આપેલું માન કે અપમાન તે ધર્મને આપેલાં માન કે અપમાન બરાબર છે.

પુરાતન જમાનેથી સઘળી સુધરેલી પ્રજાઓમાં ધર્મગુરૂઓને બીજા સઘળા વર્ગોથી વધારે માન અપાતું આવ્યુંછે.

જો કોઈ એમ સમજે કે જે પ્રમાણે સુથાર, લુહાર, દુકાનદાર, વગેરે જુદા જુદા ધંધાદારો છે તેજ પ્રમાણે ધર્મગુરૂઓબી ધર્મ ક્રિયાનો ધંધો કરનારા છે માટે તેઓને બીજા ધંધાદારો જેવા ગણવા તો તેમાં મોહટી ભૂલ છે. ધંધાઓનું ચહડ ઉતરપણું દરએક ધંધો શીખવાને અને ચલાવવાને મગજની વધતી કે ઓછી મેહનત પ્રમાણે હોયછે. જે ધંધો શીખવાને અને ચલાવવાને મગજની મેહનત વધારે પડેછે તે ચહડતી પદવીનો ગણાયછે અને જેમાં મગજની મેહનત ઓછી હોયછે તે ઉતરતી પદવીનો ગણાયછે. હવે દીનનો એલમ શીખવાને અને ધર્મગુરૂની ફરજો બજાવવાને બીજા કોઈબી ધંધા કરતાં મગજની મેહનત વધારે પડેછે. કેમકે તે એલમ શીખનારને દુનીઆઇ વિદ્યાઓનો અભ્યાસ કરવા ઉપરાંત આ દુનીઆની પેલીમેર અને આ જીંદગીની પછીની હાલતમાં શું છે અથવા હોવું જોઇએ તે વિષેની મુશકેલ બાબતોનો અભ્યાસ કરવો પડેછે અને માણસોને ખરે રસ્તે કેમ ચલાવવાં તે વિષેની મગજની મેહનત કરવી પડેછે. એટલા માટે ધર્મગુરૂનો પેશો બીજા પેશાઓથી શ્રેષ્ઠ ગણાયછે. માટે તેને છાજતું માન તે પેશાવાળાને મળવું જોઇએ.

આગળા એક પાઠમાં જરથોસ્તી ધર્મમાં દુનીઆના પેશાઓને ચાર વર્ગમાં વેંહચ્યાછે. પેહલો ધર્મગુરૂને લગતો, બીજો રાજકારોબારને લગતો, ત્રીજો ખેતીવાડી અને ભરવાડને લગતો, અને ચોથો વણકર તથા બીજા તમામ હાથ હુન્નરવાળાઓને લગતો. તે પાઠમાં માણસ જાતને એક

આપણાં શરીર સાથે સરખાવ્યુંછે અને તેનાં માથાં તરીકે ધર્મ-ગુરૂને લગતા વર્ગને ગણ્યોછે, હાથ તરીકે રાજકારોબારને લગતા વર્ગને ગણ્યોછે, છાતી અને પેટ તરીકે ખેતીવાડી અને ભરવાડને લગતા વર્ગને ગણ્યોછે, અને પગ તરીકે છેલ્લા વર્ગને ગણ્યોછે. હાથ જેમ શરીરનો બચાવ કરે છે તેમ પાદશાહ પેહલવાનો માણસ જાતનો બચાવ કરેછે. છાતી અને પેટ જેમ શરીરનું પોષણ તૈયાર કરેછે તેમ ખેડુત અને ભરવાડના વર્ગને લગતાઓ માણસ જાતનું પોષણ તૈયાર કરેછે. પગ જેમ શરીરને ખડું રાખેછે તેમ હુન્નર કામ કર-નારાઓ દુનીઆને ટકાવેછે. પણ આપણાં શરીર ઉપર માથું સરદારી ભોગવેછે, કારણ કે તેમાં અકલ અને ચહુકી કંઠીઓ છે. તે પ્રમાણે ધર્મગુરૂઓ બીજા બધા ધંધાદારીઓ ઉપર સરદારી ભોગવેછે, કારણ કે તેઓ અક્કલના ખજાનાની કુંચી પોતા પાસે રાખેછે અને તેથી આખી દુનીઆને ચલા-વેછે અને તે માટે તેઓને વધારે માન આપવાની ફરજ છે.

હરિગીત છંદ.

ધર્મગુરૂ સાથે ચલાવો વર્તણુકો માનની—
રાહનુમાઇ જે કરે રૂડી બધાં ઇનસાનની.

સવાલો.—અથોરનાનનો દરજ્જો તથા તેની તરફની વર્તણુકના અવસ્તાના તથા પાઝંદના કલામો અર્થ સહીત કહો. અથોરનાન એટલે શું? અથોરનાન કોણને કહેવો? અથોર-નાનનો દરજ્જો અવસ્તામાં કેવો ગણેલોછે? અથોરનાનની બુજરગીનું કારણ શું? અવસ્તામાં અથોરનાનને સહુથી ચહડતો ગણ્યોછે તે ઊપરથી શું સારાંશ નીકળેછે? પુરાતન ઇરાનીઓ કેવું બસું ઘણું ચહાતા હતા? તેનું કારણ શું? તેઓ અથોરનાન તરફ કેવી વર્તણુક રાખતા હતા? સાસાની-

આન તખ્તકાના પાદશાહો. અથ્રોરનાનોને શું કરતા હતા? ધર્મગુરૂઓને માન આપવું જોઇયે તેનું કારણ શું? ધર્મગુરૂઓને આપેલું માન કે અપમાન કેવું ગણાય? ધર્મગુરૂને એક ધંધાદાર જેવો કાં નહી ગણવો? અવસ્તાના ચાર વર્ગના પેશાવાળાઓમાં ધર્મગુરૂને સરતાજ ગણવાનું કારણ સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલીને સમજાવો.

પાઠ ૩૪ મો.

સંપ અને કુસંપ.

[illegible]
[illegible]
[illegible]

આક્તીમ્ હાંમ-વઇંતીમ્ પઝમઇદે પર્તસ્ય સવયાઓસ્ય હમએસ્તાર.[1]

અર્થ

"**જુદાઈ** અને બોલાચાલીના બે હરીફો સુલેહ અને **સંપ**ને ચાલો આપણે આરાધીએ."

અવસ્તામાં કેટલાએક સદ્દગુણો તથા સારી ચીજોને એક બીજાં સાથે થોડાં કે ઘણાં મળતાં આવતાં ગણવાથી તેઓની ચોકસ નહાની મ્હોટી ટોળકીઓ બનાવીછે અને તેઓને સીરોજા નામનાં એક ભાગનામાં ગોઠવી છે. તેઓ માહેલી દરેક ટોળકીમાં કેટલાએક સદ્દગુણો અથવા સારી ચીજો હોયછે તે દરએક એક બીજાંનો "હમકાર" એટલે કામ

[1] સરોશ યશ્તે હાદોખ્ત ક૦ ૧૫.

કરનાર સોબતી કેહવાયછે. મુજકુર સીરોજામાં સુલેહ અને સંપને ભલી મનશનીની ટોલકીમાં ગોઠવ્યાંછે. તે ઉપરથી અવસ્તા સંપને ભલી મનશનીનો સોબતી ગણેછે એમ જણાય છે. અને જ્યારે તેને ભલી મનશનીનો સોબતી ગણ્યોછે ત્યારે તો ભલી મનશની સાથનો સંપ યાને ફકત ભલી મતલબે કીધેલો સંપ જરથોસ્તી દીનને પસંદ છે એમ ઠરેછે. અને જો દરેક જરથોસ્તીએ ભલી મનશની રાખવી એ તેના ધર્મની ફરજ છે તો તે મનશનીની ટોળકીમાંના તેના સોબતી ભલી નેઅતના સંપની પણ પોતામાં તેની સાથે જગા કરવાની ફરજ છે.

મથાલે ટાંકેલા અવસ્તામાં ભલી નેઅતે કીધેલી સુલેહ અને સંપને એટલામાટે વખાણેલછે કે તેઓ જુદાઈ અને કજીઓકંકાસ એ બે દુર્ગુણોના હરીફ છે. આ ઉપરથી અનુમાન નીકલેછે કે આપણે જુદાઈ અને કજીઓ કંકાસ છોડીને સુલેહ અને સંપ અખતીઆર કરવાં જોઈએ કે જેથી ઘણાએક ગેરફાયદા ટલીને ફાયદા હાસેલ થાય.

સંપની ખુબી અને ફાયદા બેશુમાર છે. દુનીઆમાં સંપ જેવું કુવત નથી. સંપના ફાયદા વિષે લાક્ષણિક રીતે પુષ્કળ દાખલા અપાયલા છે. જેમકે ઘણાએક બારીક રેસા જ્યાં લગી છુટા પડી રહે ત્યાંલગી કાંઈ કરી શકતા નથી પણ જ્યારે તેઓ ગોયા સંપ કરેછે યાને જોડાઈને દોરડાં બનેછે ત્યારે તેઓની સામટી શક્તિથી મસ્ત હાથીઓ બંધાયછે, ખાંડીબંધ બોજા ખેંચાયછે, અને બીજાં અનેક મહાભારત કામો થાયછે. કીડી જેવાં બારીક પ્રાણીઓ જો જુદાં જુદાં રહે તો તેઓથી કાંઈ બને નહી પણ તેઓ સંપથી પોતાના ખોરાકો ભરી રાખવાનાં, પોતાનાં ઘરો બનાવવાનાં, ભયંકર શત્રુઓના જીવ લેવાનાં, અને બીજાં ઘણાંએક કામો પાર

પાડેછે. નાહના ઝરાઓનાં પાણીનાં ટીપાં જ્યાં લગી છુટાં રહેછે ત્યાંલગી કાંઇ કરી શકતાં નથી પણ જ્યારે તેઓ જોડાઇ જઇને તેઓની મોહટી મોહટી રેલો ચહડેછે ત્યારે તેઓ મજબુત દરખતો, ઇમારતો વગેરેનેબી જમીનદોસ્ત કરી શકેછે. એક બાપે મરતી વખતે પોતાના બેટાઓને પાસે બોલાવી લાકડીઓની એક બાંધેલી ભારી ભાંજવા કહી તે કોઇથી ભંજાઇ નહી. પછી તેણે તેમાંની એકેક લાકડી જુદી પાડીને ભાંજવા આપી તે દરેક બેટાએ સેહલથી ભાંજી. તે ઉપરથી બાપે તેઓને સંપના ફાયદા અને કુસંપનાં નુકસાનો સમજાવવાની વાત મશહુર છે. હવે એવી એવી મીસાલો અને વાર્તાઓ ઉપરથી શીખવાનું એ છે કે જેમ આખાં ઘરના થાંભલા અને બારવટીઆ એક બીજાંને ટેકાવી રાખેછે તેમ સંપ રાખનારાંઓ એક બીજાંથી પોતાને ટેકાવી રાખેછે અને ધારેલાં કામો પાર પાડેછે.

બીજા હાથપર કુસંપના અવગુણોબી બેશુમાર છે. માણસોમાં બલકે મુંગાં પ્રાણીઓમાંબી કુસંપ દાખલ થતાં તેઓની આબાદીનો અંત આવેછે. ગમે એવું નાહનું કુટુંબ, ટોલો, ગામ, અથવા દેશ જ્યાંલગી પોતામાં સંપ જાળવી રાખેછે ત્યાંલગી તે કોઇથી હાર પામતું નથી પણ જે ઘડી-તેમાં કુસંપ પેંઠો કે તેની પડતી અને નાશ થાયછે. કેહવત છે કે "સંપ ત્યાં લક્ષ્મી અને કુસંપ ત્યાં અવદશા." દીવાળમાં જ્યાં લગી ઇંટો ચુનાથી જોડાઇ રહે ત્યાંલગી દીવાલ પવન, વરસાદ, વગેરેની સામણે ઉભી રહેછે, પણ જેવી ઇંટો એક બીજીથી છુટી થવા માંડી કે મોડે કે વેહલે દીવાલ આપોઆપ જમીનદોસ્ત થાયછે. એજ પ્રમાણે દુનીઆની તવારીખોમાં સંપથી મોહટી મોહટી પાદશાહીઓની સ્થાપનાઓ થવાના અને કુસંપથી તેવીજ પાદશાહી-

ઓના અંત આવવાના ઘણા દાખલા મળેછે. જેઓમાંથી ઇરાનની તવારીખમાંના ફકત નીચલા બેજ દાખલા દરેક જરથોસ્તીએ યાદ રાખવા અને ધડો લેવા જોગ છે.

પુરાતન જમાનામાં એક વખત એવો હતો કે જુલમથી કચડાતા થોડાએક ઇરાનીઓએ કાવેઆહંગર જેવા એક ગરીબ લુહારની સહાયતા હેઠળ એકઠા થઈ જુહાક જેવા જબરદસ્ત પાદશાહને હાંકી કહાડી ફરેદુનને તખ્તનશીન કીધો હતો. તે તેઓના સંપથી બન્યું હતું. પણ છેલ્લા જમાનામાં પારસીઓની પાદશાહી તેઓના અમીરો વચ્ચે સંપ નહી રેહવાથી ખતમ થઈ. તેઓને જીતનારા આરબોને વિષે કહેછે કે તેઓ એટલા તો મુફલિસ હતા કે તેઓની પાસે સારાં હથીઆરો વગેરે નહી હતાં અને ઇરાનીઓ સોડ જોકે હાથી, ઘોડા અને પ્યાદાઓ સાથનું હજારો લડવૈયાઓનું લશ્કર હતું તોપણ તે વખતે તેઓમાં જુદાઇ અને બેદીલી હોવાને લીધે લડાઇઓમાં તેઓ એકસંપથી લડતા નહી હતા તેથી દર વખતે તેઓની શીકસ્ત થઈ હતી. કહેછે કે તે હીંગામમાં એકવાર એક લડાઈ હારી જવાથી કેટલાએક ઇરાની શાહજાદાઓ અને અમીરો એક ખેતરની બાજુએથી નહાસતા હતા તેઓને તે ખેતરના ધણીએ તાણો મારીને કહ્યું કે તમે તીર કામઠાં, તળવાર, ગરજ, વગેરે લઇને માથાંથી તે પગ લગી હથીઆરબંધ થએલાછો અને તમારા હરીફોમાંના ઘણા-એકો પાસે માત્ર ડાંગ, કોશ્તું, કે છરી જોવામાં આવેછે. તેઓ એવા કંગાલ છે તોપણ તમો પેહલવાનો થઇને તેઓને પીઠ દેખાડી નહાસોછો. એથી તમે પોતાને ઓરતો કરતાંબી નમેતર સાબેત કરી આપોછો. આ તાણો સાંભળવાથી તે શાહજાદાઓને બરફ પાણી ઉતર્યું. કોઇ એકદમ ધસીને તે ખેડુતને મારી નાખવા જતો હતો પણ એક શાહજાદાએ તેને

વાર્યો, અને પેલા ખેડુતને કહ્યું કે આ તારૂં હલ ઉભુ કર. તેણે તેમ કીધું. પછી કેટલાએક કદમને છેટે જઇને ત્યાંથી તેણે કમાન ખેંચીને એક તીર છોડયો જેણે પેલાં હલને વિંધી નાખ્યું. પછી પેલા શાહજાદાએ ખેડુતને કહ્યું કે તું અમુને જેવા કમજોર અથવા નાહીમત સમજેછે તેવા અમે નથી. અમારી રગોમાં હજુર લગી અમારૂં પુરાતન ક્યાની લોહી ફરતું છે. અમે અમારા જગ આશકાર ન્યાગાનોથી કોઈબી રીતે મરદાનગીમાં ઉતરતા નથી. પણ અમારી કમબખ્તી એ છે કે આજે અમારામાં જરાબી સંપ રહયો નથી. હું આ જંગલી આરબોને અમારા હરીફ કહેવાને શરમાઉંછું. કેમકે તેઓ અમારીથી ઘણા ઉતરતા છે. પણ અમારો ખરો હરીફ અને કટ્ટો શત્રુ અમારો કુસંપ છે જેણે અમારી સેંહકડો વર્ષોની પાદશાહીનો અંત લાવી મુકયોછે.

ચોપાઈ.

સંપે સુખ બળ લક્ષ્મી જાણ—
કુસંપ અવરનું મૂળ પિછાણ.
સંપે ઘર, નગરી, કે દેશ,
વસે સુખે—નવ લેશ કલેશ.
કુસંપ લાવે બહુ કંકાશ,
કુસંપનાં ફળ શોક વિનાશ.

સવાલો.—સંપ અને કુસંપ વિષેના અવસ્તાના કલામો અર્થ સહીત કહો. અવસ્તામાં સંપને ભલી મનશનીનો સોબતી ગણેઓછે તેની અને તેના હરીફ દુરગુણોની સમજણ આપો. તે ઉપરથી નીકળતાં અનુમાનો સમજાવો. સંપના ફાયદા તમસીલો વગેરેથી સમજાવો. કુસંપના ગેરફાયદા જણાવો. ઈરાનની તવારીખમાંથી સંપના ફાયદાનો તથા કુસંપના ગેરફાયદાનો એકેકો દાખલો આપો. એ વિષેના નીતિસારની કવિતા બોલીને સમજાવો.

પાઠ ૩૫ મો.

પાદશાહ તરફ વફાદારી.

[illegible]

[illegible]

હુક્ષથ્રા ક્ષ્‌તાંમ્‌.[૧]
આફ્રીનામિ ક્ષથ્યાંન્‌.[૨]

અર્થ.

"ભલા **પાદશાહોને પાદશાહી કરવા દો.**"
"**પાદશાહોને દુઆ** માંગુંછું."

ઉપલા ગાથા તથા અવસ્તાના કલામોમાં દરેક જરથોસ્તીને પોતાના પાદશાહને તાબે રહેવા અને તેની ચહડતી આરૂ દુવા માંગવા જણાવ્યુંછે. આફ્રીગાન નામની ક્રિયામાં અથોરનાનો હમેશાં નેક પાદશાહોના હકમાં નેક દુઆઓ માગેછે. દાદેસ્તાને દીની નામની એક મોતેબર પેહલવી કેતાબમાં તેનો દીનઆગાહ બનાવનાર માનુસચેહરે-ગોપનેદમાન લખેછે કે પાદશાહ જરથોસ્તી હોય કે જુદદીન હોય પણ જો ઇનસાફનો ખાવંદ હોય તો દરેક જરથોસ્તી રૈયતે તેની તરફ વફાદાર રેહવાની ફરજ છે.[૩]

આગલા ઇરાનીઓ હમેશાં પોતાના પાદશાહપર કુરબાન અને જાનફેશાન હતા. તેઓ પોતાના પાદશાહનાં સુખે સુખી અને દુઃખે દુઃખી હતા. હીરોદોટસ અને બીજા તવારીખ-

---

૧ યજશને હા ૪૮ ફ૦ ૫.

૨ આફરીગાન ૧ ફ૦ ૧૪.

૩ દાદેસ્તાને-દીની, સવાલ ૬૩.

નવેસો કહેછે કે તેઓ પોતાના પાદશાહની ફતેહના સમાચાર મલતાંજ તેઓના રેવાજ પ્રમાણે રસ્તાઓ સાફસુફ કરીને તેઓપર મેદીની ડાંખલીઓ બીછાવતા હતા, ખુશબોઇઓની ધૂપ કરતા હતા, અને એવી એવી બીજી ખુશી ખુશહાલીની નીશાનીઓ બતાવતા હતા—તેમજ તેઓ પોતાના પાદશાહની ગમગીની વખતે ગમની નીશાનીઓ બતાવતા હતા. તેઓની પોતાના રાજકર્તા ઉપરની જાનફેશાની કેટલીબધી ખરાં અંતઃકરણની હતી તે વિષે હીરોદોટસ લખી જાયછે કે એકવાર ઇરાનીઓને ખબર મલી કે તેઓના પાદશાહ ક્ષાયરષા (ઝર્ક્ષીસ) એ યુનાનીઓ ઉપર ફતેહ મેલવીછે તેથી તેઓ અતિશય ખુશીમાં આવી ગયા અને શેહરમાં ધામધુમથી રંગરાગ અને રામશની કરવા મંડી ગયા. પછીથી તેઓને તેની શીકસ્ત થવાના સમાચાર મળ્યા ત્યારે તેઓ અત્યંત દલગીરી અને ગમમાં ગરકાવ થઈ ગયા. વળી બીજે ઠેકાણે હીરોદોટસ કહેછે કે એકવાર પાદશાહ ક્ષાયરષા (ઝર્ક્ષીસ) વહાણમાં બેઠેલો હતો તેવામાં ભરદરીએ એક તુફાન થઇ આવ્યું તેથી વહાણ જોખમમાં આવી પડ્યું. પાદશાહ ઘણો ગભરાયો અને સુકાનીને મોહોટેથી હાંક મારીને પુછ્યું કે આ જોખમમાંથી બચવાનો કાંઇ ઉપાય છે કે નહી ? તેણે જવાબ દીધો: "જેહાંપનાહ! કાંઇ ઉપાય નથી, સીવાય કે આ જોઇએ તે કરતાં વધારે ઉતારૂઓની સંખ્યા ઓછી થાય." આ વાત સાંભળવાથી ક્ષાયરષા (ઝર્ક્ષીસ) એ ઇરાનીઓને કહ્યું: "ઇરાની સજ્જનો! તમે તમારા પાદશાહ તરફ કેવો ચાહ ધરાવોછો તે દેખાડવાનો આએજ વખત છે. એવું જણાયછે કે, મારી સલામતીનો આધાર તદન તમારી ઉપર છે." પાદશાહનું એમ બોલવું કે તુરત ઘણા ઇરાનીઓ કુરનશ બજાવીને દરીઆમાં કુદી

પડયા. તેઓએ પોતાના જીવ પોતાના પાદશાહપર સદકે કીધા તેથી વહાણનો બોજો હલકો થયો અને ક્ષાયરષા (ક્ષર્ક્ષીસ) એશીઆમાં સહીસલામત આવી પુગો. કેવી દ્રઢ રાજભકિત !

ઉપલી શહાદતો દેખાડી આપેછે કે પોતાના પાદશાહ તરફ વફાદારી એ જરથોસ્તી દીનમાં એક ફરજ છે અને દરેક જરથોસ્તી જન્મથીજ રાજભક્ત છે. માટે તેણે તે વફાદારી બજાવવામાં જરાબી કસુર રાખવી નહી જોઇએ.

જેમ દીનની રૂએ અને દેશહીતકારીપણાંની રૂએ તેમજ અકલની રૂએબી રાજભકિત પાળવાની દરએક જણની ફરજ છે. આપણે જોઇએ છઇએ કે દુનીઆમાં ઇમાનદાર ઉદ્યોગી લોકો રાત દીવસ મેહનત કરીને ખેતી, હુન્નર, અને વેપારથી જીંદગીને માટે જરૂરની તથા સુખની બધી વસ્તુઓ ઉત્પન્ન કરેછે અને એક જગેથી બીજી જગે પોંહચાડેછે. તેઓની મેહનતનાં ફળ આળસુ, હરામખોર, અપ્રમાણીક માણસો ચોરી, ઠગાઈ, અથવા લુટથી લઇ લીએ તેનો જો અટકાવ અથવા ઉપાય નહી કીધો હોય તો ઉદ્યોગીઓ પોતા-નો ઉદ્યોગ છોડી બેસે, કોઇ ચીજની પેદાયશ થાય નહી, અને માણસોને બહુ દુઃખો વેઠવાં પડે. એટલામાટે માણસો-ના જાનમાલની સલામતી જાલવનાર કોઈ બળવાન આદમી-ની જરૂર છે. તે આદમી તે પાદશાહ છે. વળી માણસોને પોતાનાં લેણ દેણ વગેરે અનેક બાબતેમાં એક બીજાં વચ્ચે વાંધા પડેછે તેનો ઇનસાફ કરીને જે કોઇ ગેરવાજબી જણાય તેને શિક્ષા કરવાને સમર્થ હોય એવાં માણસનીબી જરૂર છે. તે આદમીબી પાદશાહ છે. પાદશાહ અથવા તેનો ઠરાવેલો ન્યાયાધિશ જો ઇનસાફ કરીને ગુનેહગારને દંડ વગેરે ઘટતી સજા કરેછે તો તેથી દુનીઆનો કારોબાર બરાબર ચાલુ રહેછે, નહી તો તેમ રહે નહી. એ પ્રમાણે ગોયા દુનીઆની

ગાડીની ધુસરી પાદશાહની ગરદન ઉપર છે, જેથી તેનું પૈડું ચાલુ રહેછે. જેમ સુકાની વહાણને સીધે રસ્તે ચલાવીને ખડકોપર અથડવાથી બચાવેછે તેમ પાદશાહ દુનીઆની નાવને સીધે રસ્તે હંકારેછે તેથી તે નાશને ખરાબે અથડવાથી બચેછે. દુનીઆ બાગનો ગોયા પાદશાહ માલી છે, જે તેના છોડવા રૂપી કમજોર લોકોની સંભાળ રાખેછે, કાંટા રૂપી દુષ્ટ લોકને દૂર કરેછે, અને દેશને એડાવી ખીલવાવીને તાજગી ભરેલું આબાદાન રાખેછે. માટે રાજ્યનું રૂપ રાજાસત્તાક હોય, પ્રજાસત્તાક હોય, અથવા બીજું ગમે તે હોય, પણ રૈયતનો આધાર રાજ્યના ચલાવનાર ઉપર છે, માટે રૈયતની ફરજ છે કે તેની તરફ વફાદાર રહેવું. તેની સામણે બળવો કરવો નહી; તેની સત્તાને તાબે થવામાં, વાજબી કરો આપવામાં, અને તેની તરફ બીજી બધી ફરજો બજાવવામાં કસુર કરવી નહી. રાજ્યના દુશમનોનો નાશ કરવામાં તેને જોઇતી મદદ કરવી; તેના હકમાં હમેશાં ભલી દુઆ માંગવી; અને હરએક પ્રસંગે તેને માન આપવું. રાજ્યકર્તાને ત્યાં શુભ અવસર હોય ત્યારે રૈયતે ખુશાલીની નીશાનીઓ દેખાડવી, તેમજ તેને ત્યાંના અશુભ અવસરે તેના ગમમાં ભાગ લેવો.

બએત.

ભલા પાદશાહને વફાદાર થા—
તરીકો ઈરાની પકડનાર થા.

સવાલો.—પાદશાહ તરફ વફાદારી વિષેના ગાથા તથા અવસ્તાના કલામો અર્થ સહીત કહો. એ વિષે આફરીનગાન તથા દાદેસ્તાને-દીનીમાં શું કહેલું છે? હીરોદોટસે પુરાતન ઈરાનીઓની પોતાના પાદશાહ તરફની વફાદારી વિષે શું શું કહેલું છે? એ શાહાદતો ઉપરથી કેવો સારાંશ નીકળેછે

અકલની રૂએ એવી રાજભક્તિ પાળવાની ફરજ છે તેની સમજણ આપો. પાદશાહ અને દુનીઆંનો સંબંધ કેવો છે તે વિષેની થોડીક તપસીલો કહો. પાદશાહ તરફ રૈયતની કેટલીએક ફરજો કહો. આ પાઠની નીતિની બએત બોલીને સમજાવો.

પાઠ ૩૬ મો.

પાપી, તું ખુદાને તાબે થા.

[illegible]

[illegible]

[illegible]

એવેરેઝિનિબ્યો પશ્ચએત અરશ્ચ ઓયોઝન[1]....
ઓખે-અવાક્ષ પશેમાન્ પ પતેત્ હોમ્.[2]

અર્થ.

"પછીથી અઘટિત કામો નહી કરનાર"....
"અફસોસ અફસોસથી પસ્તાવો કરી પાછો ફરૂં છું."

પદ.

તાબે થવું બહુ સારૂં, અહુરને તાબે થવું બહુ સારૂં.
આશયદાયક જે મહાજ્ઞાની, તે સેં લડવું નકારૂં. અહુરને૦ તા૦
તુજ શુભ કામો યાદજ મા કર, શી રે ખીસાત એ વારૂં?
અહુરને૦ તા૦

---

૧ વંદીદાદ ૩ ફ૦ ૪૦.
૨ નીરંગ કુસ્તી બાંધવાની.

પાપ અથાગ, રે દિલ ! એતી જા, પુણ્ય શું આવે આરૂં ?
અહુરને૦ તા૦
મન તારૂં બહુ રાત દીવસમાં, ચિન્તન કરે રે નઠારૂં.
અહુરને૦ તા૦
જીભલી જૂઠું હમેશાં બોલે, પોકલ જેમ નગારૂં. અહુરને૦ તા૦
અવયવો તારા ચંચલ સઘળા, કરવા કૂડ કપારૂં. અહુરને૦ તા૦
બદ કરણીના રોગથી તારૂં, જીવતર થયુંછે અકારૂં.
અહુરને૦ તા૦
તોબા કરી તાબે થા તેને, ઓષધ એજ ગુણગારૂં.
અહુરને૦ તા૦

પાઠ ૩૭ મો.

કુવત રાખવું—પણ તેનો ભલો ઉપયોગ કરવો.

[illegible]

[illegible]

.... ક્ષથ્રેમ્ ઓજોંગ્હ્વત્ યેહ્યા વેરેદા વનએમા દ્રુજેમ્.[૧]

અર્થ.

“....... કુવતમંદ શક્તિ, કે જેની દેલાવરીએ હરાવીએ દ્રુજ (બદી) ને.”

જરથોસ્તી ધર્મ તન, મન, અને ધનનું કુવત ધરાવવા ફરમાવેછે—પણ તેઓનો ઉપયોગ બદીને પાળવામાં નહી પણ તેને ટાળવામાં કરવા જણાવેછે. મથાળે ટાંકેલા તથા બીજા

---

૧ યજશને હા ૩૧ ફ૦ ૪.

ગાથાઈ કલામોમાં તેમજ હોમ-યશતમાં[1] અશો જરથોસ્તની કેટલીએક બાહેશો જોવામાં આવેછે તેઓમાં તન, મન, અને ધનનું બળ મેળવવા માંગ્યુંછે પણ તે તેનો ભલો ઉપયોગ કરવા માટે માંગ્યુંછે.

તમામ અવસ્તાની વલણ એવું શીખવવાની છે કે ખુદાએ આપણને તન, મન, ધન વગેરે જે જે બાબતોનું જોર બખશ્યું હોય તે બદીને મારી હઠાવવામાં અને નેકીને વધારવામાં વાજબી રીતે વાપડવાને આપણે બંધાએલાં છઇએ—અને આપણે જો તેને નિર્દોષો તથા અશક્તોનો બચાવ અને મદદ કરવામાં વાપડીએ તો તેથી સવાબ મળેછે પણ જો તેથી બેગુનાહ અને નબળાં લોકોને આજાર દઇએ તો ગુનાહ લાગેછે.

અકલની રાહે કયાસ કરતાંબી એજ નીતિ ખરી છે. કેટલાએકો કહેછે કે તન, મન, અથવા ધનનું ખાકી બળ મિથ્યા છે બલકે આ ભવનો શ્રાપ છે માટે તે બળ ધરાવવા પ્રયત્ન કરવો નહી. પણ જરથોસ્તી ધર્મમાં ખાકી જોર મિથ્યા ગણાતું નથી. અને તેની મતલબ એ છે કે તેનો શુભ ઉપયોગ કરવાથી તે આવતા ભવનું સુખ મેળવવાનું સાધન થઈ પડેછે. એ ધર્મ જે ખાકી જોર ધરાવવા મનાઈ કરતો નથી બલકે તે ધરાવીને તેનો શુભ ઉપયોગ કરવા તાકીદ કરેછે—તેમાં ખસુસ તેનો ઉપયોગ બદીઓ અને ખરાબીઓ ટાળવામાં કરવા ફરમાવેછે—તે બારીક વિચાર કરતાં ઘણી ઉત્તમ નીતિ જણાયછે. ખુદાની માણસને આ દુનીઆમાં મોકલવાની મતલબોમાં એક એવી જણાયછે કે તેણે જાણીજોઇને અસુખ તથા અગવડ ભોગવવાં નહી અને બદી તથા ખરાબીને દૂર કરવી. જો એમ છે તો જે શખસ

---

૧ યજશને હા ૯ ફ૦ ૧૭—૨૧ ઇત્યાદિ.

આ દુનીઆમાં આવીને દુનીઆઇ ન્યામતો જાણી જોઇને નહી મેળવે અથવા મેળવીને તેનો ઉપયોગ બદીઓ તથા ખરાબીઓ ટાળવાને બદલે તેઓને મદદ કરવામાં કરે તો તે ગુનાહ અને બદનામી હાસેલ કરેછે—પણ જે શખ્સ તેઓને મેળવીને તેઓનો સદઉપયોગ કરેછે તે બંધે જેહાનમાં સુરખરૂ થાયછે.

બીજા હાથ ઉપર જે શખ્સ આ દુનીઆમાં તેને મળેલાં હરએક જાતનાં કુવતનો ગેરઉપયોગ કરેછે તે બેશક ખુદાનું ગુનેહગાર થાય છે તેબી તદન ખરૂં છે. તમારી પાસે જો કુહાડો હોય તો તેથી તમે તમારાં લાકડાં ફાડો—જો કોઈ નાચારનાં લાકડાં ચીરી આપશો તો તમે એક સવાબનું કામ કીધેલું ગણાશે—પણ તે કુહાડાથી કોઇ નિર્દોષનું માથું ચીરવાનો તમને હક નથી. જો તેમ કરશો તો તેનો ગુનાહ છે જેની તમને સજા થશે. સોનાની મુઠનું ખંજર શોભાને ખાતર તેમજ તમારા બચાવને માટે તમે તમારી કમરમાં ખોસો—પણ તે તમોથી કોઈ બેગુનાહનાં પેટમાં ભોકી શકાય નહી. મસ્ત હાથીનાં જેવું બળ તમે સુખેથી રાખો અને તેથી કોઇ મગતરાંનો કોઇ જાલમથી બચાવ કરો, તેથી તમુને સવાબ છે—પણ તે નિર્બળ મગતરાંને કચડવામાં તેનો નાલાયક ઉપયોગ મા કરો. શાહનામાંમાં ઇરાની પેહલવાનોની દલેરીનાં દાસ્તાનો વાંચતાં જણાયછે કે તેઓ ઘણાખરા પોતાનાં તનનાં જોરને વાપડતા હતા, પણ તે જીઆંગાર જાનવરો તથા દુષ્ટ આદમીઓને મારીને લોકોને સુખ કરવામાં અથવા સ્વદેશના બચાવને અર્થે દુશમનોને મારી હટાડવામાં અથવા કેદ પડેલાં નિર્દોષોને છોડવવા માટે લડવામાં ખરચતા હતા. તેઓએ કોઈ નબળાંને અથવા તાબે થયલાંને આજાર દેવામાં તેનો ઉપયોગ કરવાના દાખલા કોઇ કદાચજ મલેછે. ગરીબ

નાચારોને લુટવા અથવા મારવાના બદનામી મેળવી હોય એવો પુરાતન ઇરાની પેહલવાન મળી આવવો મુશ્કેલ પડશે— પણ અશકતોને બચાવનારા અને બદીને તોડનારા ઘણા મળશે. જેમકે ફરેદુને લડીને જુહાકના જુલમથી ઇરાની પ્રજાને તથા તેના મેહલમાં કેદ પડેલી "અરનવાજ" અને "સેહનવાજ" નામની શાહજાદીઓને ખલાસી આપી હતી— પણ તેણે કોઇબી નિર્દોષ નર કે નારીને હેરાન કીધાં નહી હતાં. અસ્પંદીઆરે હફતખાનની બીકટ રાહે કુચ કરવામાં અનેક જ્યાંગાર જાનવરો અને દેવપરસ્ત અરજાસ્પ વગેરેને મારવાનાં પરાક્રમો કીધાં હતાં—પણ તે રોઇનતને નિર્દોષોને આજાર પોંહચાડવાના દાખલા મલતા નથી. એવા એવા પેહલવાનો વગેરે શકિતવાન પુરૂષોની એ ખુબી ભરેલી નીતિના બીજા અનેક દાખલા શાહનામાં વગેરેમાં નોંધાએલાછે.

રાક્ષસી જોરનો ઘાતકી ઉપયોગ કરવામાં જેટલો ગુનાહ છે તેટલીજ શરમીંદગીબી છે. એક જંગી સ્વદેશના બચાવની અથવા હરેક બીજી ભલા સબબની લડાઇમાં શમશેરનું પરાક્રમ દેખાડે તેમાં તેનાં બળની કીર્તિ છે પણ જો તે એક બુઢી ડોસીને મુક્કી મારે તો તેનાં કુવત ઉપર હેફ છે. એક પ્રવિણ વિદ્વાન પોતાના બરાબરીઆઓ સાથે મગજનું કુવત અજમાવે તેમાં તેની શોભા છે પણ જો તે એક અજ્ઞાન અભણ સાથે વાદવિવાદ કરીને સભા જીતે તો તેમાં તેની શી મોહટાઇ છે! એક દોલતમંદ પોતાની દોલત યોગ્ય પરોપકારે અને પુણ્યમાં ખરચે તેને નામદારી છે પણ જો તે પોતાનાં જરનાં જોરથી એક નિર્દોષ ગરીબ આદમીને હેરાન કરે તો તેને મોહટી શરમ છે. શાહનામાંનાં દાસ્તાનો વાંચતાં રોઇનતન અસ્પંદીઆરને જેહાં પેહલવાન રૂસ્તમ સાથે હમનબરદી કરતાં જોકે માર્યો જતો જોઇએ છઇએ તોબી તેનાં તાંબાનાં તનની

તવાનાઈ ઉપર આપણે આફ્રીન કરીએ છઇએ—પણ જયારે તેનાજ બેઠા બહમનને જાબુલી રૂસ્તમના જબરદસ્ત બેટાઓ અને નબીરાઓ ગુજરી જવા પછી જઇફ્ જાલને પીંજરાંમાં કેદ કરીને તેની ઉપર અજાબ ગુજારતો જોઇએ છઇએ ત્યારે બહમન ઉપર ધિક્કાર ઉપજવા વગર રહેતો નથી.

ચોપાઈ.

તન, મન, ધનનું રાખો બળ—
વળી તે ખરચો યોગ્ય સ્થળ.
સબળ અબળને રક્ષે જે—
સદ્ગુણીને—પુણ્ય પામે તે.
સબળ અબળને પીડે જે—
સદ્ગુણીને—પાપી છે તે.

સવાલો.—કુવત રાખવા પણ તેનો ભલો ઊપયોગ કરવા વિષેનો ગાથાઇ કલામ અર્થ સહીત કહો. એ વિષેની વધારે સમજણ આપો. એ વિષે તમામ અવસ્તાની વળણ શી છે? અકલની રાહે વિચારતાં એ નીતિ કેવી છે તે સમજાવો. પોતાની શક્તિનો ગેરઊપયોગ કરનાર ગુનેહગાર કેમ થાય તે સમજાવો. પોતાનાં બળનો ઊપયોગ ઇરાની પેહલવાનો કેમ કરતા હતા? થોડાએક દાખલા આપો. કુવતનો ગેરઊપયોગ કરવામાં શરમીંદગી કેમ છે? તેના થોડા દાખલા આપો. આ પાઠના નીતિસારની કવિતા બોલીને સમજાવો.

પાઠ ૩૮ મો.

દયા.

[illegible]

મરેઝ્દિકેમ્ આયોદ્રિઘૂમ્.[૧]

અર્થ.

"રંકરક્ષક દયા."

ઉપલા અવસ્તામાં દયાની લાગણી ગરીબોને આશરો દેનારી જણાવીછે તથા તેને પવિત્ર ગુણોની સફમાં ગણીછે. અને તે ખરેખર એક પવિત્ર લાગણી છે, કેમકે તેમાં સ્વાર્થનો એક કતરો બી હોતો નથી. ભૂખે પીડાતાંનો કકલાટ, દરદે રીબાતાંની બેજારી, અથવા મીસકીન મોહતાજની તંગી, જોઇને જે માણસની દયા ઉસકેરાયછે તેનો ખવાસ બેશક ઉંચો અને ચોખો જાણવો. અસલનાં કેટલાંએક લોકો માનતાં હતાં કે એક પ્રકારનું હકીમું એવું છે કે તેથી હકીમ દરદીનું દુઃખ પોતામાં ખેંચી લઇને તેને સાજું કરેછે. આ વાત ખરી તો નહી હોય—પણ એક દયાળુ માણસ તો ખરેજ એક લખે દુઃખી દીલનો એવો હકીમ છે. કેમકે તે જ્યારે પારકાંનાં દુઃખની દાઝ તેને દેખાડેછે ત્યારે ગોયા તેનાં દુઃખનો કેટલોએક ભાગ પોતામાં ખેંચી લેતું હોય તેમ તેથી પેલાં દુઃખીને પોતામાંથી ગોયા કેટલુંએક દુઃખ દુર થવા જેટલો આરામ મળેછે. જેમ એક તપતી જમીન ઉપર વરશાદની છાંટી ઠંડક પાડેછે તેમ એક દુઃખી હઇડાંને દયાળુની હમદરદીથી કલ વળેછે. જેમ એક ઠંડો લેપ એક ઝઝરતા જખમને કરાર

---

૧ હફ્ત અમશાસ્પંદ યશત, ક૦ ૭ મો.

વાજેછે તેમ દીલાસો દેતી દયા એક દુઃખી દીલનું દરદ વિસરાવેછે. જેમ વસંત ૠતુ કુદરતને શીઆળાની સખ્તાઇથી છોડવેછે તેમ દયાનું દાન દલદરીને દુઃખમાંથી બાહેર કહાડેછે.

દયાનો ઝરો ખુદાતાલાએ આપણમાં અખુટ મેલેલોછે. આપણે તેને હમેશાં વહેતો રાખવાની ટેવ પાડવી જોઇએ. તેને ક્રૂરપણાંના તપતા સૂરજથી સુકાઇ જવા દેવો નહી જોઇએ અથવા તેનાં મૂળને સ્વાર્થીપણાંથી કે બીજાં કારણોથી પુરાઇ જવા દેવું નહી જોઇએ. પૃથ્વી ઉપરનો ઝરો તાજું પાણી આપેછે જેથી આસપાસ લીલોતરી અને આબાદાની ફેલાયછે તેમજ દયાનો ઝરો ગોયા બેહશ્તી અમરત વાહવેછે જેથી જો આપણે ચાહીએ તો સેંહકડો મનુષ્ય ભાઇબંધોનાં વેરાન દીલોને આબાદ કરીએ, તેઓને નાશથી બચાવીએ, તેઓનાં દુઃખો દૂર કરીએ, અને ખાકી ઇનસાન છતાં ગોયા મીનોઇ ફરેશતાનું કામ બજાવીએ.

દયાની જમીનમાંથી હુમત, હૂન્ન અને હુવરશતની જરૂર-ચોસ્તી ધર્મનીતિના પીલા છુટા અથવા સામટા ફુટેછે. કેમકે દયાથી એક કમનસીબ ભાઇબંધનું ભલું ઇચ્છવાનો વિચાર થાયછે, દયાથી તેને દીલાસાનો સખુન કહેવાયછે, અને દયાથીજ બને તેટલું તેના હકમાં ભલું કરાયછે. દયા સખાવત, પરોપકાર, વગેરેને જન્મ આપનારી માતા છે. દયામાં એક તરેહની ખુદાની શુકરગુજારીની યાદ છે. કેમકે બીજાંને જે પીડા, દુઃખ, કે તંગી છે તે આપણને નથી તે માટે તેની દયા ખાતાં આપણને ખુદાનો આભાર માનવાની યાદ તુરત પડેછે.

દયા પોતીકાં તેમજ પારકાં તરફનું વેર વીસરાવેછે કે તે સદગુણમાં ઉંચી ધર્મનીતિ છે. દયા માણસને દરગુજરવાળુ બનાવેછે. દયાથી દરગુજર કરનાર ખુદાને ઘણું મળતું આવેછે. જુઓ, આપણ માનવી જાત વારેઘડીએ આપણાં

અઘટિત કામોથી ખુદાને નાખુશ કરીએ છઇએ તોપણ તે ખાવીંદ કેવો દયાળુ છે કે તે આપણી નબળી અને પડેલી હાલત જોઇને દરગુજરથી આપણી દયા ખાયછે અને પોતાની બક્ષશો આપણથી પાછી ખેંચી લેતો નથી. એજ પ્રમાણે આપણેબી બીજાંઓની દુરદશા જોઇએ ત્યારે તેઓની ખામીઓ વીસરી જઇને દયા દેખાડવી જોઇએ.

કામ વગર માત્ર દેખાડવાની દયામાં કાંઇ માલ નથી. તે એક સુગંધ વિનાનાં ફુલ જેવી છે. નેકીની શરત એ છે કે આપણે કોઇને દુઃખ નહી દેવું એટલુંજ નહી પણ કોઇનાં દુઃખમાં દયાથી ભાગ લેવો તે જેમ વિચારથી અને વાણીથી લેવો તેમજ તેમાંથી તેને છોડવવાની કોશેશબી કરવી.

માણસજાત એક આખાં જીવતાં શરીરને મળતું આવેછે. જેમકે કોઈ મગજનું—ધર્મનીતિ, વિદ્યા વગેરેનું—ઉંચું કામ કરેછે. કોઈ બાજુનું—જાન માલનું રક્ષણ અને દેશના બંદોબસ્ત વગેરેનું—પાદશાહી તથા લશકરી કામ કરેછે. કોઇ પેટનું—ખેતી, વ્યાપાર, વગેરેનું—પોષણ પુરૂં પાડવાનું કામ કરેછે. કોઇ બીજા હુન્નરોને લગતાં કામો કરેછે. અને એઓમાં દરેક માણસને બીજાં માણસનું કામ પડેછે. ખરૂં જોતાં આપણ સર્વે એક બીજાંને આધારે છઇએ. તેથી માણસ જાત રૂપી આખાં શરીરમાં એક જણ તેનું મગજ તો એક જણ તેની બાજુ, એક જણ તેનું પેટ તો એક જણ તેના પગ, સમાન છે. હવે એક જીવતાં શરીરના એક અવયવને જો એક દરદ થાયછે તો તેથી બીજા અવયવોબી બેકરારી ભોગવેછે. તે પ્રમાણે એક મનુષ્ય ભાઇબંધને થતું દુઃખ જોઇને જેને દયા નહી લાગે તે ઇનસાન કહેવાવાને લાયક નથી.

દયા વગરનું ઇનસાન રાક્ષસ જેવું ભયંકર અને દરંદાં જેવું ડરામણું લાગેછે. નિર્દયનું દીલ પથ્થર જેવું સખત,

તેની આંખો ઉઘાડી છતાં બંધ, તેના કાનો સાંભળતા છતાં બેહરા, અને તેનું તમામ શરીર જીવતું છતાં મુરદાં જેવું છે. કેમકે તે જીવતાં પ્રાણી કરતાં અચેત પુતળાંને વધારે મળતું આવેછે. સુકાળમાં કે દુકાળમાં તે પોતાનું પાપી પેટ ભરવાની સ્વાર્થી મતલબ સીવાય બીજું કાંઈ સમજતું નથી. મરકી, રોગ, મુફલેસી, આફત, વગેરેથી બીજાંઓ ગમે તેટલાં પીડાએ તેની તે મુતલક દરકાર કરતું નથી. એથી કરીને આ ભવના તુફાની સાગરમાં તે પોતાની હોડી સલામત રાખેછે ખરૂં, પણ તેને આ જીંદગીમાં ધિક્કાર અને પેલી જીંદગીમાં પસ્તાવા સીવાય બીજું કાંઈ હાસેલ થતું નથી. બીજા હાથપર દયાળુની હાલત જુઓ! તે સુગંધાદાર મોમબતીની માફલે બીજાંઓને ખુશબો અને રોશની આપવા સારૂ ખુદ બખુદ પીગલીને જલી જતાં કેવું શોભેછે! તે જ્યારે સખુનથી દીલાસો આપતું અને હીલચાલથી ઉપાય કરતું હોયછે ત્યારે જાણે કોઈ આકાશી ફરેશતો ઉતરી આવ્યો હોય તેવો તેનો દેખાવ લાગેછે. તેને તેનું અંતઃકરણ શાબાશી આપેછે. હર જગે અને હર વખતે તેની સ્તુતી થાયછે. દયાળુના દોસ્ત વધેછે અને દુશમન ઘટેછે. એકબારગી તેની દયાને લીધે તેને ખમવું બી પડે તોપણ આ કે આવતી જીંદગીમાં તેને સુખજ થાયછે અને પસ્તાવો થતો નથી.

બ એ ત.

દયા બહુ નેકીઓનું મૂળ જાણો—
દયાળુ થઈ દિલે બહુ દાઝ આણો.

સવાલો.—દયા વિષેનો અવસ્તાનો કલામ અર્થ સહીત કહો. દયાની વધારે ખુબીઓ સમજાવો. દયાના સંબંધમાં આપણે પોતાને કેવી ટેવ પાડવી જોઈએ તે સમજાવો. દયા-

રૂપી જમીનમાંથી શું શું નીકળેછે તે સમજાવો. દયાથી દરગુજર કરનાર ખુદાને ચળગું કેમ આવેછે તે સમજાવો. ફકત દેખાડેલી દયા બસ છે ? માણસજાત અને એક આખાં શરીરના મુકાબલાથી દયાની અગત સમજાવો. દયા વગરનું ઇનસાન કેવું છે અને દયાળુ ઇનસાન કેવું છે તે તમસીલોથી વીસ્તારીને સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલીને સમજાવો.

પાઠ ૩૯ મો.

બુરાં ઉપર દયા કરવી તે બુરાઈમાં શામેલ થવા બરાબર છે.

𐬵𐬋 𐬰𐬍 𐬛𐬭𐬆𐬔𐬎𐬎𐬃 𐬌𐬋 𐬛𐬭𐬆𐬔𐬎𐬎𐬁𐬌𐬙𐬈 𐬬𐬀𐬵𐬌𐬱𐬙𐬋

હ્વો ઝી દ્રેગ્વાઓ યે દ્રેગ્વાઇતે વહિશ્તો.[૧]

અર્થ.

"ખચીત તે બુરો છે જે બુરાંને ઘણો ફાયદેમંદ."

જો કે દયાનો ગુણ ઉમદા અને ખુદાઈ છે તોપણ જરથોશ્તી દીનમાં ફરમાવ્યુંછે કે જેઓને દયા ઘટતી નથી તેઓ પર દયા કરવી નહી જોઇએ અને જેઓથી નિર્દોષોને હાણી થતી હોય તેઓનો આપણી દયામાં હીસ્સો પાડવો નહી જોઇએ. અશો જરથોસ્ત પોતાના ગાથામાં[૨] અહુરમઝદને કબૂલાત આપેછે કે હું ભલાંઓને રામશનીનો સબબ થઇશ

---

૧ યજશને ૪૬ ફ૦ ૬.

૨ યજશને ૪૩ ફ૦ ૮.

પણ બુરાંઓને ધિક્કારીશ. અવસ્તામાં જાબજા ખુની, ચોર, લુટારા, વગેરે માણસજાતને હલાક કરનારાઓ ઉપર, તેમજ વાઘ, વરૂ, સાંપ, વિચ્છુ વગેરે જીઆંગાર ખરફસ્તરો ઉપર દયા કરવાની મનાઈ કીધીછે બલકે તેઓનો નાશ કરવા ફરમાવ્યુંછે.[૧] અને તે તદન વાજબી છે, કેમકે એક બદકાર માણસની કદર બાવી અથવા એક જીઆંગાર જાનવર ઉપર દયા કરવી તે બીજાં સેંહકડોને આજાર દેવામાં મદદ કરવા બરાબર છે. દયા વગરના મુજીપર દયા કરવી તે જેહરી અઝદહાને દુધ અથવા કાંટાનાં ઝાડને પાણી પાવા જેવું છે. જે માણસ બીજાં માણસ ઉપર દયા કરે નહી તેની ઉપર આપણી દયા હરામ છે. પાપી રસ્તે પેટ ભરનારાંઓને અશક્ત કરવાને બદલે જો દયાથી જતાં મુકશો તો હલાલ મેહનતે રોજી મેળવનારાં સેંહકડોનાં ફાયદેમંદ કામોમાં ખલલ પોંહચશે. દરંદાં અથવા જેહરી જાનવરો ઉપર દયા કરશો તો ઉપયોગી માણસો તથા ગોસ્પંદોના પ્રાણ વલશે. એક સીતમગાર ઉપર રેહમ કરશો તો સેંહકડો રેહમીઓ ઉપર સીતમગારી થશે. અને એ ઉપરથી મથાળે ટાંકેલી ગાથાવાણીની સચ્ચાઈ સ્પષ્ટ રીતે જણાયછે કે બુરાંના હકમાં ફાયદો કરનાર તેની બુરાઈમાં ભાગ લેનાર થઈને તેના જેવુંજ થાયછે.

બુરાંઓ ઉપર જો દયા કરવી હોય તો તે ફકત બેજ રીતે થઇ શકે. પેહલું—તેઓની હરીફાઈ કરીને તેઓને બદી કરવાથી અટકાવવાં અને સુધારવાં. બીજું—જો તેઓ બદી કરવાનું છોડી નહી દીએ તો તેઓનો નાશ કરવો. આ બે રીતીઓ અવસ્તામાં જણાવીછે. છેલી રીતી કોઈને કદાચ સખત દેખાય તોપણ ખરેખર તો તે દયા ભરેલી છે. શરીરનો એક અવયવ જો બીગડે તો તેની તરફ દયા કર-

૧ યજશને હા ૯ મો, ઇ૦—વંદીદાદ પરગરદ ૧૪ મી, ઇ૦.

વાનો રસ્તો એ છે કે તેનો એલાજ કરીને તેને દરૂસ્ત કરવો. પણ જો તેમ નહી બની શકે અને તેનાં જેહરથી આખાં શરીરને દરદ અથવા મરણનો સંભવ થાય તો તેને એક દાના હકીમ શું કરશે? તે તેને સુકો અને અશકત કરી નાખશે, અથવા તેને કાપીને છુટો કરી નાખશે. તેજ પ્રમાણે જેઓ મનુષ્યમંડળને હાણી પોંહચાડનારાં હોય તેઓને સુધારવાં અથવા અશકત કરીને તથા જરૂર પડે તો નાશ કરીને તેઓને વધારે ગુનાહ કરવાથી છોડવવાં એ તેઓ ઉપર દયા કરવા બરાબર છે.

દયા કરવાનો પ્રસંગ આવી પડે ત્યારે માણસે પોતાને એક બાગબાનની હાલતમાં સમજીને અમલ કરવો. બાગબાન સાધારણ રીતે હમેશાં દયાળુ છે જે કુમલા નિર્દોષ છોડવાઓને ખાતર પાણી વગેરે બહુ જતનથી પોંહચાડીને તેઓને પોતાનાં પ્યારાં બચ્ચાંની મીસાલે ઉછારે છે. પણ જ્યારે તે નુકસાનકારક જીવજંતુઓ, કાંટાનાં ઝાડો, નકામા પાલા, વગેરે પોતાના બાગને ખરાબ કરતાં જુએ છે ત્યારે તે દયા કરતો નથી પણ તેઓને હમેશાં જડમૂળથી ઉખેડી કહાડે છે.

ખુદાતાળાએ આ દુનીઆની તમામ પેદાયશો ઉપર માણસને ગોયા પાદશાહી આપી છે. હવે પાદશાહની ફરજ દયા રાખીને નિર્દોષોની પાસબાની કરવાની અને જાલમો તરફ સખતાઇથી વર્તવાની છે, જે સખતાઇને માટે તેને ઠપકો મળતો નથી પણ શાબાશી મળે છે. તેજ પ્રમાણે દરએક જણે નેકો તરફ દયાથી અને બદો તરફ હરીફાઇથી વર્તવું જોઇએ.

દયાથી જાળમાં સપડાયલાં નિર્દોષ બુલબુલને છોડવવાનો સવાબ છે—કેમકે તે છુટવા પછી પોતાના સુંદર સરોદાથી સાંભળનારાંઓનાં દીલને ખુશ કરશે. પણ તેજ દયાથી જો પાંજરાંમાં સપડાયલા વાઘને છુટો કરવામાં આવે તો ગુનાહ

છે—કેમકે તે છુટવા પછી સેંહ્કડોના તોટા પીસીને લોહી પીસે, જેથી તેનાં તે ક્રૂર કામમાં તેને છોડવનાર શામેલ ગણાશે. માટે જરથોશ્તી દીન જે સિદ્ધાંત શીખવેછે તે ખરૂં છે કે "અશોઓ" યાને નેકો ઉપર દયા કરવાનો સવાબ છે કે જેઓ મોકલાં થવાથી વધારે નેકી કરી શકેછે; તેમજ "દરવંદો" યાને બદો ઉપર દયા નહી કરવીબી વાજબી છે કે તેથી તેઓ બદી ઓછી કરી શકેછે; પણ "અશો કે દરવંદ"—નેક કે બદ—ગોસ્પંદ કે ખરફસ્તર—સર્વેપર એકસરખી રીતે દયા કરવી તે એકવાર સવાબ અને બીજીવાર ગુનાહ કરવા બરાબર છે.

બએત.

દયા બદપર અવસ્તામાં મના છે—
સબબ તેનો બદોથી બસ જફા છે.

સવાલો.—"બુરાંપર દયા કરવી તે પોતે બુરાઈમાં શામેલ થવા બરાબર છે" એ બાબતનો ગાથાનો કલામ અર્થ સહીત કહો. કોણ ઊપર દયા નહી કરવી જોઇએ? અશો જરથોસ્ત એ વિષે કેવી કબુલાત આપેછે? અવસ્તામાં એ વિષે શું ફરમાવ્યુંછે? તે ફરમાન વાજબી છે તે સમજાવો. બુરાંઓ ઊપર કેટલી રીતે દયા થઈ શકે અને તે કઈ? એ રીતીઓમાં સખતાઈ છતાં તે દયા ભરેલી કેમ છે તે સમજાવો. દયા કરતી વખતે માણસે પોતાને કેવું સમજીને કામ લેવું? તેની સમજણ આપો. દુનીઆની પેદાયશોમાં માણસે પોતાની પાદશાહી કેવી રીતે વાપડવી? કેઇ દયા વાજબી અને કેઇ દયા ગેરવાજબી છે તેના થોડા દાખલા આપો. આ પાઠના નીતિસારની બએત બોલી સમજાવો.

પાઠ ૪૦-મો.

મીજાજપર કાબુ રાખવો.

[illegible]

પઇતિ-પેરેને અએશ્મેમ્ ખ્રવીદ્રુમ્.[૧]
ખશ્મ ઉ કીને રા રવાને ખેષ્ તવાહ્ મ કુની.[૨]

અર્થ

"ઘાતકી તલવાર પકડનાર **ગુસ્સા (દેવ) ની સામણે લડું.**"

"ગુસ્સા અને વેરથી પોતાનાં રવાનને ખરાબ મા કરતો."

જો કોઇનું કહેલું તમુને ગુસ્સો ઉપજાવનારૂં લાગે તો તેજ વખતે મીજાજપર કાબુ રાખીને એવું વિચારો કે કદાચ તમે બરાબર સાંભલ્યું નહી હશે, કદાચ એ વાતમાં કાંઇ ભુલ હશે.

એવા એવા વિચારોથી મીજાજને ઠંડો પાડવો અને જેમ બને તેમ મીજાજને તપાવનારી વાતને વીસરી જવી અથવા ગુસ્સે કરનારની તકસીર માફ કરવી એ એક ખુદાઇ સદગુણ છે. જુવો કે માણસજાત દરરોજ કેટલાંબધાં ખોટાં કામો કરીને ખુદાતાલાને ગુસ્સે થવાનાં કારણો આપેછે

---

૧ વંદીદાદ ૧૦, ફકરો ૧૩.

૨ આદરબાદનું પંદનામું, ફ૦ ૮૪.

તોપણ તે કેવો બરદાશત કરી જનાર છે કે તેઓ ઉપર ઉતરતી તેની બખશેશો તે હમેશાં ચાલુ રાખેછે.

જો તમે તમારા ગુનાહો ખુદાતાલા માફ કરે એવું હમેશાં ઇચ્છોછો તો તમારીબી ફરજ છે કે તમે બીજાંની તકસીરો દરગુજર કરો.

જે માણસને મીજાજપર કાબુ નહીં રાખવાની ટેવ હોયછે તે માણસ પોતે પોતાને કાંઈ થોડું નુકસાન કરતું નથી. કોઇએ મોહપર અથવા પીઠ પાછળ અપમાન અથવા નુકસાન કરીને ગુસ્સે થવાનું કારણ આપ્યું હોય તેનો વિચાર મનમાં ઘોળિઆ કરવામાં ઘણાએકો પોતાનો કીમતી વખત ગુમાવી નાખેછે અને પોતાનાં મનનાં સુખનો નાશ કરેછે. કેટલાં-એકો એવાં વેહમી હોયછે કે કાંઇબી વજુદ વગર બીજાંઓ વિષે ખોટા શક ભરેલા વિચારો કરેછે અને પોતાનાં દીલની શાંતિનો નાશ કરેછે. આ જીંદગીમાં દુઃખો અને દલગીરી દરએક જણને સરજી છે. પણ જે માણસ ખાલી વિચારોથી મીજાજને ખાટો કરેછે તે તો પોતેજ પોતાનાં દુઃખો અને દલગીરીઓમાં અણઘટતો વધારો કરેછે.

મીજાજપર કાબુ નહી રાખનાર પોતે પોતાને દુઃખી રાખેછે તે વિષે એક વાત છે કે "એકવાર એક છોકરાને કોઇએ કાંઈ કહ્યું હશે તે ઉપર વિચાર કરતાં તેને તે બહુ ખોટું લાગ્યું અને તેનાં મનમાં ગુસ્સાના વિચારો ઉઠવા લાગ્યા. તેના ઉસ્તાદે તેના ચેહરા ઉપરથી વરતી કહાડયું કે તે કાંઈ ગુસ્સો ઉપજાવનારી વાત યાદ કરીને પોતાનાં મનમાં ઘોળિઆ કરેછે. તેણે તેને કહ્યું કે 'મારી શીખામણ સાંભળો અને તમારા મીજાજપર કાબુ રાખો.' છોકરાએ પુછ્યું—સાહેબ. તમે શા ઉપરથી આ શીખામણ આપોછો ?' ઉસ્તાદે જવાબ દીધો—'તમારો ચેહરો ગવાહી આપેછે કે તમારાં

મનમાં કોઈ ગુસ્સાના વિચારો ઘોળાયા કરેછે. પણ એથી તો તમે પોતેજ પોતાને દુઃખી કરોછો.' "

પોતાના મીજાજપર કાબુ રાખવામાં ખરી પેહેલવાની છે તે વિષે એક હેકાયત છે કે " એક દહાડે એક પરહેજગાર રસ્તેથી જતો હતો તેણે એક પેહલવાનને ગુસ્સાથી પ્રાણપ્રાણ થતો જોયો તેથી કોઇને પુછ્યું કે આ પેહલવાનને શું થયું છે? પેલાએ જવાબ દીધો કે કોઇએ તેને ગાળ દીધીછે તેથી તેનો મીજાજ હાથથી ગયોછે. પરહેજગારે કહ્યું એને પેહલવાન કરી કોણ કહે? એ ઘણી મોહટી મોહટી ભારી વસ્તુઓના બોજા ખમી શકેછે પણ એક સુખુન ખમવાની શકિત ધરાવતો નથી? જે મરદ કે ઓરત પોતાના મીજાજ-પર કાબુ રાખી ન શકે તેણે પોતાને બહાદુરમાં ગણવું નહી. જેની ઉપર આપણો ગુસ્સો ઉસ્કેરાય તેનાં મોહડાંપર મુક્કી મારવાને બદલે તેનું મોહડું મીઠું કરવાથી તે પોતે પસ્તાઇને સુધરશે—તેજ તેને ઘણી ફાયદેમંદ સજા થઈ પડશે અને આપણાં મનની બહાદુરી વખણાશે. જે ઈનસાનમાં એવી મરદાનગી નહી હોય તે બહાદુર નથી, પછી તે અંગબળથી હાથીને પછાડે તો શું થયું? કહેછે કે માણસ ધરતી માતાનું બચ્ચું છે. હવે જો તેમાં ધરતી માતાને જેવી ખમવાની શકિત નહી હોય તો તે માણસજ નથી."

બએત.

કાબૂ મિજાજ પર હમેશાં રાખવા થકી,
હાસેલ થશે બહુ નફા—એ જાણવું નકી.

સવાલો.—મીજાજપર કાબુ રાખવાના અવસ્તાના તથા પાઝંદના કલામો અર્થ સહીત કહો. કોઇ આપણને ગુસ્સો ઉપજે એવું બોલે અથવા કરે ત્યારે શું કરવું? મીજાજપર

કાબુ રાખવો એ ખુદાઇ ગુણ છે તે સમજાવો. ખીજાજ્પર કાબુ રાખવાની ટેવ નહી રાખવાના ગેરફાયદા સમજાવો. ખીજાજ્પર કાબુ નહી રાખનાર પોતે પોતાને દુ:ખી કરેછે તેની એક વાત કહો. ખીજાજ્પર કાબુ રાખવામાં ખરી પેહલવાની છે તે વિષેની એક હેકાયત કહો. આ પાઠના નીતિસારની બએત બોલીને સમજાવો.

પાઠ ૪૧ મો.

તાજીમ તવાજો.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

. . . . અઝરેમ્ય વચ સ્રુયાઓ નેરેબ્યસ્ચ નાઇરિબ્યસ્ચ . . . . .[૧]

મેહાન્ રા આજર્મ્ નેક્ દારેદ્ કેહાન્ રા પ હેચ્ આઇન્ મ આજારેદ્.[૨]

અંદર્ યારાન્ એર્ તન્ ચર્વ્ હુચશ્મ્ બાષ્.[૩]

---

૧ કુસ્તી વેતરવાની નીરંગ.

૨ બનામે હોરમજદ.

૩ લગનના આશીરવાદ.

અર્થ.

" . . . . . મરદોને અથવા ઓરતોને **માનપૂર્વક વચને તું બોલજે** . . . . . ."

" (તમારેથી) ચહડતાઓને સારૂં **માન આપજો** અને ઉતરતાંઓને કોઈબી રીતે **આજુરદા મા કરતાં.**"

" તારા સાથીઓ તરફ **વિનયી, મીઠાસવાલો, અને નેક નજરવાળો થજે.**"

તાજીમ તવાજો એટલે સભ્યતા. તે અનેક કામોમાં વાપરી શકાય. જેમકે બોલવા ચાલવામાં, લખવા પઢવામાં, બેસવા ઉઠવામાં, કામકાજ કરવામાં, આપવા લેવામા, વગેરે.

કોઈને બેઠક નહી મળી હોય તો આપણે બેઠાં હોઈએ ત્યાંથી ઉઠીને તેને બેઠક આપવાથી, કોઈનો બોજો ઉપાડી લેવાથી, કોઈને જોઈતી કાંઇ ચીજ આપણી પાસે હોય તે તેને થોડાવાર વાપડવા આપવાથી, અને એવીજ બીજી અનેક રીતે કોઈને હરએક તરેહની મદદ કરવાથી, તાજીમ તવાજો બજાવેલો કહેવાય. કોઈને કાંઈ જોવાનો અટકાવ થાય તેવી રીતે તેની તરફ પીઠ કરીને નહી બેસવું અથવા નહી ઉભાં રહેવું એ એક પ્રકારનો તાજીમ તવાજો છે. આપણાં શરીરથી કોઈનાં શરીરને દબાણ, અડચણ, અથવા અગવડ નહી થાય એવી રીતે બેસવું, ઉભાં રહેવું, અથવા ચાલવું, એબી એક પ્રકારનો તાજીમ તવાજો છે. આપણે ત્યાં આવનારને આદરસત્કાર આપીને તેને સામણે લેવા જવું તથા તેને જતી વખતે પાછું મુકવા જવું એબી તાજીમનો એક પ્રકાર છે. વાટે જતાં કોઈ રસ્તો પુછે, અથવા કોઈ હરએક બીજી બાબતમાં કાંઈબી જાણવા માંગે, તેને મીઠાસથી તે જણાવવું, અને આપણે તે નહી જાણતાં હોઈએ તો તેને તે નમ્રતાથી

કહેવું, એવી સભ્યતાનો એક પ્રકાર છે. ટુકાંમાં કોઈનીવી તરફ બેઅદબી ભરેલી, જંગલી, તુંદ, તોછડાઈવાળી, અથવા અપમાન ભરેલી અને માઠું લાગે તેવી નહી, પણ તેથી ઉલટી, સારી ચાલ ચલાવવી, અને આપણથી બને તેટલું તેને ખુશી કરવાની અને મદદ કરવાની તજવીજ કરવી, તેમાં તાજીમ તવાજો અથવા સભ્યતા છે.

પુરાતન તેમજ વચલા જમાનાના ઈરાનીઓમાં તાજીમ તવાજાની ઘણી ચોંપ રખાતી હતી. પોતાથી ચહડતાંની હજુરમાં જ્યાં લગી રજા નહી મળે ત્યાં લગી ઘાગું કરીને નહીજ બેસવું એવો તેઓમાં રેવાજ હતો. કહેછે કે શાહજાદાઓ વઠીક તે પ્રમાણે ચાલતા હતા.

હરએક જણ તરફ, હરએક કામમાં, અને હરએક વખતે, તાજીમ તવાજો વાપડનાર માણસ લાયકીવાળું અને માન પામેલું થાયછે; સહુ કોઈ તેને ચહાય છે; અને એ વગેરે તેને અનેક ફાયદા થાયછે.

તાજીમ તવાજો નહી વાપડનારાંઓ નાલાયક અને બેવકર થાયછે; બીજાંઓ તેઓ તરફ કરાહીઅતથી જુએછે; એકાંતમાં અથવા મીજલસમાં તેઓની અસભ્ય વર્તણુકથી સહુનાં દીલ નાખુશ અને રંજીદા થાયછે; અને તેઓને પોતાને તેથી અનેક ગેરફાયદા થાયછે.

ઈંગ્લાંડના રાજા હેનરી બીજાએ આયરલાંડ ફતેહ કીધા પછી પોતાના છોકરા રીચર્ડને ત્યાંનો હાકેમ ઠરાવી મોકલ્યો. તેને ઘટતું રાજ્યમાન મળતી વખતે પોતાની નાદાન છોકરવણીથી તેણે એક બુજરગ અમીરની તરફ જાહેરમાં અસભ્ય વર્તણુક ચલાવીને તેની દહાડીને અપમાન આપ્યું. એથી આયરલાંડનાં લોકોએ ઉસ્કેરાઈ જઈને રાજાની સામણે

બળવો ઉઠાવ્યો. તાજીમતવાજાથી ઉલટી અસભ્ય વર્તણુકથી આવું કડવું ફળ નીપજ્યું.

બએત.

તાજીમ તવાજો ગણો ઇનસાનનું જેવર—
તાજીમ તવાજો વિના ઇનસાન ગણો ખર.

સવાલો.—તાજીમતવાજા વિષેના અવસ્તાના તથા પાઝંદના કલામો અર્થ સહીત કહો. તાજીમતવાજો એટલે શું ? તે શામાં વાપરી શકાય ? તાજીમતવાજાના પ્રકારોના કેટલાએક દાખલા આપો. તાજીમતવાજા વિષે આગળા ઇરાનીઓનો રેવાજ કેવો હતો ? તાજીમતવાજાના ફાએદા અને તેથી ઊલટી વર્તણુકના ગેરફાયદા કહો. અસભ્યતાના ગેરફાયદાનો એક દાખલો આપો. આ પાઠની નીતિની કવિતા બોલીને સમજાવો.

પાઠ ૪૨ મો.

આગલા જમાનાની જરથોશ્તી દાનાઈનાં ગોહરો.

("મીનો ખેરદ" કેતાબમાંથી.)

સવાલ—મજબુત કીલ્લો કયો છે ?

જવાબ—ખુદાની પનાહ મજબુત કીલ્લો છે.

સવાલ—નેક દોસ્ત કેવો છે ?

જવાબ—નેક દોસ્ત ભલા ભાઈ જેવો છે.

સવાલ—નામનું ઉઠાવનાર ઇનામ કોણ છે ?

જવાબ—ફરજંદ કે જે દીનદાર તે નામનું ઉઠાવનાર ઇનામ છે.

સવાલ—આનંદદાયક સોબતી ઉત્તમ કયો છે ?

જવાબ—મોહરદાર કે જે નેક અને સારા સ્વભાવની તે ઉત્તમ આનંદદાયક સોબતી છે.

સવાલ—ખુશકારક દોલત કઈ છે ?

જવાબ—દોલત તેજ ભલી અને ખુશકારક કે જે પ્રમાણિકપણે મેળવેલી, નેક રાહે ખરચેલી, અને રાખેલી.

સવાલ—તમામ મોજમાં ચહડતી મોજ કઈ છે ?

જવાબ—મોજ તેજ ઉત્તમ છે કે જે તનદુરસ્તીની, બેફીકરાઇની, આબરૂની, અને સખાવતકારીની.

સવાલ—દેહશત અથવા જુદાઇમાં જીવવું બહેતર છે કે મોત બહેતર છે ?

જવાબ—દેહશત અથવા જુદાઇમાં જીવવું તે મરવા કરતાં બહેતર છે.

સવાલ—કયાં માણસોને તવંગર ગણવાં ?

જવાબ—આ સાત માણસોને તવંગર ગણવાં—પેહલું, જે અકલે પુર; બીજું જે તને તનદુરસ્ત અને મને બેફીકર; ત્રીજું, જે મળી આવે તેપર સંતોષી; ચોથું, જેને નેકી કરવામાં સરજત મદદગાર; પાંચમું, જે ખુદાની નજરમાં અને બંદાંઓની જુબાનથી માન પામેલું; છઠું, જેનું ઇમાન ખાલેસ મઝદયસ્નની દીન ઉપર; અને સાતમું, જેને પ્રમાણિકપણે તવંગરી મેળવેલી.

સવાલ—હરએક દોલતથી બેહતર ચીજ કઈ ?

જવાબ—અકલ દુનીઆની તમામ દોલત કરતાં બેહતર છે.

સવાલ—હર ચીજ ઉપર પાદશાહ તે શું ?

જવાબ—સરજત સહુ કોઇ અને સહુ ચીજ ઉપર પાદશાહ છે.

સવાલ—જેથી કોઈ નહાસી નહી શકે તે શું ?

જવાબ—મોતના દેવથી કોઈ નહાસી નહી શકે.

(ગોથતે-ફરીઆનના કીસ્સામાંથી.)

સવાલ—કયું ઇનસાન ઘણી ખુશી અને રાહત ભરેલી જીંદગી ગુજારેછે ?

જવાબ—જે ધાસ્તી વગરનું અને સંતોષનો ખજાનો રાખનારૂં તે.

સવાલ—કયું ખાણું પીણું સ્વાદિષ્ટ અને મજેહદાર ?

જવાબ—જે ભલી કોશિશથી કમાઇને નેક કામો કરવા સાથે ખવાય તે.

સવાલ—પાહાડ કરતાં વધારે બોજા ભરેલું શું ?

જવાબ—જુઠું અને નારાસ્ત બોલવું.

સવાલ—પોલાદની છરી કરતાં વધારે ધારદાર શું ?

જવાબ—માણસોની જીભ.

સવાલ—માબાપોને મનસે મધ કરતાં વધારે મીઠું શું ?

જવાબ—ફરજંદ રોજી (પુત્રપ્રાપ્તિ).

સવાલ—સખીઓ કરતાં સખી કોણ ?

જવાબ—તેશતર તીર (મેઘરાજા).

સવાલ—કેટલી દોલત તારી ?

જવાબ—જે હું ખાઉં, જે હું પેહરૂં, અને જે હું લાયક ગરીબોને આપું તે.

પાઠ ૪૯ મો.

મુનાજાત.

(મીઝાન —ફાએલાતન્ ફાએલાતન્ ફાએલાતન્ ફાએલન્).

દાદગર દાદારે દાવર, દાદના લેનાર તું—
દસ્તગીરી કર દયાથી, દર્દીના ગમખ્વાર તું.
રાત દીન ગાફેલ અમે ગુમરાહીનાં મેદાનમે—
રેહબરી કર રેહમથી—તોફીકના દેનાર તું.
નાવ અમારી પાપ ભારે ડુબવાની છે ફિકર—
નાખુદા થા તું ખુદા, ભવ પાર લઈ જનાર તું.
અંધકાર અજ્ઞાનનો અમ પાસ વલ્યોછે ફરી—
રોશની દાનાઇની દે—ઓ નુરલ અનવાર તું.
પાપ કીચલમાં પગો ફસ્યા અમારા છે તમામ—
હાથ પકડી કહાડ ખેંચી, રેહમના ભંડાર તું.
દુષ્ટ દયાનતથી અમારાં દિલ હમેશાં દાઘદાર—
દૂર કર દાઘો બધા—પાકીજગી કરનાર તું.
લોભ ફાંદામાં ગીરફતારી, અમારી સુબહોશામ-
રસ્તગારી આપ અમને, બંધ છોડવનાર તું.

સમાપ્ત.
